Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૮ મું સંવત ૧૯૯૭
અંક ૭ મો માઘ



જામનગરનું તુંગ શિખરી

પ્રકાશકઃ—
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧. પર્વતાન્યોક્તિ. ... ... .... ... ( કવિ રેવાશંકર વાલજી બધેકા. ) ૧૭૭

૨. અન્યોક્તિનું પદ્યમાં વિવરણ... ... .... ( " " ) ૧૭૮

૩. શ્રી શ્રુતજ્ઞાન. ... ... ... ... (પં. શ્રી ધર્મવિજયજી મહારાજ ) ૧૮૦

૪. સુખદુઃખ-સમીક્ષા. .... ... ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ. ) ૧૮૪

૫. ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય : અનુવાદ... ... ( ડૉ. ભગવાનદાસ મ. મહેતા. ) ૧૯૦

૬. નિર્વિકલ્પ રસનું પાન. ... ... ... ... ... ( રા. ચોકસી. ) ૧૯૩

૭. પાપ ભારે ભરી ! નાથ મુજ નાવડી પદ્ય ... (રા ઝવેરી મૂળચંદભાઇ આશારામ) ૧૯૫

૮. સાધન સંબંધી કેટલીક વાતો... ... ... ( અનુઃ અભ્યાસી બી. એ. ) ૧૯૬

૯. ધર્મવિકાસી સુમન. ... ... ...( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ. ) ૧૯૮

૧૦. પરમાત્માનું અધિરાજ્ય (અનુવાદ). ... ... ( શ્રી ચંપતરાય જી જૈની. ) ૧૯૯

૧૧. સુધારો ... ... ... .. ... ... ... ... ૨૦૨

૧૨. વર્તમાન સમાચાર. ... ... ... ... ... ... ... ૨૦૩

૧૩. વસ્તીપત્રક માટે સૂચના. ... ... ...( શ્રી નરોતમદાસ બી શાહ. ) ૨૦૪


## અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઈફ મેમ્બરોને ભેટ.

આ સભાના અત્યાર સુધીમાં થયેલા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને આ સભા તરફથી પ્રગટ થયેલાં અનેક સુંદર ગ્રંથો ભેટ આપવામાં આવેલા છે; કારણ કે આ સભામાં લાઇફ-મેમ્બર થનાર જૈન બંધુઓને આર્થિક દૃષ્ટિએ પણ છપાતા ગ્રંથોની કિંમત સામાન્ય રાખવામાં આવતા ભેટના ગ્રંથોનો સારો લાભ મળે છે, કે જેવો લાભ બીજે મળી શકતો નથી, જે આ સભાના તે માટેના ધારાધોરણ અને રિપોર્ટનું મનનપૂર્વક વાંચન કરનાર બંધુઓ તે જાણી શકે તેવું છે.


ગયા માગશર, પોષ, માસના અંકમાં જણાવેલા ભેટના પાંચ પુસ્તકોનું પારસલ રેલ્વે તથા તે અંકોમાં જણાવ્યા પ્રમાણેનું વી. પી. આ માસની શુદ ૧૫ના રોજથી શરૂ કરવામાં આવેલ છે જે સ્વીકારી લેવા નમ્ર સૂચના છે.

ભાવનગરના લાઇફ-મેમ્બરોએ પોતાના તે ભેટના ગ્રંથો સભાએ આવી લઇ જવા અથવા તો મંગાવી લેવા નમ્ર સૂચના છે.

વાર્ષિક મેમ્બરોને તે પાંચ બુકોમાંની નં. ૩-૪-૫ ની ત્રણ બુકો ભેટ આપવાની છે, તેમણે પણ મંગાવી લેવા પ્રબંધ કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૩૮ મું : આત્મ સં. ૪૫ : વીર સં. ૨૪૬૭ : મહા :
અંક : ૭ મો : * * વિક્રમ સં. ૧૯૯૭ : ફેબ્રુઆરી :

## सद्‌बोधक साहित्य.

## पर्वतान्योक्ति.

સાહિત્યના ગ્રંથોમાં **મેરુ**પર્વતને સુવર્ણમય અને **કૈલાસ**પર્વતને રજત-(રૂપા)મય વર્ણવ્યા છે. એક ઉપદેશક કવિ એ બંને વિષે તાત્ત્વિક અને વ્યવહારિક દૃષ્ટિએ પોતાનો આંતરિક ભાવ પ્રદર્શિત કરે છે કે—

શ્લોક ( વસંતતિલકાવૃત્ત )

**किं तेन हेमगिरिणा, रजताद्रिणा वा,**
**यत्राश्रिताच्च तरवस्तरवस्त एव ।**
**मन्यामहे मलय एव यदाश्रयेण,**
**कंकोल, निम्ब कटुता अपि चंदना स्युः ॥ १ ॥**

અર્થાત્–મેરુપર્વત સુવર્ણમય હો **ततः किं** ( તેથી શું ? ) અને કૈલાસપર્વત રૂપામય હો **ततः किं** ( તેથીએ શું ? ) એ બંને સમૃદ્ધ પર્વતોનાં આશ્રિત થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેલાં એવાં (કડવા, તીખાં, ખાટાં) વૃક્ષો તો જેવા ને તેવાં જ રહ્યાં છે ને!!! અમે તો માત્ર મલયાચળ (ચંદન વૃક્ષોનો આશ્રયદાતા) પર્વતને જ પર્વત માનીએ છીએ કે જેણે પોતાની સમૃધ્ધિ(સૌરભરૂપી)થી કડવા, ખાટાં, તીખાં વૃક્ષોને પણ **ચંદનમય** કરી મૂક્યાં છે!!!

વ્હાલા વાચકવર્ગ! આ પર્વતાન્યોક્તિ જનસમાજને કેવું અસરકારક સૂચન કરી રહી છે? આપણા સમાજમાં પણ મેરુ અને કૈલાસ જેવા સંપત્તિસંપન્ન ધનાઢ્યો-ગૃહસ્થો-શ્રીમંતો અનેક વ્યકિતઓ છે, પણ જેણે પોતાની એ વિભૂતિઓથી સમાજને, સ્વદેશને, સ્વજનને, સ્વજ્ઞાતિને કે ઇશ્વરીસૃષ્ટિના કોઇપણ વિભાગને પરિપાલન કે પોષણ આપ્યું નથી, નિરાધારો તરફ હાથ લંબાવી સાથ આપ્યો નથી, દુ:ખીઓ તરફ આર્દ્ર દૃષ્ટિ કરી તેઓની સંતપ્ત આંતરડીને ઠારી નથી, પરમાર્થોનાં કામમાં પગલુંએ ભર્યું નથી, એવા શુષ્ક હૃદયના શ્રીમંતોનું જીવન જરૂર મેરુ અને કૈલાસપર્વત જેવું જ નિરર્થક છે! અને પવિત્ર જીગરથી પોતાની સમૃદ્ધિનો સદુપયોગ કરનારા સત્પુરુષો-સજ્જનવર્યોનું જીવન મલયાચળની ધન્ય સમૃધ્ધિ સમાન છે!!!

કદાચ કોઇ એવો નિરાશાવાદ રજૂ કરે કે, ધન વિના પારમાર્થિક કાર્યો શી રીતે કરી શકાય? તો તેઓને સવિનય વિદિત કરવાનું કે, માત્ર ધન (પૈસો) એ એક જ માત્ર સંપત્તિ નથી, જગતના અદલ ઇન્સાફી ન્યાયાધીશે પોતાની વિભૂતિ વિવિધરૂપે વિસ્તારેલી છે, અને તે બધી જ સત્કાર્યોમાં પ્રેરી શકાય છે. મનોબળ, બુધ્ધિવિકાસ, કાર્યદક્ષતા, દયાર્દ્ર હૃદય, શાસ્ત્રીયજ્ઞાનવિશારદતા, એ વિગેરે સત્સાધનોથી પરમાર્થ અવશ્યમેવ સાધી શકાય છે, એવા અનેક નરરત્નોનાં યશોભૂષણ નામો અદ્યાપિ મોજુદ છે-પ્રશસ્ત છે-અમર છે, અને દૃષ્ટાંતરૂપ દિવ્યતાથી દીપી રહ્યાં છે.

સજ્જનો! શ્રીમંતો! તમારે આ અમૌલિક માનવજીવન સાફલ્ય કરવું હોય, સત્કીર્તિરૂપી કમનિય કાન્તાને વરવું હોય અને આ ક્ષણિક પુદ્ગળમાં વ્યાપી રહેલા અમર આત્માને ચિરસ્થાયી સ્થાન મેળવવા ભાગ્યશાળી થવું હોય તો જરૂર જરૂર પરમાર્થ પ્રદેશના પાંથિક બનો. આ અમૂલ્ય માનવજન્મ કૃતકૃત્ય કરવો હોય તો પ્રભુએ આપેલી સમૃધ્ધિનો સદુપયોગ કરી લ્યો. "કોણે દીઠી કાલ?"

મધમાખીઓની પેઠે પાછળથી પસ્તાવો (હૃદયબળાપો) જીવનની અંતિમ ઘડીએ ન થાય, માટે ચેત! માનવ ચેત! કિં બહુના?

## ઉપરની અન્યોક્તિનું પદ્યમાં વિવરણ.

દોહરો.

સમૃધ્ધિ-સંપત્તિનો, વિગતે થવા વિકાસ;
અન્યોક્તિથી સૂચવે, आत्मानंद प्रकाश ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસંતતિલકા વૃત્ત.

વાંચ્યો સુવર્ણમય મેરુ નગાધિરાજ,
કૈલાસનો પણ રૂપામય સર્વસાજ;
કિન્તુ અરે ! હૃદયમાં અતિ ગ્લાનિ થાય,
(એ) સમૃધ્ધિથી સુખ ન આશ્રિતને જણાય ! ! ! ૧

શ્રીમંત સર્વ પ્રતિ છે કવિની વિનંતિ,
જેને હૃદે અરર છે ન દયા દ્રવંતી;
સંપત્તિ સર્વથકી માત્ર સ્વપિંડ પોષ્યો !
શાણો પ્રભુ, નહીં ગણે ઉર ક્ષમ્ય દોષો. ૨

સ્વજ્ઞાતિનું, સ્વજનનું, નિજ જન્મભૂનું,
કલ્યાણ સાધ્યું નહીં, તો શિર ઋણ જૂનું;
છે ચંચળા સકળ સમૃધ્ધિ-સંપત્તિઓ;
સાધો પરાર્થ, નિત્ય બોધ કરે યતિઓ. ૩

આયુષ્ય આ ક્ષણપ્રતિક્ષણ ચાલ્યું જાએ,
વિદ્યુત્પ્રભા જલતરંગ સમું જણાએ;
આબાદ છે શરીરપીંજર ત્યાં સુધીમાં,
છે સાક્ષી આત્મનિજ દેહરૂપી મઢીમાં. ૪

સમૃધ્ધિ છે સકળ **ચાંદની ચાર દીની**,
પશ્ચાત્ ઘોરતમ છે, ઉરમાંહી માની;
આ બોધ વાકયતણી **ધન્ય ઘડી** ગણી લ્યો,
પરમાર્થ કાર્ય કરવાનું હૃદે જડી લ્યો. ૫

દોહરો.

પવતની અન્યોક્તિ આ, માર્ગ સૂચવે આમ;
હજી બાજી છે હાથમાં, કરી લ્યો રૂડાં કામ. ૧

ભાવનગર-વડવા
સં. ૧૯૯૭ મકરસંક્રાન્તિ
તા. ૧૪-૧-૪૧ ભોમ

લી. સન્માર્ગસૂચક,
**રેવાશંકર વાલજી બધેકા**
**નીતિધર્મોપદેશક-ઉજમબાઇ કન્યાશાળા,**
**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખકઃ—શાસનપ્રભાવક આ. શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી પ્રશિષ્ય
પં. શ્રી ધર્મવિજયજી ગણિ.

# શ્રી શ્રુતજ્ઞાન.

[ ગતાંક પૃષ્ઠ ૧૦૩ થી શરૂ. ]

## [ અવાન્તર-સમ્યગ્દર્શનનાં શમ-સંવેગાદિ લક્ષણોનું સ્વરૂપ. ]

મોક્ષના બીજભૂત સમ્યગ્દર્શન ગુણ આત્મામાં ઉત્પન્ન થયો છે કે કેમ? તે જેનાવડે જાણી શકાય તેને સમ્યગ્દર્શનના લક્ષણો કહેવામાં આવે છે. ધ્વજવડે જેમ મંદિરનું જાણપણું થાય છે, ધૂમાડાથી અગ્નિનું જેમ જ્ઞાન થાય છે તે પ્રમાણે આગળ કહેવાતા શમસંવેગાદિ લક્ષણોવડે આત્મામાં સમ્યગ્દર્શન ગુણ ઉત્પન્ન થયાનું જાણી શકાય છે. વર્ત્તમાનમાં તીર્થંકરમહારાજા, કેવલીભગવંત, મનઃપર્યાયજ્ઞાની, અવધિજ્ઞાની, શ્રુતકેવલી વિગેરે સાતિશયજ્ઞાનીઓનો અભાવ છે. જો તીર્થંકરમહારાજાદિ વિશિષ્ટ વ્યક્તિઓનો સદ્ભાવ હોય તો તો તેમને પૂછીને સમ્યગ્દર્શનાદિ ગુણોત્પત્તિ માટે નિશ્ચય કરી શકાય, પરંતુ કાલદોષને અંગે તે વિશિષ્ટ વ્યક્તિઓના વિરહપ્રસંગે સમ્યગ્દર્શનાદિ ગુણોત્પત્તિ માટે અનુમાન કરવાનું સાધન આગળ કહેવાતા શમસંવેગાદિ લક્ષણો જ છે. અર્થાત્ જે ભાગ્યવાન્ આત્મામાં આ શમ-સંવેગાદિ લક્ષણો છે તે આત્મા સમકિતવંત હોઇ શકે છે. શમ, સંવેગ, નિર્વેદ, અનુકમ્પા અને આસ્તિક્ય એ સમ્યગ્દર્શનના પાંચ લક્ષણો પૈકી ક્રમશઃ એક એકનો વિચાર કરીએ.

**શમઃ**–શમ, પ્રશમ, ઉપશમ ઇત્યાદિ પદો લગભગ સમાન અર્થવાળા સમજવા. ગુસ્સો આવવાનું નિમિત્ત હોય કે ન હોય છતાં ક્રોધમોહનીયના ક્ષયોપશમાદિથી જે ક્ષમા ધારણ કરવી તેનું નામ 'શમ' છે. સામાન્ય રીતિએ વિચારીએ તો આપણને જણાશે કે–જગતવર્તી નાના મોટા સર્વ સરાગી જીવો ઉપરથી પ્રાયઃ શાંત જેવા દેખાતા હોય, પરંતુ નિમિત્ત મળતાં તુર્ત જ એકદમ ઉગ્ર ગુસ્સો આવી જાય છે. આવી પરિસ્થિતિમાં સમ્યગ્દર્શન ગુણ સંભવી શકતો નથી. કોઇ વ્યક્તિએ આપણું બગાડયું હોય, નુકશાન કર્યું હોય છતાં પણ તેવા અપરાધી ઉપર ગુસ્સો ન કરતાં ક્ષમાભાવ ધારણ કરવો તેનું નામ 'શમ' છે. આવા પ્રસંગે હૃદયમાં એ વિચારણા આવે કે–ચેતન! તારું બગડવું અથવા ન બગડવું તે અન્ય કોઇ વ્યક્તિના તાબાની વાત નથી, અન્ય વ્યક્તિ તો તેમાં યત્કિંચિત્ નિમિત્ત બની શકે છે, વસ્તુતઃ વિચારાય તો બગડવા–ન બગડવામાં પોતાનો આત્મા જ મુખ્ય કારણ છે. આત્મામાં તેવા પ્રકારના કોઇ દૃઢ કર્મ બંધાયા હશે તો ગમે ત્યાંથી ગમે તે નિમિત્ત મળવા સાથે અવશ્ય તે કર્મનું ફલ ભોગવવું પડશે, આવી શુભ વિચારણાદ્વારા ક્રોધાદિ કષાયોના કડવા ફળોનાં ચિંતનપૂર્વક જે ક્ષમાભાવ રાખવો તેનું નામ પ્રશમ છે. જે માટે ભગવાન્ હરિભદ્રસૂરિ મહારાજાએ જણાવ્યું છે કે—

**पयइए व कम्माणं वियाणिउं वा विवागमसुहंति ।
अवरद्धेऽवि न कुप्पइ, उवसमतो सव्वकालंपि ॥१॥**

ભાવાર્થઃ–"સમ્યગ્દર્શનજન્ય તથાપ્રકારના સ્વભાવથી જ અથવા કર્મના અશુભ ફળોને જાણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાથી હંમેશા અપરાધી-ગુન્હેગાર ઉપર પણ ક્રોધ ન કરે, કિંતુ ક્ષમાભાવ રાખે તેને 'પ્રશમ' કહેવાય છે."

**संवेग:**–'संवेगो मोक्षाभिलाषः' સંવેગ એટલે મોક્ષની અભિલાષા, અર્થાત્ શુભ કર્મના ઉદયથી પ્રાપ્ત થતી ચક્રવર્ત્તીપદવી ઇન્દ્ર-પદવી, રાજાધિરાજપણું અથવા તેવા પ્રકારના કોઇપણ પૌદ્ગલિક સુખો અશાશ્વતા છે–સાવ-સાન છે. જ્યાં સુધી શુભ કર્મોદય ચાલુ હોય ત્યાં સુધી એ સર્વ પૌદ્ગલિક સુખોનો આનંદ યત્કિંચિત્ અનુભવાય છે; પરંતુ પુન્યોદય પૂર્ણ થવાની સાથે પાપનો ઉદય શરૂ થાય એટલે તૂર્ત એ યત્કિંચિત્ ક્ષણિક આનંદ અનુભવાતો હતો તે ચાલ્યો જાય છે અને તેને બદલે દુઃખનો અનુભવ શરૂ થાય છે, અને એથી જ અનંતજ્ઞાની મહર્ષિઓએ પૌદ્ગલિક સુખને સાચું સુખ ગણ્યું નથી. સાચું વાસ્તવિક સુખ તો તેને જ કહી શકાય કે જે સુખ પ્રાપ્ત થયા બાદ કોઇ પણ વખતે વિનાશ ન પામે. આવું સાચું સુખ ચાર ગતિરૂપ સંસારમાં કયાંઈ પણ નથી. ફકત હોય તો એક મોક્ષમાં જ છે. મોક્ષમાં ગયા બાદ જન્મ નથી, જરા નથી, મરણ નથી, આધિ, વ્યાધિ, ઉપાધિ પણ નથી; કારણ કે એ સર્વ દુઃખપરંપરાનું મૂળ કર્મ છે. અને કર્મનો સર્વાંશે ક્ષય થાય ત્યારે જ આત્મા મુક્તિપદને પ્રાપ્ત કરે છે. આવા અક્ષય અનંત સુખના સ્થાનભૂત મોક્ષની જે અભિલાષા તેનું નામ 'સંવેગ' છે.

આવી મોક્ષસુખની અભિલાષા આત્મામાં ત્યારે જ પ્રગટ થાય કે–જ્યારે સંસારના સુખ ઉપર આત્માને તિરસ્કારબુધ્ધિ પેદા થાય. જ્યાં સુધી સંસારનાં સુખ ઉપર આત્માને અનુરાગ છે, સંસારના સુખને જ જે આત્મા સાચા સુખ તરીકે માની બેઠો છે ત્યાં સુધી તે આત્માને મોક્ષસુખની અભિલાષા પ્રગટ થઇ શકતી નથી અને જ્યાં સુધી મોક્ષસુખની અભિલાષા પ્રગટ ન થાય ત્યાં સુધી તેને લાયક પ્રવૃત્તિમાં આત્માને જોડી શકાતો પણ નથી. વિષ્ઠાના દુર્ગંધી કાદવમાં આનંદ માનનારા ભુંડને જેમ વિવિધ વર્ણના-સુગંધથી મ્હેકી ઉઠતા પુષ્પના બગીચામાં જવાની લેશ માત્ર ઇચ્છા થતી નથી તે પ્રમાણે જ આ આત્મા-ને જ્યાં સુધી ભવાભિનન્દીપણું ગળે વળગ્યું છે ત્યાં સુધી મુક્તિના પરમ આનંદનો આસ્વાદ લેવાની રુચિનો લેશ પણ આવિર્ભાવ થતો નથી. જ્યાં સુધી મોક્ષસુખની હૃદયગત સાચી અભિલાષાનો આવિર્ભાવ ન થાય ત્યાં સુધી સંવેગ નામના બીજા લક્ષણના અભાવે સમ્યગ્દર્શન ગુણ પણ તે આત્માથી ઘણો વેગળો છે. સંવેગનું સ્વરૂપ સમજાવતા ભગવન્ હરિભદ્રસૂરિ મહારાજા જણાવે છે કે–

**नरविबुहेसरसोक्खं चिय भावतो उ मन्नंतो ।**
**संवेगतो न मोक्खं मोत्तूणं किंचि पत्थेइ ॥१॥**

ભાવાર્થ ઉપર કહેવાય ગયો છે

**निर्वेद:**—' **निर्वेदो भववैराग्यम्** ' નિર્વેદ એટલે સંસાર ઉપરથી વિરક્તપણું બીજા સંવેગ નામના લક્ષણમાં મોક્ષની અભિ-લાષાની મુખ્યતા જણાવી. ત્રીજા આ નિર્વેદસંજ્ઞક લક્ષણમાં ભવ–સંસારથી વિરક્તપણાની પ્રધાનતા જણાવાય છે. જરા બારીકાઇથી વિચારવામાં આવે તો શમસંવેગાદિ પાંચે લક્ષણો પરસ્પર સંબંધ-અપેક્ષાવાળા છે, તેમાં પણ સંવેગ અને નિર્વેદ એ બન્ને લક્ષણો તો અંગતમિત્રોની માફક ગાઢ સંબંધવાળા છે. સંવેગ વિના નિર્વેદ હોઇ શકે નહિં અને નિર્વેદ વિના સંવેગ પણ પ્રાયઃ અસંભવિત છે. સંવેગ એટલે મોક્ષની અભિલાષા અને નિર્વેદ એટલે સંસારથી વિરક્તપણું. આ બન્ને વ્યાખ્યા ઉપર વિચાર કરાય તો મોક્ષની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભિલાષા સિવાય સંસારથી વિરક્તપણું ન હોય અને સંસારથી વિરક્તપણું જ્યાં સુધી ન આવે ત્યાં સુધી મોક્ષની અભિલાષા પ્રાપ્ત ન થાય. માટે જ આ બન્ને લક્ષણોને પરસ્પર સાપેક્ષ ગણવામાં આવ્યા છે.

નરકપ્રભૃતિ ચતુર્ગતિક સંસાર કેવળ દુઃખમય છે, સ્વોપાર્જિત કર્મને પરાધીન પડેલાં જીવો સંસારમાં અનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે. નરકગતિમાં ક્ષેત્રજ વેદના–અન્યોન્યકૃત વેદના તેમ જ પરમાધામિકૃત વેદનાઓ એવી તો દુઃસહ્ય અને ભયંકર હોય છે કે શાસ્ત્ર–સિધ્ધાન્તોમાં જે વેદનાઓનું વર્ણન વાંચતા ભવ્યાત્માઓનાં હૃદય કંપી ઊઠે છે. તિર્યંચગતિમાં પરાધીનતા અને ક્ષુધા–તૃષાદિનું દુઃખ પ્રત્યક્ષ જોવામાં આવે છે. મનુષ્યગતિમાં દાસપણું–દરિદ્રપણું ઇત્યાદિ દુઃખો નજરોનજર અનુભવાય છે, દેવગતિમાં પણ ઇર્ષ્યાના કારણે નિરંતર પ્રાયઃ સુખનો અભાવ જ છે. મનુષ્ય તથા દેવગતિમાં જે યત્કિંચિત્ પૌદ્ગલિક સુખ દ્રશ્યમાન થાય છે તે પણ પ્રાન્તે વિનાશી હોવાથી સુખ પણ દુઃખરૂપે જ ગણાય છે. એકાન્ત સુખ શિવપદ સિવાય બીજે ક્યાંય પણ નથી. દુઃખથી ભરેલો આ ચતુર્ગતિક સંસાર વસ્તુતઃ કારાગૃહ ( કેદખાના ) સરખો છે. સમકિતવંત ભવ્યાત્મા તો ક્ષણે ક્ષણે એક જ ચાહના રાખે છે કે ક્યારે આ દુઃખમાંથી મુક્ત થાઉં અને મોક્ષપ્રાસાદ ઉપર ચઢવા માટે નિસરણી સરખી વિરતિવનિતાની આરાધના કરું. ન્યાયાચાર્ય ન્યાયવિશારદ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ પણ સમકિતના સડસઠ બોલની સજ્ઝાયમાં સાદી અને સરલ ભાષામાં સમજાવે છે કે–"નારક ચારક સમ ભવ ઉભગ્યો.

**તારક જાણીને ધર્મ–સુગુણ નર,**
**ચાહે નીકળવું નિર્વેદ તે;**

**ત્રીજું લક્ષણ મર્મ–સુગુણ નર,**
**શ્રી જિનભાષિત વચન વિચારીએ.**

જ્યાં સુધી ભવની ભયંકરતા આત્માને ન સમજાય ત્યાં સુધી આત્માને તેમાંથી છૂટવાની ઇચ્છા પણ ન થાય. " સર્પ, વિષ, અગ્નિ વિગેરેનો સંબંધ પ્રાણઘાતક છે " એ પરિસ્થિતિ સમજવામાં આવતાં જેમ તેનાથી દૂર રહેવામાં જ સંસારી જીવો સુખશાંતિ માને છે તે પ્રમાણે જન્મ, જરા, મરણાદિ દુઃખોથી સંપૂર્ણ ભરેલા આ સંસારમાં લેશ પણ શાંતિનું સ્થાન નથી. સાચું શાંતિનું સ્થાન પ્રાપ્ત કરવાનું અનન્ય સાધન અને સંસારથી ત્રાસ પામેલા આત્માઓને સાચું શરણ આપનાર જો કોઈ પણ હોય તો ચારિત્રધર્મ જ છે એવા પ્રકારનું વાસ્તવિક જ્ઞાન થાય અને ભવસમુદ્રની ભયંકરતા ભાસે ત્યારે જ તેમાંથી મુક્ત થવાપૂર્વક ચારિત્ર ગ્રહણ કરવાની તીવ્ર ભાવના જાગે છે. અને એવી તીવ્ર ભાવના જે જાગૃત થવી તે જ નિર્વેદ નામનું ત્રીજું લક્ષણ છે.

**અનુકમ્પાઃ**–એટલે દયા. આ અનુકમ્પા-દયા બે પ્રકારની છે. એક દ્રવ્યદયા અને બીજી ભાવદયા. જગતમાં કોઇ પણ દુઃખી પ્રાણીને દેખતાં દયાભાવનાથી તે પ્રાણીના દુઃખને દૂર કરવાની અભિલાષા જાગવી અને યથાશક્તિ તન, મન અને ધનથી તેના દુઃખને દૂર કરવા માટે પ્રયત્ન કરવો તેનું નામ '**દ્રવ્યદયા**' છે. અહિં એટલું અવશ્ય ધ્યાનમાં રાખવું જે જગતવર્ત્તિ સર્વ દુઃખી પ્રાણીઓનાં દુઃખોને દૂર કરવાની કોઇનામાં શક્તિ હોતી નથી. અનન્ત બલના ધણી તીર્થંકરભગવંતો પણ સર્વ દુઃખી આત્માઓનાં દુઃખો દૂર કરવા માટે સમર્થ થતા નથી, કારણ કે તીર્થંકર ભગવંતમાં તો તે શક્તિ છે; પરંતુ તે દુઃખી પ્રાણીનાં કર્મ એવાં નિબિડ હોય છે કે જિનેશ્વર દેવ જેવા પરમોત્કૃષ્ટ આલંબનનો લાભ લેવા તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માઓ સજ્જિભૂત થઇ શકતા નથી. તાત્પર્ય એ છે કે-તે દુ:ખી પ્રાણીનું દુ:ખ દૂર થવું ન થવું તે તેના તિવ્ર-મન્દ કર્મને આધીન છે; પરન્તુ દુ:ખી આત્માને દેખતાં હૃદયમાં કરુણા-બુધ્ધિ પેદા થવા સાથે તેના દુ:ખને દૂર કરવા માટે યથાયોગ્ય જે પ્રયત્ન કરવો તેનું નામ દ્રવ્યાનુકમ્પા છે. સાચો દુ:ખી આત્મા નજરમાં આવે અને કરુણાબુધ્ધિ પેદા ન થાય તેમજ સામર્થ્ય છતાં દુ:ખ દૂર કરવાનો પ્રયત્ન ન થતો હોય તેવા આત્માઓ દ્રવ્યાનુકમ્પાથી રહિત છે, અને તેના અભાવે સમ્યગ્દર્શનનો પણ પ્રાયઃ તે આત્માઓમાં અસંભવ હોય છે.

**भावानुकम्पा:**-દ્રવ્યદયામાં વર્તમાનમાં દેખાતા દુ:ખને જોઇને કરુણાબુધ્ધિ પેદા થવા સાથે તે દુ:ખને દૂર કરવા માટે યથાશક્તિ આત્મિક બળ ફોરવવાનું જણાવ્યું. જ્યારે આ ભાવાનુકમ્પામાં ભવોભવનાં દુ:ખને દૂર કરવાની ભાવનાનું ધ્યેય રહેલું છે. જગતમાં દુ:ખની પ્રાપ્તિનું કારણ આત્માએ પોતેજ બાંધેલા અને અનાદિકાળથી આત્માની સાથે એકાકારપણે પરિણમેલા કર્મો છે. એ કર્મોનો જ્યાં સુધી નિર્મૂળ ક્ષય કરવામાં ન આવે ત્યાં સુધી જગતનાં પ્રાણીઓને જન્મજરા-મરણાદિ ભિન્નભિન્ન પ્રકારની દુ:ખસંતતિને ભોગવટો કરવો જ પડે છે. કર્મોનો નિર્મૂળ ક્ષય કરવા માટે અનંતજ્ઞાની જિનેશ્વરદેવોએ ચારિત્ર-ધર્મનેજ સમર્થ કહેલો છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન વિના ચારિત્રધર્મ આત્માને સ્પર્શી શકતો નથી, એટલે કે સમ્યગ્દર્શનાદિ રત્નત્રયી એ જ કર્મનો નિર્મૂળ ક્ષય કરવાનું પરમ સાધન છે અને મોક્ષપ્રાપ્તિનું અસાધારણ કારણ છે. આવી સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીથી રહિત અને તેથી જ ભવપરંપરામાં પરિભ્રમણ કરવા સાથે ત્રિવિધ સંતાપનો અનુભવ કરતા દુ:ખી આત્માઓને દેખતાં જે ઉચ્ચ આત્માના અંતરમાં એવી ઇચ્છા પ્રગટ થાય કે-આ આત્માઓને હું સમ્યગ્દર્શ-નાદિ રત્નત્રયીના આરાધક બનાવી શાસનરસિક કેમ બનાવું; એટલું જ નહિ પણ એવી ઇચ્છા પ્રગટ થવા સાથે તે ભાવના-ઇચ્છાને સફળ બના-વવા માટે અહર્નિશ યથાશક્તિ બળ-વીર્યનો જે ઉપયોગ થાય તેનું નામ **ભાવાનુકમ્પા-ભાવદયા** છે.

મહાનુભાવ તીર્થંકરમહારાજાએ રાજ્યઋધ્ધિ પ્રમુખ સમગ્ર ઐશ્વર્યનો ત્યાગ કરીને મોક્ષ-પ્રાપ્તિના અનંતર કારણભૂત સર્વવિરતિ-ચારિત્રનો જે સ્વીકાર કરે છે તેમાં કરુણાસિન્ધુ તે પર-માત્માનું એ જ મુખ્ય ધ્યેય હોય છે કે-જગતની અંદર નિરંતર વિવિધ દુ:ખોથી પીડાતા જીવોના દુ:ખને દૂર કરનાર ચારિત્રધર્મમય આખું ય જગત્ કેમ બને? પૂજામાં આપણે બોલીએ છીએ કે-" સવિ જીવ કરું શાસનરસી, એસી ભાવદયા મન ઉલ્લસી." તત્ત્વાર્થસૂત્રના પ્રણેતા ભગવાન્ ઉમાસ્વાતિ મહારાજા પણ આ જ વસ્તુને જણા-વતાં કહે છે કે

**जन्मजरामरणार्त्तं जगदशरणमभिसमीक्ष्य निःसारम।**
**स्फीतमपहाय राज्यं, शमाय धीमान् प्रवव्राज ॥१॥**

**ભાવાર્થ**—સાર વિનાના, શરણુ વિનાના અને જન્મ-જરા-મરણુના દુ:ખથી પીડાતા એવા સમગ્ર જગતને સારી રીતે જોઇને (જગતની અને પોતાની) શાંતિ માટે સમૃધ્ધિમય રાજ્યનો ત્યાગ કરી મતિ, શ્રુત, અવધિ એ ત્રણ જ્ઞાનથી યુકત એવા ભગવંતે ચારિત્ર અંગીકાર કર્યું.

આ ભાવદયામાં એટલી બધી શકિત છે કે તે ભાવદયા જો પરાકાષ્ઠાએ પહોંચે તો યાવત્ ત્રિભુવનપૂજ્ય શ્રી તીર્થંકરનામકર્મનો નિકા-ચિત બંધ કરાવે છે. સમ્યગ્દર્શન સિવાય ઉપર જણાવેલ દ્રવ્યદયા તથા ભાવદયા આત્મામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લે૦ આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

# સુખ દુઃખ–સમીક્ષા.

સુખના માટે અનાદિકાળથી વૈષયિક પ્રવાહમાં તણાતું જગત, અનેક પ્રકારના પ્રયત્નો કરવા છતાં પણ પરિણામે સુખની ભૂખ ભાંગી શકયું નથી. દુનિયાની દૃષ્ટિમાં કહેવાતા ધનવાનોએ અત્યંત પરિશ્રમ વેઠીને લાખો અને કરોડોની સંખ્યામાં ધનના ઢગલા કર્યા અને સુખને શોધ્યું પણ ન જડયું ત્યારે દૃશ્ય જગતમાં સુખ શોધનારાઓનું અનુકરણ કરીને સુખશૂન્ય ધન ને બાગ, બંગલા, મોટર, વસ્ત્ર, ઘરેણાં આદિના રૂપમાં ફેરવીને સુખ શોધ્યું તો પણ છેવટે નિરાશા જ મળી અને દુઃખી અવસ્થામાં દુનિયાને છોડીને ચાલતા થયા. સંસારમાં માનવીઓને કોઈ ને કોઈ પ્રકારની બક્ષીસ મળેલી જ હોય છે અને તેનો ઉપયોગ તેઓ ઘણું કરીને સુખ મેળવવાને કરે છે; કારણ કે કેવળ બક્ષીસ મળવા માત્રથી જ તેઓ કાંઇ સુખ માનતા નથી; પણ મળેલી બક્ષીસથી બીજાઓના મનરંજન કરીને તેમની પાસેથી ઇંદ્રિયોના અનુકૂળ વિષયોને મેળવીને સુખ માને છે. સંગીતની બક્ષીસવાળો બીજાને પોતાની સંગીતની કળાથી રીઝવીને ખુશ કરે છે અને તેમની કરેલી પ્રશંસા સાંભળીને રાજી થાય છે, તેમજ બીજાએ ખુશ થઈને આપેલા દ્રવ્યથી મનગમતાં વૈષયિક સુખના સાધનો મેળવીને પોતાને સુખી માને છે.

---

ઘટી શકતી નથી, માટે જ દ્રવ્ય–ભાવદયાને સમ્યગદર્શનનું ચતુર્થ લક્ષણ જણાવેલ છે. ( હવે આસ્તિકય નામનું પાંચમું લક્ષણ વિચારીએ ).

( ચાલુ )

---

તેવી જ રીતે વિદ્યાની બક્ષીસવાળો વિદ્વાન્ પોતાની વિદ્વત્તાની કળાથી બીજાના મનનું આકર્ષણ કરીને પોતાની ક્ષુદ્ર વિષય–વાસનાઓને પૂરી કરે છે અને પોતાને સુખી માને છે. આ જ પ્રમાણે રૂપ, બળ, ધન વિગેરે વિગેરેની બક્ષીસવાળાઓ પોતાને મળેલી કુદરતી બક્ષીસોદ્વારા વૈષયિક વાસનાઓને તૃપ્ત કરીને સુખ માને છે, છતાં પરિણામે આ બધાયની ખાંડની ચાસણી ચઢાવેલા ઉંટના લીંડાને ચૂસવા જેવી અવસ્થા થાય છે, અર્થાત ઉંટના લીંડા ઉપર ખાંડ ચઢાવીને બનાવેલા લાડુને મોમાં મૂકવામાં આવે તો પહેલાં ખાંડનું પડ હોય ત્યાં સુધી તો મીઠું લાગે પણ ખાંડ ઓગળી ગયા પછી પાછળથી છાણનો નિરસ સ્વાદ આવે છે તેમ પૌદ્ગલિક વસ્તુઓમાં મગ્ન રહીને વિષયોમાં સુખ માનનારાઓ છાણના ગોળા જેવા દુઃખના પિંડ ઉપર ખાંડના લેપના જેવા સુખાભાસને ચાખીને કાંઈક સુખ માને છે, પરંતુ ક્ષણવાર સુખ માન્યા પછી ઘણા કાળ સુધી દુઃખનો જ અનુભવ કરે છે.

વૈષયિક સુખ સચેતન અથવા અચેતન જડવસ્તુઓને આધીન રહેલું છે, અને તે ઇંદ્રિયો સાથે પૌદ્ગલિક વસ્તુઓનો સંબંધ થવાથી ઉત્પન્ન થાય છે ત્યારે આત્મા પોતાને સુખી હોવાનું અભિમાન ધરાવે છે. વાસ્તવિકમાં પૌદ્ગલિક વસ્તુઓનો ઇંદ્રિયો સાથેનો સંબંધ-સ્વરૂપથી સુખ નથી, પરંતુ સંસારવાસીઓએ કલ્પનાથી નિર્ણીત કરેલું ઉપાધિજન્ય સુખા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાસ છે. આ બધુંયે હોય છે તો દુઃખસ્વરૂપ પણ અજ્ઞાનતાથી સુખ માનવામાં આવે છે, કે જે પરિણામે દુઃખસ્વરૂપે પ્રગટ થાય છે ત્યારે માનવી નિરાશા બતાવે છે.

હું સુખી નથી માટે સુખ મેળવું એવી ઈચ્છાથી પ્રાણી જે પૌદ્ગલિક વસ્તુઓ મેળવવા પ્રયાસ કરે છે તે એક પ્રકારની ભ્રામક પ્રવૃત્તિ છે, કારણ કે સ્વરૂપથી સુખ પોતાની પાસે હોવા છતાં પૌદ્ગલિક વસ્તુઓમાં સુખનો આરોપ કરે છે કે જેથી કરીને તેને તે વસ્તુઓમાં સુખની ભ્રમણા ઉત્પન્ન થાય છે એટલે તે પૌદ્ગલિક વસ્તુઓમાં જ સુખ છે, એવી દૃઢ શ્રદ્ધાવાળો થવાથી પોતે સુખી થવા પૌદ્ગલિક વસ્તુઓની હંમેશાં ચાહના રાખે છે, અને પ્રયત્ન કરીને મેળવે પણ છે; પરંતુ ક્ષણવિનશ્વર સંયોગી વસ્તુઓનો છેવટે વિયોગ થતાં મિથ્યાજ્ઞાન અને શ્રદ્ધાના અંગે પોતાને સુખશૂન્ય માનીને પરિણામે દુઃખી થાય છે.

હું સુખસ્વરૂપ છું. મારી પાસે જ સુખ છે, માટે સુખી થવા મારે કોઈપણ પ્રકારના જડ પદાર્થોની જરૂરત નથી, આવા પ્રકારની પોતાનામાં જ સુખની શ્રદ્ધાવાળા આત્માને પૌદ્ગલિક વસ્તુઓ મેળવવાની ઈચ્છા જ થતી નથી અને અજ્ઞાન અવસ્થામાં સંઘરેલા સુખસ્વરૂપને ઢાંકનારા કર્મના પુદ્ગલોથી મૂકાવાનો પ્રયાસ કરે છે.

વૈષયિક સુખોમાં ઇચ્છાઓની વિદ્યમાનતા હોય છે જ્યારે આત્મિક સુખમાં ઈચ્છાઓનો અભાવ હોય છે. જો કે આત્મસ્વરૂપ સુખ પ્રકટ કરવાની ઈચ્છા થાય છે પણ તે એક નામની જ ઈચ્છા હોય છે; સ્વરૂપથી તો તે અનિચ્છા જ છે, કારણ કે કૃત્રિમ અને અકૃત્રિમ બંને પ્રકારના સુખની ઇચ્છાઓની ભાવનામાં ઘણી જ ભિન્નતા હોય છે. વૈષયિક સુખની ઈચ્છામાં ઇષ્ટ પૌદ્ગલિક વસ્તુઓને ગ્રહણ કરવાની ભાવના હોય છે ત્યારે આત્મિક સુખની ઇચ્છામાં પૌદ્ગલિક વસ્તુઓને ત્યાગવાની ભાવના હોય છે. આવા અકૃત્રિમ સુખના ઈચ્છુકને પૌદ્ગલિક વસ્તુઓના સંયોગવિયોગમાં ઇષ્ટાનિષ્ટપણું હોતું નથી, પુણ્ય કર્મના ઉદયથી થતા અનુકૂળ સંયોગોમાં રાજી થઈને સુખ માનતો નથી અને પાપકર્મના ઉદયથી થતા પ્રતિકૂળ સંયોગોમાં નારાજ થઈને દુઃખ માનતો નથી.

જેમ સુખ આત્માનો સ્વભાવ છે તેમ દુઃખ કોઇનો સ્વભાવ નથી પણ વિભાવ છે, અર્થાત્ ભિન્ન જાતિ ગુણ અને ધર્મવાળા બે દ્રવ્યોના સંયોગથી ઉત્પન્ન થયેલી વિકૃતિ છે, અને તે સુખસ્વરૂપે હોય છે અને દુઃખસ્વરૂપે પણ હોય છે, કારણ કે સાચા સુખથી અણજાણ પુદ્ગલાનંદી જીવોમાંનાં કેટલાક વિકૃતિને સુખ માને છે ત્યારે કેટલાક દુઃખ માને છે પરંતુ તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરતાં તે વિકૃતિ સુખ પણ નથી તેમજ દુઃખ પણ નથી, કારણ કે જ્યારે જડ અને ચૈતન્યના સંયોગનો સર્વથા વિયોગ થાય છે ત્યારે બેમાંથી એક પણ વસ્તુ હોતી નથી અર્થાત્ બંને દ્રવ્યોના સંયોગોમાં જે સુખ માનવામાં આવતું તે પણ નથી હોતું તેમજ દુઃખ પણ હોતું નથી; પરંતુ કર્મસ્વરૂપ પુદ્ગલોના વિયોગથી આત્માનું સાચું સુખસ્વરૂપ પ્રગટ થાય છે, અને ચૈતન્યના સંયોગરહિત પુદ્ગલોમાં શુદ્ધ વર્ણાદિ તથા સડન, પડન આદિ ધર્મો પ્રગટ થાય છે, અર્થાત્ બન્ને દ્રવ્યોના સંયોગથી થયેલી વિકૃતિ મટી જાય છે અને પ્રકૃતિ પ્રગટ થાય છે. જેમકે ચૂનો અને હળદર ભેગાં થવાથી લાલ વર્ણ થાય છે તે એક પ્રકારની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકૃતિ–વિભાવ છે; પરંતુ સ્વભાવ નથી કારણ કે લાલ વર્ણ નથી હોતો ચૂનાનો કે નથી હોતો હળદરનો, અને તે પ્રયોગથી હળદર અને ચૂનો અલગ કરવામાં આવે છે ત્યારે નષ્ટ થઇ જાય છે અને ચૂનાનો ધોળો વર્ણ તથા હળદરનો પીળો વર્ણ પ્રગટ થાય છે, તેવી જ રીતે જડ ચૈતન્યના સંયોગથી થવાવાળા સુખ–દુઃખ પણ વિકૃતસ્વરૂપ છે; પ્રકૃતિ સ્વરૂપ નથી માટે જ પૌદ્ગલિક સુખ–દુઃખ ક્ષણવિનશ્વર છે.

જેમ પૌદ્ગલિક સુખદુઃખોમાં સુખનો અભાવ દુઃખ અને દુઃખનો અભાવ સુખ મનાય છે, પણ તે માન્યતામાં કાંઇક સમજફેર થાય છે; કારણ કે તે બન્ને અભાવસ્વરૂપ નથી પણ દુઃખ આત્મિક સુખના આવરણસ્વરૂપ છે અને પૌદ્ગલિક સુખ તે દુઃખમાં શુદ્ધ સુખના આરોપસ્વરૂપ છે; માટે પૌદ્ગલિક સુખ–દુઃખ જેવી કોઇ વાસ્તવિક વસ્તુ નથી. જેમ દીપક ઉપર માટીનું કૂંડું અથવા તો ધાતુનું વાસણ ઊંધું વાળવાથી જે કાંઇ અંધકાર થાય છે તે પ્રકાશના ઉપર આવેલાં આવરણસ્વરૂપ છે પણ પ્રકાશના અભાવસ્વરૂપ નથી, અને તેથી જ્યારે દીપક ઉપરથી વાસણ ઉંચકી લેવામાં આવે છે ત્યારે અંધારું નષ્ટ થઈ જાય છે અને પ્રકાશ પ્રકટ થાય છે, તેમ આવરણસ્વરૂપ જે દુઃખ કહેવાય છે તે આવરણ ખસી જવાથી નષ્ટ થાય છે અને સુખ સ્વરૂપથી પ્રગટી નીકળે છે. આત્માના ઉપર કર્મના આવરણ આવી જવાથી અનેક પ્રકારના પુદ્ગલો–જડ પદાર્થોનો સંયોગ થવો તે આવરણસ્વરૂપ વિકૃતિ હોવાથી દુઃખરૂપે જ ઓળખાય છે અને આવરણ ખસી જવાથી શુદ્ધ સુખસ્વરૂપ પ્રગટ થાય છે, પણ આવરણવાળા સંસારી જીવો જેને સુખ માને છે તેવી કોઈ આવરણસ્વરૂપ દુઃખ અને આવરણ રહિત શુદ્ધ સુખ સિવાય ત્રીજી વસ્તુ જણાતી નથી કે જેને શુદ્ધ સુખથી ભિન્ન સુખ તરિકે માનવામાં આવે, માટે પૌદ્ગલિક સુખ જેને કહેવામાં આવે છે તે આવરણસ્વરૂપ દુઃખમાં જીવે કરેલો શુદ્ધ સુખનો આરોપ માત્ર છે.

જડ પદાર્થોની અસર થવાથી અંતઃકરણમાં હર્ષ, શોક, દિલગીરી, આનંદ, પ્રમોદ, ઉલ્લાસ આદિ જે વિકારો ઉત્પન્ન થાય છે તેને પૌદ્ગલિક સુખદુઃખ કહેવામાં આવે છે કે જે એક પ્રકારનો મોહનીયકર્મનો ઔદયિક ભાવ છે. તે જ્યારે ભોગવાઈ રહે છે ત્યારે પૂર્વોક્ત વિકારો શાંત થઇ જાય છે, ભિન્ન ભિન્ન સમયે મોહનીયની ભિન્ન ભિન્ન પ્રકૃતિઓનો ઉદય હોવાથી વિકારોમાં પણ ભિન્નતા આવી જાય છે. કોઇ વખત હર્ષ થાય છે, તો કોઇ વખત શોક થાય છે, કોઈ વખત આનંદ થાય છે તો કોઇ વખત દિલગીરી થાય છે. આ બધાંયે વિકારોનો પૌદ્ગલિક સુખદુઃખમાં સમાવેશ થાય છે.

પૌદ્ગલિક વસ્તુઓનો સંયોગ એક સરખો હોવા છતાં પણ આવરણવાળો જીવ મોહનીયના ઉદયને લઇને એકમાં અનુકૂળતા અને ઇતર સંયોગમાં પ્રતિકૂળતા અનુભવે છે. જો કે અનુકૂળ સંયોગો પણ જીવના આનંદ તથા સુખસ્વરૂપને ઢાંકવાવાળા હોય છે તો પણ જીવ તેમાં સુખનો આરોપ કરે છે. પૌદ્ગલિક સંયોગોમાં અનુકૂળતા–પ્રતિકૂળતાનું અનિયમિતપણું છે. એક વ્યક્તિને એક વસ્તુ અનુકૂળ હોય છે ત્યારે તે વસ્તુ બીજાને પ્રતિકૂળ હોય છે. આ અનિયમિતપણાનું મૂળ કારણ કર્મોના ઉદયની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચિત્રતા છે. જ્યારે મોહનીયનો સમૂળગો ક્ષય થઇ જાય છે ત્યારે ક્ષાયિકભાવને પ્રાપ્ત થએલા સઘળા ય આત્માઓની એકસરખી દૃષ્ટિ થાય છે; કારણ કે તેમના આત્માઓ ઉપરથી આવરણો ખસી જવાથી આત્મિક સુખસ્વરૂપ પ્રગટ થાય છે અને સમ્યગ્જ્ઞાનનો વિકાસ થવાથી પૌદ્ગલિક વસ્તુઓના સત્ય-સ્વરૂપને ઓળખી લે છે. એટલે જડ પદાર્થોનેમાં મને સુખ–દુઃખ, અનુકૂળતા–પ્રતિકૂળતા આદિ અસત્ ભાવોનો અનુભવ થતો નથી, પરંતુ તેઓ આત્મસ્વરૂપ સાચા સુખનો અનુભવ કરવાવાળા હોય છે અને આ સુખ વિકૃતિસ્વરૂપ ન હોવાથી હમેશાં રહેવાવાળું હોય છે, તેમજ પૌદ્ગલિક આરોપિત સુખની જેમ તારતમ્યતા વગરનું હોય છે, તેમજ અનુભવ પણ એકસરખો જ હોય છે.

જેમ શરીર ઉપર મેલ લાગવાથી આવતી દુર્ગંધને દૂર કરવાને માટે સુગંધી પદાર્થ ચોપડવામાં આવે છે, જ્યાં સુધી સુગંધી પદાર્થની અસર હોય છે ત્યાં સુધી દુર્ગંધ જણાતી નથી અને સુગંધી આવે છે, પણ સુગંધી પદાર્થની અસર દૂર થઈ ગયા પછી દુર્ગંધ જેવી ને તેવી પ્રગટી નીકળે છે. અથવા તો માથામાં કે પેટમાં સખત દુઃખાવો થતો હોય અને દવાનો ઉપયોગ કરવામાં આવે તો તે દવાની અસરથી ત-કાળ તો તે દુઃખાવો મટી જાય છે, પણ દવાની અસર દૂર થઈ ગયા પછી પાછો દુઃખાવો થવા માંડે છે. તેમજ પ્રતિકૂળ માનવામાં આવતાં પુદ્ગલોના સંસર્ગથી મનાતા દુઃખને દૂર કરવાને અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓને મેળવીને સુખ માનવામાં આવે છે, પરંતુ જ્યારે અનુકૂળ માનેલી પૌદ્ગલિક વસ્તુઓનો સંસર્ગ દૂર થઈ જાય છે ત્યારે પાછા પોતાને દુઃખી માને છે.

આત્માની સાથે પૌદ્ગલિક વસ્તુઓનો સંયોગ માત્ર દુઃખસ્વરૂપ છે, કારણ કે જ્યાં સુધી આત્મા, રૂપી જડની સાથે સંયોગ સંબંધથી જોડાયેલો હોય છે ત્યાં સુધી તેના સુખ, આનંદ, જ્ઞાન આદિ ગુણો ઢંકાયેલા રહે છે. એટલે જડ સંયોગી આત્મા સુખ વગરનો હોવાથી દુઃખી કહેવાય છે, જેથી કરી તેને સુખ મેળવવા બીજા જડ પદાર્થોની જરૂરત પડે છે અને તે જડ પદાર્થો મેળવ્યા પછી તેમાં સુખનો આરોપ કરી પોતાને સુખી માને છે, પણ જ્યારે તે જડ પદાર્થનો વિયોગ થાય છે ત્યારે પાછો પોતે પહેલાં કરતાં બમણું દુઃખ મનાવે છે. જેમ કોઈને ખરજવું થયું હોય અને ખણુજ આવતી હોય ત્યારે તે લાકડાની અણીથી કે તેવી જ કોઇ ધારવાળી વસ્તુથી ખણીને સુખ માને છે, પણ ખણી રહ્યા પછી છોલાવાથી બળતરા થવાથી બમણો દુઃખી થાય છે, પણ જો ખરજવાની દવા કરી મૂળથી મટાડી દેવામાં આવે તો તે દુઃખથી મૂકાઇ જઇને સુખી થાય છે. અને ખણજનું દુઃખ મટાડી સુખી થવા ધારવાળી વસ્તુની પણ જરૂરત પડતી નથી, તેમજ તે વસ્તુઓના ઉપયોગથી થતું બમણું દુઃખ પણ ભોગવવું પડતું નથી, તેવી જ રીતે આવરણ-વાળા દુઃખી જીવને જડસ્વરૂપ કર્મોનો સર્વથા વિયોગ થવાથી સુખસ્વરૂપ પ્રગટ થઈ જાય છે કે જેથી કરીને સુખને માટે ગ્રહણ કરવામાં આવતી પૌદ્ગલિક વસ્તુઓ કે જે પરિણામે બમણું દુઃખ આપે છે, અર્થાત્ આત્મિક સુખ સ્વરૂપને બમણું ઢાંકી દે છે તેની જરૂરત પડતી નથી.

મોહના ઉદયવાળા જીવો મમતામાં સુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માને છે ત્યારે મોહના ક્ષય કે ઉપશમવાળા જીવો સમતામાં સુખ માને છે. એક માણસ પાસે વસ્ત્ર ન હોય, મકાન ન હોય, ઘરેણાં ન હોય, કે અન્ન ન હોય પણ બીજાની માલકીની બધી ય વસ્તુઓ વિદ્યમાન હોય છતાં આ મારી નથી, એવું મનમાં હોવાથી પોતાને દુઃખી માને છે, પણ તે જ વસ્તુઓ પોતે મેળવે છે ત્યારે આ વસ્તુઓ મારી છે, હું એનો સ્વામી છું, એવી માન્યતાથી પછી તે વસ્તુઓને વાપરે કે ન વાપરે તો પણ પોતાને સુખી માને છે. પણ પારકી વસ્તુએ પોતે વાપરવા છતાં, આ વસ્તુ મારી નથી એવી ભાવનાથી સુખ માનતો નથી માટે પૌદ્દગલિક સુખમાં મમતાની જરૂરત રહે છે. જે વસ્તુઓમાં મમતા હોય છે તેમાં જ સુખનો આરોપ કરે છે અને પોતાને એમ માને છે કે આ વસ્તુઓથી જ હું સુખી છું, તેમજ આ વસ્તુઓ નાશ પામશે તો હું દુઃખી થઈ જઇશ, એવી સમજણથી તે વસ્તુઓની રક્ષા કરવા નિરંતર કાળજી રાખે છે અને સુખથી વિમુખ થવાથી વંચિત ન રહી જવાય એટલા માટે હમેશાં તેમાં રાચ્યોમાચ્યો રહે છે. મોહનીયના ઉદયથી વસ્તુસ્થિતિનો અણજાણ હોવાથી મમતા દુઃખની વૃદ્ધિ કરનારી હોવા છતાં પણ સુખના માટે તેને કરવી પડે છે, પરંતુ તે વસ્તુના વિદ્યમાનપણામાં જ મમતાના સત્ય સ્વરૂપ દુઃખનો અનુભવ થઇ જાય છે તો પણ તે વસ્તુમાં રહેલી આસકિતને છોડતો નથી અને છેવટે તે વસ્તુ નાશ થઇ જાય છે ત્યારે મમતાને લઇને ઘણો જ દુઃખી થઈ જાય છે.

કોઈ એક વિશાળ મકાનમાં વ્યાખ્યાન ચાલતું હોય, વક્તા અત્યંત આકર્ષક ભાષામાં વ્યાખ્યાન આપી રહ્યો હોય, વિષય પણ લોકપ્રિય હોય, શ્રોતાઓ પણ સાંભળવામાં મગ્ન બની ગયા હોય એવામાં કોઈ ત્યાં આગળ ગભરાયલે ચહેરે બૂમ મારતો આવે કે એક છોકરો મોટર નીચે દબાઇને મરી ગયો તો ત્યાં વ્યાખ્યાનમાં બેઠેલાંઓમાંથી જેટલા છોકરાવાળાઓ હોય તે બધાયને 'મારો તો છોકરો નહી હોય' એવી મમતાને લઇને ચિંતા તથા દુઃખ થવાથી ત્યાંથી ઉભા થઇને બહાર દોડવાની તૈયારીમાં હોય અને એટલામાં કોઇ બીજો માણસ આવીને કહે કે એ તો કોઈ કોળીનો છોકરો ભિખારી છે. આ પ્રમાણે સાંભળતાવેંતજ ઉભા થઈ ને ઉતાવળથી જવાને તૈયાર થએલા માણસોનાં મનમાં 'આ તો કોઈ ભિખારી છે, અમારો છોકરો નથી' એવી વિચારણા થવાથી મમતા દૂર થતાંની સાથે જ ચિંતા અને દુઃખ પણ દૂર થઈ જાય છે. આવી જ રીતે આવા વ્યાખ્યાનના પ્રસંગે કોઈ આવીને કહે કે–'અમુક શેરીમાં આગ લાગી છે' તો તે શેરીમાં રહેનારા માણસોના મનમાં ચિંતા ઉત્પન્ન થવાથી જવાને તૈયાર થયા હોય એટલામાં કોઈ બીજો માણસ આવીને કહે કે 'એક કોળીનું છાપરૂં બળી ગયું છે' તો ચિંતાતુર માણસો, 'અમારા ઘરમાં આગ નથી લાગી' એમ જાણ થતાંની સાથે જ ચિંતા રહિત થઇ જાય છે; પરંતુ તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો મમતા દુઃખને ઉત્તેજિત કરનારી છે, પણ સુખને ઉત્પન્ન કરનારી નથી, કારણ કે જે છોકરા અને ઘર ઉપર મમતા છે તે મરી જાય કે બળી જાય તો પુષ્કળ દુઃખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે પણ જે વસ્તુઓ ઉપર મમતા હોતી નથી તે મરે અથવા બળે કે નાશ પામી જાય તો પણ તે વસ્તુઓ માટે ચિંતા કે દુઃખ થતું નથી. છેવટે પરિણામમાં વસ્તુનું જે સ્વરૂપ બહાર તરી આવે તે વસ્તુ તે સ્વરૂપવાળી કહેવાય છે. વસ્તુમાં મમતા કરવાથી સુખનો આભાસ થાય છે પણ તે વસ્તુ નષ્ટ થવાથી મમતાનું સાચું સ્વરૂપ–દુઃખ પ્રગટી નીકળે છે માટે મમતા દુઃખસ્વરૂપ છે પણ સુખસ્વરૂપ નથી.

પૌદ્ગલિક વસ્તુઓમાં થતાં વિચિત્ર પ્રકારના પરિવર્તનોથી કાંઈ જીવને સુખ–દુઃખનો અનુભવ થતો નથી પણ મોહનીય કર્મના વિકારસ્વરૂપ મમતાનો વસ્તુઓ સાથે સંબંધ થાય છે ત્યારે વિકૃતસ્વરૂપ સુખદુઃખનો પોતાનામાં આરોપ કરીને પોતાને સુખી અથવા તો દુઃખી માને છે; જેમ કે–એક માણસની દૂર દેશાવરમાં પેઢી ચાલતી હોય, અને પોતે વિશ્વાસુ વાણોતરોને પેઢી ભળાવીને દેશમાં રહેતો હોય, ભાગ્યજોગે પેઢીમાં મોટું નૂકશાન આવવાથી પેઢીમાંનું સર્વસ્વ નાશ પામી ગયું હોય પણ જ્યાં સુધી પેઢીના માલીકને ખબર પડે નહિં ત્યાં સુધી તો તે પોતાના દેશમાં મારી પાસે ક્રોડોની સંપત્તિ છે, મારી પરદેશમાં પેઢી ચાલે છે, મારી પરદેશમાં સ્થાવર મિલ્કત પુષ્કળ છે, આવી મમતાથી પોતાને સુખી માની આનંદ ભોગવતો હોય છે; પણ સંપત્તિનો સર્વનાશ તેને કાંઇપણ દુઃખ દેતો નથી, પરંતુ જ્યારે તે સાંભળે છે કે પરદેશની સંપત્તિ સર્વથા નાશ પામી ગઈ છે ત્યારે 'મારું સર્વ નાશ થઈ ગયું એવી મમતાની પરિણતિ થવાથી પોતાનામાં દુઃખનો આરોપ કરીને પોતે દુઃખ મનાવે છે, માટે મોહનીયના ક્ષયોપશમવાળા જે કહે છે કે સમતામાં સુખ છે તે સર્વથા સત્ય છે; કારણ કે સમતા આત્મિક ગુણ છે, અને તે કર્મનો વિકાર ન હોવાથી શુદ્ધ સુખસ્વરૂપ છે, અને આત્મવિકાસસ્વરૂપ હોવાથી તેનું પરિવર્તન થતું નથી, અર્થાત્ આત્મિક સુખ આત્માનો શુદ્ધ સ્વભાવ હોવાથી નિરંતર સુખસ્વરૂપે જ રહે છે પણ નષ્ટ થતું નથી, તેમજ તેમાં હાનિ-વૃદ્ધિ પણ થતી નથી. હંમેશાં એકસરખું જ રહે છે. વિકારવાળી વસ્તુઓમાં હાનિ–વૃદ્ધિ તથા ક્ષણવિનશ્વરતા હોય છે પણ નિર્વિકાર વસ્તુઓમાં એમાંનું કશુંયે હોતું નથી, માટે આવા આત્મસ્વરૂપ સાચા સુખને પ્રગટ કરવા મોહનીયના આવરણોને તોડી નાંખવા જોઈએ, અને તે શાશ્વતું સુખ મેળવવાની ઇચ્છાવાળાનું અવશ્ય કર્ત્તવ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા

# શ્રી ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય.

## સમશ્લોકી અનુવાદ (સટીક)

( ગતાંક પૃષ્ઠ ૧૫૪ થી શરૂ )

वंशस्थवृत्त –

### 'સુવ્રતા' દેવીનું વર્ણન.

પુંવર્યમાતા સતી સુંદરી ભલી, સાક્ષાત્ ત્રિલોકે પણ આ જ એકલી;
શું એમ આશ્ચર્ય વિધાતૃએ ધરી, રેખાત્રયી ત્રિવલિના છલે કરી! ૪૫.

નિતંબ ગુરુ સમીપેથી નીકળી, કામિક નાભિ તીરથે જઈ વળી;
રોમાંચથી કાંત, ઇશે જિત્યા સ્મરે, ત્રિદંડ ધાર્યું ત્રિવલી તણા છલે! ૪૬.

સુધાનિધિકુંભ દ્વિ જો પયોધરો, ત્હેના વિધિએ ન કરેલ હોત તો;
અનંગ લાગ્યો તસ અંગમાં છતાં, જીવ્યો શી રીતે ઝટ રે! મરી જતાં. ૪૭.

સ્વર્ણારવિંદિની મૃણાલદંડ શા, સુસ્કંધવંતા ભુજ તાસ કોમલા;
કરો તદગ્રે શુચિ કંકણે યુતા, તે સુભ્રુના અબ્જ સમા વિરાજતા. ૪૮.

સુવર્ણની કંકણ કાંતિ ધારતો, તે પાંચજન્યાખ્ય જ શંખ હોત તો;
ત્રિરેખવાળા તસ કંઠ-કંદને, આપી શકાયે ઉપમા, ન વા બને. ૪૯.

---

૪૫. પુરુષપ્રવરની માતા, સતી અને સૌંદર્યવંતી તો આ જ સુવ્રતા દેવી એકલી ત્રણે લોકમાં સાક્ષાત્ છે! એમ આશ્ચર્ય પામીને જાણે વિધાતાએ ત્રિવલીના બહાને ત્રણ રેખા અંકિત કરી છે! **ઉત્પ્રેક્ષા** અને **અપહ્નુતિ.**

૪૬. ઇશ–શંકરથી જીતાયેલો કામ તેના (રાણીના) નિતંબરૂપ ગુરુ પાસે ગયો, અને પછી તે કામિક નાભિતીર્થે ગયો (ત્યાં નિમજ્જન કર્યું), અને રોમાંચથી ઉલ્લસિત થતાં તેણે ત્રિવલીના બહાને ત્રિદંડ ધારણ કર્યું! ભાવાર્થ–પરાજય પામવાથી કામને વૈરાગ્ય ઉપજ્યો અને તેથી તેણે જાણે ત્રિદંડીપણું ધારણ કર્યું!—બાવો બન્યો!–**ઉત્પ્રેક્ષા** અને **અપહ્નુતિ.**

૪૭. જો વિધિએ સુધાનિધિના કુંભ સમા તેના બે પયોધર ન રચ્યા હોત, તો તેના અંગમાં લાગેલો અનંગ (કામ) મરી જતો ઝટ શી રીતે જીવતો રહ્યો?–**અતિશયોક્તિ.**

૪૮. સુવર્ણકમલિનીના મૃણાલદંડ જેવા કોમલ તથા સુંદર સ્કંધવાળા તેના બે ભુજ છે; અને તેના અગ્રભાગમાં, સુંદર કંકણવાળા બે હાથ કમલ જેવા શોભે છે.—**ઉપમા.**

૪૯. વિષ્ણુનો તે પાંચજન્ય શંખ જો સુવર્ણ કંકણની કાંતિ સાથે સાથે ધરાવતો હોત, તો ત્રણ રેખાવાળા ત્હેના કંઠ–કંદને ઉપમા આપી શકાત કે નહિ.–**અતિશયોકિત** અને **સ્મરણ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કપોલ કાજે તસ શોભથી ભર્યા, બે ટૂકડા પૂર્ણ શશિતણા કર્યા;
વિધાતૃએ લાંચ્છનના છલે કરી, જુઓ! કર્યો સીવણ ડાઘ ત્યાં ફરી! ૫૦.
પ્રવાલ બિંબીફલ વિદ્રુમાદિકા, પ્રભાથકી કેવલ તુલ્ય ભાસતા;
રસેથી તો નિશ્ચય તાસ ઓષ્ઠનું, શિષ્યત્વ સુધારસ પામિયો ગણું. ૫૧.
વાક્ નિર્વિકારિણી સુધાસહોદરી, અનાદરે તે વદતાં ય સુંદરી;
કાષ્ઠત્વ લજ્જાથી જ પામી શું વીણા! કૃષ્ણત્વ પામી ગઈ શું ય કોકિલા! ૫૨.
લલાટલેખા-શશિખંડથી ગળી, ઘનત્વ પામી ગઈ શું સુધા વળી!
એવી જ નાસા તસ દંતરત્નની, તુલા સમી, કાંતિથી વિશ્વ તોલતી. ૫૩.
'અમે જીતેલા અવતંસ ઉત્પલો, જાઓ લઈ ક્યાં?' ઇમ માર્ગ રોધતા;
કર્ણો પ્રતિ લોચન તાસ કોપતા, પ્રાંતે સદા ધારી રહ્યા શું રક્તતા! ૫૪.
અચિંત્ય ચારુ રચી એ વિરંચિએ, ઉત્સુક સૃષ્ટિ કલશાર્પણે થઇ;
મુખે લખ્યો ૐ ઇતિ મંગલાક્ષર, છલે ભ્રૂમધ્યે તિલકાંક સુંદર. ૫૫.

૫૦. તે ચંચલાક્ષીના કપોલ (ગાલ) અર્થે વિધાતાએ પૂર્ણ ચંદ્રના ખરે! બે ટૂકડા કર્યા; અને પછી લાંચ્છનના છલે કરી તેણે તે ચંદ્રનું સીવણ કર્યું, તેનો ડાઘ ત્યાં જુઓ! **ઉત્પ્રેક્ષા અને અપહ્નુતિ.**

૫૧. પલ્લવ, બિંબાફલ, પરવાળા વગેરે માત્ર વર્ણથી તેના અધરોષ્ઠ સરખા ભાસે છે; પણ રસથી તો નિશ્ચયે સુધારસ પણ તેના ઓષ્ઠનું શિષ્યપણું પામી ગયો છે, એમ હું માનું છું.-**પ્રતીપ.**

૫૨. વિકાર વિનાની અને સુધાની સહોદરી-બ્હેન જેવી વાણી, તે સુંદરી અનાદરથી પણ વદતી હતી; એટલે લજ્જાથી વીણા જાણે કાષ્ટપણાને પામી ગઇ અને કોયલ જાણે કૃષ્ણપણાને-કાળાપણાને પામી ગઇ! **ઉત્પ્રેક્ષા.**

૫૩. લલાટલેખારૂપ શશિખંડમાંથી ગળતી સુધા જાણે ઘનપણાને-નક્કરપણાને પામી ગઇ હોયની! એવી તેની નાસિકા, દાંતરૂપ રત્નોની તુલા (ત્રાજવા) જેવી છે; અને તે પોતાની કાંતિવડે જગતને પણ તોલે છે.—**ઉત્પ્રેક્ષા અને ઉપમા.**

૫૪. 'અલ્યા કાન! અમે જીતેલા અવતંસરૂપ ઉત્પલો (નીલ કમલ) લઇને તમે ક્યાં જાઓ છો?' એમ માર્ગ રોધતા બે કાન પ્રત્યે કોપ કરીને પડકારતા તેના લોચન, જાણે અંતભાગમાં સદા રતાશ ધારણ કરી રહ્યા હોયની!—**ઉત્પ્રેક્ષા.**

જે નીલ કમલોને લોચને જીત્યા હતા તે કાને અવતંસરૂપે ખોસેલા હતા, તેથી, તેમજ તે પોતાના માર્ગમાં આડા આવતા હોવાથી, લોચનને જાણે કાન પ્રત્યે કોપ ઉપજ્યો હોય, અને તેથી તેના ખૂણા લાલ થયા હોય એમ ભાવ છે.

૫૫. નહિં ચિંતવી શકાય એવી સુંદર આ સુંદરીને રચીને, તેને સૃષ્ટિનો કલશ અર્પણ કરવા ઉત્સુક થયેલા વિધાતાએ, મધ્યમાં તિલક બિંદુવાળી બે ભમરના બહાને, તેના મુખ પર જાણે ૐ એવો મંગલ અક્ષર લખ્યો હોયની! **ઉત્પ્રેક્ષા અને અપહ્નુતિ.** બે ભ્રમર અને વચ્ચે તિલકબિન્દુ તેની આકૃતિ ૐ જેવી થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'આને અમે આશ્રશુ' એમ શ્રી રતિ, સુકીર્તિ કાંતિ વદતાં, પ્રજાપતિ;
મૌને લખ્યો 'ઓમ્' ઇતિ સંગતોત્તર, છલે ભ્રૂમધ્યે તિલકાંક સુંદર. ૫૬.

કપોલ લાવણ્ય-સરે પડી જતા, સતૃષ્ણ ચક્ષુરૂપ પક્ષી બાંધવા;
પાશો રચ્યા બે વિધિએ શું દીસતા,- બે કર્ણ એવા તસ સ્કંધ ચુંબતા. ૫૭.

કાલાગુરૂ પત્રવલી ભરાયલી, લલાટલેખા મિષથી સ્મરે ભલી;
સંસાર વિશેષક તદ્ગુણે ભર્યો, જગત્ત્રયે પત્ર શું તત્ર તે ધર્યો! ૫૮.

દંતદ્યુતિ ફીણ, પ્રવાલ ઓષ્ઠના, નેત્રોત્પલો જ્યાં,-તસ તેહ વક્ત્રના;
લાવણ્ય પીયૂષ પયોનિધિ વિષે, તરંગભંગો લટ ભંગુરા દીસે. ૫૯.

ત્હેના મુખેંદુની તુલા ચઢંત રે! મૃગાંક! ચિત્તે ય ન લાજ તું ધરે?
તું કોણ ત્યાં મૂઢ! પયોધરોન્નતિ, પરે? જિહાં તેહ વિરાજતો અતિ. ૬૦.

સમગ્ર સૌંદર્ય વિરોધી વિધિએ, ઘૂણાક્ષરન્યાયથી છે ઘડેલ એ;
અનન્યરૂપા પર એવી જો કરે, તો તેહની જાણું નિપુણતા ખરે! ૬૧.

( ચાલુ )

૫૬. 'આનો અમે આશ્રય કરશું' એમ શ્રી, રતિ, કીર્તિ અને કાંતિએ કહ્યું, એટલે વિધાતાએ વચ્ચે તિલકબિંદુવાળી બે ભમરના બહાને, જાણે મૂંગા મૂંગા 'ઓમ્' (ॐ) એવો સંગત ઉત્તર લખ્યો! **ઉત્પ્રેક્ષા** અને **અપહ્નુતિ**–અત્રે 'ઓમ્' એટલે 'ભલે, બહુ સારૂં, Alright' એવો અર્થ કરવો.

૫૭. તેના કપોલરૂપ લાવણ્ય-સરોવરમાં પડતા સર્વ જનોના તૃષ્ણાવન્ત નેત્રરૂપ પક્ષીઓને પકડવાને જાણે વિધાતાએ રચેલા બે પાશ હોયની! એવા ત્હેના બે કાન ખભાને સ્પર્શતા હતા. **ઉત્પ્રેક્ષા**

૫૮. કાલાગુરુની પત્રવલીવાળી તેની લલાટલેખાના મિષે કરીને, કામે જાણે તેના સમસ્ત સંસારથી વિશિષ્ટ ગુણોવડે ભરેલો પત્ર ત્યાં જગત્ત્રયને જોવા માટે ચોડયો હોયની! **ઉત્પ્રેક્ષા.** તેની ગુણવિશિષ્ટતા બતાવવા નોટિસ-પત્ર મૂકયો હોયની!

૫૯. દાંતની કાંતિરૂપ જ્યાં ફીણ છે, ઓષ્ટરૂપ જ્યાં પરવાળા છે અને નેત્રરૂપ જ્યાં નીલકમલ છે, એવા તેના મુખના લાવણ્યરૂપ સમુદ્રમાં, લટરૂપ વાંકાચુંકા તરંગભંગ છે એમ દેખાય છે. **રૂપક અલંકાર.**

૬૦. તેના મુખ-ચન્દ્રની તુલા પર ચઢતાં હે ચન્દ્ર! તને ચિત્તમાં પણ લજ્જા આવતી નથી? ઉન્નત પયોધર પર-જ્યાં તે મુખચન્દ્ર તારા કરતાં અધિક શોભે છે, ત્યાં હે મૂઢ! તું શું હિસાબમાં છે? **પ્રતીપ.**

૬૧. સંપૂર્ણ સૌન્દર્યવિધિના વિરોધી વિધિએ આ સુંદરીને ઘૂણાક્ષરન્યાયથી જ ઘડી છે. અદ્વિતીય રૂપવાળી એવી બીજી તે જો કરી બતાવે તો જ હું તેનું નિપુણપણું જાણું-**અતિશયોક્તિ**. કીડો લાકડું કોરતો જાય અને તેમાં કવચિત્ યદચ્છાથી અક્ષર જેવો આકાર થઇ આવે તે **ઘુણાક્ષર ન્યાય.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખકઃ-રા. ચોકસી.

# નિર્વિકલ્પ રસનું પાન.

**શ્રીમદ્** આનંદઘન યોગીરાજે પ્રત્યેક તીર્થંપતિને આશ્રયી જે સ્તવનો રચ્યા છે અને એમાં અધ્યાત્મી જીવન જીવવા સારુ જે જે માર્ગો બતાવ્યા છે અને એ સાથે જૈનદર્શનરૂપી રથના બે ચક્રો-જ્ઞાન અને ક્રિયા-સંબંધી જુદી જુદી સમજ આપી છે એમાં શરુઆતની પ્રથા લગભગ પંદર સ્તવન સુધી ચાલુ રાખી સોળમા જિનના સ્તવનમાં એને પલટો આપી સંવાદનું રૂપક આપ્યુ છે એ આપણે જોઈ ગયા. વળી એમ કરવામાં એક ઉમદા તત્ત્વનું ભાન પણ કરાવ્યું છે. સોળમા શાંતિજિનના સ્તવનમાં જ કહેવામાં આવ્યું છે કે-

'અહો અહો હું મુજને કહું,
નમો મુજ નમો મુજ રે'

અર્થાત્-હવે નથી તો બહાર કંઈ શોધવાનું કે બહારની કોઇ વ્યક્તિ પાસેથી કંઇ મેળવવાનું ! જે કંઈ છે તે મારામાં સત્તાએ તો પડેલું જ છે. કેવળ જરુર અંતરખોજ કરવાની છે. આમ એ સ્તવનથી જે ધોરણ બદલાય છે તે અઢારમા અરપ્રભુની સ્તુતિમાં પણ ચાલુ જ રહે છે.

અઢાર દૂષણનિવારક, અઢાર પાપસ્થાનવારક, અને ચોસઠ ઇંદ્રો, અસંખ્યાતા દેવતા, ચક્રવર્ત્તીને વાસુદેવ આદિ સમૃદ્ધિશાળી રાજવીઓએ જય જય શબ્દોથી જેમનો મહિમા વર્ણવ્યો છે એવા હે અરનાથ તીર્થપતિ ! આ મુમુક્ષુ આત્મા ડગ ભરતો ભરતો, ચોકસાઇથી આગળ વધતો વધતો આપની સન્મુખ આવ્યો છે અને સ્વ તેમજ પર એમ ઉભય પ્રકારના સિદ્ધાન્તોનું સ્વરૂપ ધર્મધ્યાનમાં ઉપયોગી થઈ પડે એ રીતે મુદ્દાસર સમજવા માગે છે. આપ તે સમજાવશો એવી એની પ્રાર્થના છે.

આપનો અનુભવ એ વિષયમાં ટંકશાળી છે; કેમકે આપે દુન્યવી ચક્રવર્ત્તીપણું અને ધર્મચક્રવર્ત્તીપણું એમ ઉભય મહાન્ પદ ભોગવેલાં છે. એ દ્વારા વિવિધ પ્રકારના અને અનેકવિધ રંગનાં અનુભવો આપની ચક્ષુ હેઠળથી પસાર થઈ ચૂકયા છે. મનની સાધના થાય અને એકાગ્રતા લાભે ત્યારે એને ધ્યાવવા-ચિંતવવા કોઇ પદાર્થ તો જોઇએ જ ને ? આમ પ્રશ્નની શરૂઆત થાય છે ને એનો ઉત્તર મળે છે કે-

હે આત્મા ! શુદ્ધ નિર્મળ સ્વરૂપવંત, ઉપાધિરહિત આત્મતત્ત્વનું સ્વરૂપ હંમેશ પ્રત્યક્ષ કરવાનો અભ્યાસ પાડવો અને એ દ્વારા સંપૂર્ણ જ્ઞાન યાને કેવળજ્ઞાન મેળવવું એ સ્વ સમય અર્થાત્ તમારા સ્યાદ્વદદર્શનની મુખ્ય ચાવી છે; અને એનાથી અન્ય જે કંઇ કથન કે વાત હોય એમાં વીતરાગદર્શનનો સમાવેશ નથી, એટલે કે એ પરદર્શન છે. કોઈ કોઇમાં આત્મસ્વરૂપની ઝાંખી જોવાની પ્રાપ્ત થાય છે. કોઇમાં જૈન મતાનુસારે આત્મતત્ત્વની વિચારણા થયેલી દેખાય છે અને તેથી એને સર્વથા પરસમય ન દેખાય. ત્યાં સ્વસમયની છાયા છે એમ કહી શકાય. એક વાત સ્મૃતિપટમાં લોખંડના ટાંકણે કોતરી રાખવાની છે અને તે એ છે કે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધાતમ અનુભવ સદા,
સ્વસમય એહ વિલાસ રે.

શુદ્ધાત્મ અનુભવમાં જ્ઞાન, દર્શન ને ચારિત્રની જ્યોતિ અંતર્ભૂત થાય છે. એમાં કેવલજ્ઞાન ને કેવલદર્શન તેમજ યથાખ્યાત ચારિત્ર સમાય છે. દાખલા તરિકે જેમ દિવાકરના તેજમાં તારા, નક્ષત્ર, ગ્રહ અને ચંદ્રનો પ્રકાશ સમાઈ જાય છે તેની માફક. વળી બીજું દૃષ્ટાન્ત સુવર્ણનું લઈએ. બીજી ધાતુઓમાં અને સોનામાં શો ફેર છે અગર એને કઈ રીતે ઓળખવું એવો પ્રશ્ન ઊઠે ત્યારે કોઇ એના ભારેપણાને આગળ ધરે છે, તો કોઈ વળી એનાં પીળા વર્ણને મહત્ત્વ અને ત્રીજો વળી એના ચીકાશ ગુણને પારખવાની વાત કરે છે. આમ ભિન્ન ભિન્ન દૃષ્ટિથી પદાર્થજ્ઞાન કરાવાય છે. એ રીતની ઓળખાણમાં પર્યાયદૃષ્ટિપણું અગ્રભાગ ભજવે છે. પરંતુ પર્યાયો પરથી નજર હઠાવી લઈ કેવળ દ્રવ્ય પ્રત્યેનું દૃષ્ટિબિન્દુ લક્ષમાં લેવામાં આવે તો સુવર્ણ ધાતુ કંઈ એ પર્યાયોને લઇને જુદી નથી, પણ પદાર્થરૂપે એક જ છે. એ જ ન્યાયે અલખ કહેતાં આત્માના પણ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રિપુટીની ભિન્નતાએ જુદા જુદા સ્વરૂપો કહેવાય છે પણ મનમાંથી એ બધા વિકલ્પોને દૂર કરવામાં આવે તો આત્મા એક નિરંજન સ્વરૂપનો જ છે એમાં રજમાત્ર શંકા નથી. તેથી જ 'નિર્વિકલ્પ રસ પીજીએ' એ વાત પર ભાર મૂકયો છે. તત્ત્વની સાચી પિછાનમાં બે પ્રકારની દૃષ્ટિઓ કામ કરી રહી છે. એક પારમાર્થિક અને બીજી વ્યવહારિક. એક સાર તારવી લઈ નિચોડ રજૂ કરે છે, જ્યારે બીજી પ્રકારાંતરો પરથી ભિન્નતાનો કિલ્લો રચે છે. તેથી કહ્યું છે કે—

પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે;
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે.
વ્યવહારે લખે દોહિલા, કાંઈ ન આવે હાથ રે;
શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે.

જૈન દર્શનમાં અને ઇતર દર્શનોમાં જે મહત્ત્વનો તફાવત છે તે ઉપરના ભાવને આશ્રયી છે.

વ્યવહારની અટપટી આંટીઓમાં કિંવા એના જાતજાતના પ્રલોભનોમાં જન્મારો વહી જાય છતાં સ્વરૂપદર્શન ન લાભે, જ્યારે કર્મોપાધિથી રહિત એવું આત્મસ્વરૂપ વિચારતાં એનો તાગ સહજ આવે.

આત્મા ત્રણે કાળ શુદ્ધ આત્મસ્વરૂપી જ છે એ મારું ( અરનાથનું ) કથન છે. એમાં દુવિધાનો સંભવ જ નથી. ટુંકાણમાં કહીએ તો એટલું જ કે–' તું ત્હને જો ' અર્થાત્ **आत्मवत् सर्वभूतेषु, यः पश्यति स पश्यति** એવું જ એક બીજું વાકય તે–' જેણે આત્માને ઓળખ્યો તેણે સારા જગતને ઓળખ્યું. '

આગમની ભાષામાં કહેવામાં આવ્યું છે કે–

' જે એકને જાણે છે, તે સર્વને જાણે છે ' અને એ 'એક' તો માત્ર પોતાનો આત્મા. એની પિછાણ વિકલ્પો યાને પ્રકારાંતરો વિના પરમાર્થથી થવી ઘટે.

સંક્ષિપ્તમાં ગણત્રીના શબ્દોમાં અઢારમા તીર્થપતિની વાણી શ્રવણ કરી મુમુક્ષુ આત્મા નાચી ઉઠ્યો. હૃદયના ઊંડાણમાંથી કહેવા લાગ્યો કે–

ઓ નાથ, સત્તાની દૃષ્ટિએ આપણા અને મારા વચ્ચે કંઇ જ દિવાલ ખડી નથી છતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણોના આવિષ્કાર તરફ નજર માંડું છું ત્યારે આપની સહ પ્રીતિ બાંધવાનું અત્યંત મન છતાં અંતર વધુ જણાય છે. ગમે તેટલી દોડાદોડી કરું તો પણ સમાન કક્ષામાં આવી શકું તેમ નથી જ; તેથી મારી તો એક જ વિનંતિ છે કે અને યોગીરાજના શબ્દો ટાંકુ તો તે એટલી જ કે–

'કૃપા કરીને રાખજો,
ચરણ તળે ગ્રહી હાથ રે.'

આપ સાહેબ ધર્મતીર્થના ચક્રવર્તી છો, તીર્થંકર પદના ભોક્તા તરિકે સર્વજીવને ઉપદેશ-વારિથી નવરાવી દેવાની, પોતે પ્રાપ્ત કરેલ અદ્ભુત જ્ઞાનરૂપી અંજન આંજી ભવ્ય જીવોના નેત્રો તેજસ્વી બનાવવાની આપની ફરજ છે; અરે ! ફરજ નહિં પણ એ જાતની સેવા અર્થે જ આપ સાહેબનું જીવન છે.

'સવિ જીવ કરું શાસનરસી' એ મુદ્રાલેખ હોવાથી આપની કૃપાદૃષ્ટિમાં મારો ઉદ્ધાર નિશ્ચિત છે; કારણ કે 'તીરથ સેવે તે લહે, આનંદઘન નિરધાર' એ વચન ટંકશાળી છે.

# પાપ ભારે ભરી ! નાથ મુજ નાવડી.

રાગ પ્રભાત.

તાર ને તાર હો ! પાપ ભારે ભરી !!
નાથ મુજ નાવડી ! તાર ને તાર હો !! ૧
કામ ને ક્રોધના, લોભ માયાતણા;
ભાર ભારે ભર્યાં નાવડીએ–તાર ને તાર હો. ૨
રાગ ને દ્વેષના, કલહ કંકાસના;
પાપ પહાણે ભરી નાવડીએ–તાર ને તાર હો. ૩
ધન અને ધાન્યના, ભોગ વિલાસના;
પાપ પરિગ્રહે ભરી નાવડીએ–તાર ને તાર હો. ૪
શરણ અરિહંતનું, સિદ્ધ ભગવંતનું;
"વૈરાટી" શરણ નાવડીએ–તાર ને તાર હો. ૫

ઝવેરી મૂળચંદભાઇ આશારામ વૈરાટી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુ : અભ્યાસી બી. એ.

# સાધન સંબંધી કેટલીક વાતો.

( ગતાંક પૃષ્ઠ ૧૭૧ થી શરૂ. )

ત્રીજા પ્રશ્નમાં મન ચંચળ હોવાથી તેને વશ કરવાનો ઉપાય પૂછવામાં આવેલ છે. મન અત્યંત ચંચળ છે તે વાતનો સૌ એકમતે સ્વીકાર કરે છે અને સૌનો અનુભવ પણ એની સાક્ષી પૂરે છે. શાસ્ત્રમાં પણ મનને ચંચળ તેમજ બલવાન કહેલ છે અને તેનો નિગ્રહ દુઃસાધ્ય કહેલ છે એ ઉપરથી એટલું તો સ્પષ્ટ છે કે મન વસ્તુતઃ અત્યંત ચંચળ તેમજ દુર્જેય છે; પરંતુ તેને નિગૃહિત કરવાના ઉપાય પણ અનેક બતાવવામાં આવ્યા છે. યોગદર્શનમાં તો મુખ્યત્વે કરીને ચિત્તવૃત્તિના નિરોધની જ વાત કરવામાં આવી છે, કેમકે યોગદર્શનકારે યોગનું લક્ષણ ચિત્તવૃત્તિનો નિરોધ બતાવેલ છે. '**योगश्चित्तवृत्तिनिरोधः**' તેથી એ સંબંધમાં આપણે પહેલાં યોગદર્શનની જ કેટલીક વાતો કરી લઈએ.

ચિત્તવૃત્તિના નિરોધ માટે પહેલો ઉપાય યોગદર્શનકારે અભ્યાસ અને વૈરાગ્ય બતાવેલ છે. '**अभ्यासवैराग्याभ्यां तन्निरोधः**' અભ્યાસના સંબંધમાં સૂત્ર છે કે '**तत्र स्थितौ यत्नोऽभ्यासः**' અભ્યાસ અને વૈરાગ્યમાંથી ચિત્ત સ્થિર કરવા માટે જે સાધન કરવામાં આવે છે તેનું નામ અભ્યાસ છે. બીજા શબ્દોમાં ચિત્તને સ્થિર કરવા માટે વારંવાર એને કોઈ એક વિષય પર ટકાવવાનો પ્રયત્ન કરવો એ જ અભ્યાસ છે. વૈરાગ્યનું લક્ષણ એમ કરવામાં આવ્યું છે કે—

'**दृष्टानुश्रविकविषयवितृष्णस्य वशीकारसंज्ञा वैराग्यम् ।**'

અર્થાત્ કામિની, કાંચન વગેરે દૃષ્ટ વિષયોમાં તથા સ્વર્ગ વગેરે અદૃષ્ટ વિષયોમાં તૃષ્ણા રહિત થયેલ ચિત્તની રાગ રહિત સ્થિતિનું નામ જ વૈરાગ્ય છે.

ઉપર્યુક્ત બન્ને સાધન ચિત્તવૃત્તિના નિરોધ માટે ઉપયોગી છે, તેમજ એકબીજાના સહાયક છે. ચિત્તને એક નદીની ઉપમા આપવામાં આવી છે જે બે ધારાઓમાં વહે છે, તેની એક ધારા કલ્યાણ તરફ વહે છે અને બીજી ધારા પાપો તરફ વહે છે. વિવેક માર્ગનું અનુસરણ કરનારી ધારા કલ્યાણ તરફ વહે છે અને અવિવેક માર્ગે ચાલનારી ધારા પાપો તરફ વહે છે. વૈરાગ્યનો બંધ લગાડી દેતા અવિવેક અર્થાત્ વિષયોના માર્ગે વહેનારી ધારા અટકી જાય છે અને વિવેકપૂર્વક અભ્યાસ કરતાં રહેવાથી તેનો વિવેક માર્ગ ઊઘડી જાય છે. એ રીતે એક તરફથી ચિત્તરૂપી નદીનો પ્રવાહ અટકાવી દેવાથી તથા બીજી તરફ એને ઉઘાડી નાખવાથી જ ચિત્તવૃત્તિનો નિરોધ થઈ શકે છે.

ચિત્તવૃત્તિના નિરોધનો બીજો ઉપાય ઈશ્વરપ્રણિધાન એટલે કે ઈશ્વરની ભક્તિ છે, જેને અવિદ્યા, અહંકાર, રાગ, દ્વેષ અને મૃત્યુભય, શુભાશુભ કર્મ અને તેના ફળ, તેમજ વાસનાઓની સાથે કશો સંબંધ નથી એ પુરૂષ વિશેષ પરમાત્માનું નામ ૐકારનો જપ તથા તેના સ્વરૂપનું વારંવાર ચિંતન કરવું એ ઈશ્વરપ્રણિધાન છે. એમ કરવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બધા ય વિઘ્નોનો અભાવ થઈને ઈશ્વરના સ્વરૂપ-સાક્ષાત્કાર થઈ જાય છે. એ સિવાય શ્વાસને ખાસ પ્રયત્નપૂર્વક નાસિકામાર્ગથી બહાર કાઢીને અને તેને બહાર જ રોકી રાખીને પણ ચિત્તનો નિરોધ એક રીતે કરી શકાય છે.

જેનાથી ઉપર્યુક્ત સાધનોમાંથી કોઈપણ ન બની શકે તેઓને માટે એક બીજો સહેલો ઉપાય છે–તે છે વૈરાગ્યવાન પુરુષોનું ધ્યાન. અહીંયા એ પ્રશ્ન થાય કે પૂર્વકાળમાં જે વૈરાગ્યવાન પુરુષો થઈ ગયા છે તેને આપણે જાણતા પણ નથી તો પછી તેનું ધ્યાન કેવી રીતે કરી શકાય ? અને વર્તમાન યુગમાં જે વીતરાગ પુરુષો હોય તેને આપણે જાણતા નથી તેથી એનું ધ્યાન કરવાનો સંબંધ નથી. તેનો જવાબ એ છે કે જે કોઈ પુરુષ તમારી દૃષ્ટિમાં વીતરાગ હોય, જેનામાં તમને વીતરાગ પ્રત્યે શ્રદ્ધા તેમજ પૂજ્યબુદ્ધિ હોય તેનું ધ્યાન કરી શકો છો. તેના ધ્યાનથી જ તમારી ચિત્તવૃત્તિનો નિરોધ થઈ શકે છે. આ રીતે ચિત્તનો નિરોધ કરવા માટે બીજી પણ કેટલીક યુક્તિઓ છે તે બધી આ ટૂંકા લેખમાં બતાવી શકાય નહિ તેથી એમાંની કેટલીકનો ઉલ્લેખ ઉપર કરવામાં આવેલ છે.

છતાં નીચે લખેલા ઉપાયો પણ મનોનિગ્રહ કરવામાં સારી રીતે મદદગાર થઈ શકે છે.

(૧) નિયમાનુવર્તિતાનું પાલન કરવું, બધા કાર્યો નિયમિત રીતે કરવા.

(૨) મનની પ્રત્યેક ચેષ્ટા પર વિચાર કરતાં કરતાં તેને ખરાબ ચિંતનથી બચાવવું.

(૩) મનના કહેવા પ્રમાણે ન ચાલવું.

(૪) મનને હંમેશાં શુભ કાર્યમાં પરોવી રાખવું.

(૫) અનન્ય મનથી પરમાત્માને શરણે જવું.

(૬) મનથી અલગ બનીને તેનાં કાર્યોનું નિરીક્ષણ કરવું.

(૭) પ્રેમપૂર્વક પ્રભુના નામનું કીર્તન કરવું.

આ તો અભ્યાસની વાત થઇ. બીજો ઉપાય મનને વશ કરવા માટે બતાવવામાં આવ્યો છે. તે છે વૈરાગ્ય. વૈરાગ્યની વ્યાખ્યા ઉપર કહેવાઇ ગઇ છે. વિષયોથી વૈરાગ્ય કરવાનો ઉપાય એ છે કે તેનામાં દુઃખ અને દોષ જોઇને તેના પ્રત્યે મનમાં ઘૃણાબુદ્ધિ ઉત્પન્ન કરવી. કહ્યું છે કે–

**ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।**
**आद्यन्तवन्तः कौन्तेय ! न तेषु रमते बुधः ॥**

અર્થાત્ જે ઈન્દ્રિય તથા વિષયોના સંયોગથી ઉત્પન્ન થનાર સઘળા ભોગ છે તે વિષયી પુરુષોને સુખરૂપ ભાસે છે, તો પણ તે બધા દુઃખરૂપ છે તથા અનિત્ય છે. તેથી બુદ્ધિમાન પુરુષ એમાં રમણ કરતો નથી.

ઉપર્યુક્ત રીતે વિચારદ્વારા મનને વિષયોથી હઠાવીને પરમાત્માના સ્વરૂપમાં જોડવાનો અભ્યાસ કરવો એ જ મનને વશ કરવાનો અમોઘ ઉપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રચયિતા-**મુનિશ્રી હેમેન્દ્રસાગર**

# ધર્મવિકાસી-સુમન*

વિશ્વ ઉદ્યાન ખ્હેલી રહ્યું પુષ્પલતાવલીએ;
કયું પુષ્પ દિલ રીઝાવશે ?
કયું સુમન આત્માનંદે ડોલાવશે આત્મદેવ ?
માલતી, શિરીષ, ગુલાબ કે ચંપો ?
જાઈ, કેતકી કે મસ્ત મોગરો ?
પુષ્પ પરિમલ પમરાવી આકર્ષે સર્વને,
નાસિકા રીઝે ને નેત્ર પ્રફુલ્લે,
ક્યાં ભાવ જોડશો આત્મદેવ ?
વિશ્વોદ્યાનમાં નથી સરખાં સર્વ ફૂલડાં.
વિધવિધ રંગતે ભર્યાં,
વિધવિધ સુરભિયુક્ત છે કુસુમો,
સર્વદા ઓછાંવત્તાં આકર્ષક.
ગુલાબમાં દૃષ્ટિ ઠરે છે મુજ, આત્મન્ !
ના, ના કેમ ઠરે ત્યાં નયનો ?
નથી અલ્પ પણ તૃપ્તિ,
ત્યાં નયનોને કે હૃદયને,
પુષ્પ તો એવું જ ચાહું જે—
અન્યને કરે ઘેલાં છતાં સ્વયં નિર્લેપ,
સુમધુર, સુકોમળ, સુમનોહર,
સુલલિત, સુગુણાલંકૃત, સુરેખ,
સુગંધિત, સુડોળ, સુધર્મી,
નિહાળ્યાં વિશ્વોદ્યાનનાં સર્વે ફૂલડાં,
પણ મન ઠર્યું એક પુષ્પે,
નિર્લેપ છે જે સાધુવર સમું,
અતુલિત, અવર્ણનિય, અદ્‌ભુત,
ઝૂલે છે આત્માનંદે એક સરખું,
રમ્ય સરોવરના અંતરે.
જલમાં વસે ને જલ ન ભીંજવે.
સર્વદા રહે નિજ સ્વરૂપે.
ગમે છે ચિત્તને એ રમ્ય સુમન **કમળ.**
**रे पद्मिनीदल ! तवात्र मया चरित्रं,**
**दृष्टं विचित्रमिव यदचिरादितं ध्रुवं तत् ।**
**यैरेव शुद्धसलिलैः परिपालितस्त्वं,**
**तेभ्यः पृथग् भवसि पङ्कभवोऽसि यस्मात् ॥**
મને તો ગમે છે કમળ જ; કારણ ?
કારણ કથું, સાધુજન !
ધર્મદેશના અર્પનાર તીર્થંકરદેવ,
વિહરે નવ સુવર્ણકમળે;
કેવળી જનો બિરાજે કમળાસને,
ને વિકસાવે ભવિજનનાં આત્મકમળ.
સ્થાન પામો વીતરાગ દેવ,
એ વિકસિત હૃદયકમળે;
અહર્નિશ ધ્યાન હો નવપદનું,
એ જ્ઞાન કિરણે વિકાસિત આત્મકમળે;
હંસ સમા જ્ઞાની જનો તો,
સદા આનંદ પામે ધર્મરૂપી કમલાકરે;
પ્રાણી માત્ર ધરે હૃદયકમળ;
છતાં અણખીલ્યાં રહે કોઇકનાં.
ધર્મના પૂર્ણ પ્રકાશના અભાવે;
ને સંપૂર્ણ વિકસે છે કોઇક,
ભાગ્યવંત ધર્મવિકાસ વાંચ્છુઓનાં;
દોષારોપણથી આહ્‌લાદ ન પામે,
તેજ—હર્ષ પ્રેમી રમ્ય કમળ.
વિકસે તે આહ્‌લાદ અર્પે, ને—
અણવિકસ્યાં ન આહ્‌લાદ અર્પે,
અથવા ન આહ્‌લાદ પામે;

* એક મુમુક્ષુ જ્યોતિષીએ પૂછેલા પ્રશ્નનો પ્રત્યુત્તર સપ્રેમ વાંચકોને સમર્પણ હો. ∴ **હેમેન્દ્ર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમ્યગ્જ્ઞાનની કુંચી—

# પરમાત્માનું અધિરાજ્ય.

( ગતાંક પૃષ્ઠ ૧૪૨ થી શરૂ. )

કોઇ રાજ્ય પરતંત્ર હોય પણ તેમાં રાજા પ્રજા વચ્ચે સારો મેળ હોય તો પ્રજાજનો વ્યક્તિગત સ્વાતંત્ર્ય સારી રીતે અનુભવી શકે છે. રાજ્યના વિરોધીઓને પ્રેમથી વશ કરી મિત્ર બનાવ્યાથી રાજકારણની દૃષ્ટિએ કેટલેક અંશે મુક્તિ મળે છે એમ પણ બને છે.

વિશ્વપ્રેમ એ શાન્તિ અને સ્વાતંત્ર્યની નિશ્ચયકારી પ્રતીતિરૂપ છે એમ આ સર્વ ઉપરથી નિષ્પન્ન થાય છે. દરેક ધર્મમાં વિશ્વપ્રેમના સિદ્ધાન્તને અનેરું સ્થાન અવસ્ય હોય છે. વેદાન્ત આત્માની એકતાની દૃષ્ટિએ વિશ્વપ્રેમનો બોધ આપે છે તે સર્વથા યથાર્થ જ છે. પ્રો. ડો. સન "The Aspects of Vedant"(વેદાન્તનાં દૃષ્ટિબિન્દુઓ)માં કહે છે કેઃ—

"પોતાના આત્મા જેવો જ પાડોશી પ્રત્યે પ્રેમ રાખવો એમ ઇન્જીલમાં કહ્યું છે. સુખ કે દુઃખ પોતાના આત્માને જ થાય એ જોતાં ઇન્જીલનું આ કથન કોઇને અવાસ્તવિક લાગે, પણ વેદાન્તથી આ સંબંધમાં યોગ્ય સમાધાન જરૂર થાય છે. વેદાન્તના '**तत्त्वमास**' (તું તે છે) એ સૂત્રમાં આધ્યાત્મિક શાસ્ત્ર તેમ જ નીતિશાસ્ત્ર બન્નેનું રહસ્ય આવી જાય છે. એ સૂત્રથી પોતે પોતાનો પડોશી છે એવું ભાન થાય છે. પાડોશી પોતાના આત્માથી વિભિન્ન હોય એ માન્યતા સાવ ભ્રમરૂપ લાગે છે."

વેદાન્ત પાડોશી પ્રત્યે પ્રેમ દાખવવાની આવશ્યકતાના સંબંધમાં ગમે તે કહેતું હોય પણ એ પ્રેમ કર્મના અચલ નિયમ ઉપર નિર્ભર છે એમાં કંઇ શંકા નથી. પાડોશીનું અહિત કરતાં કે પાડોશીને ક્ષુદ્રવત્ લેખતાં પાડોશી કરતાં કોઇ મનુષ્યનું વિશેષ અહિત થાય છે એ સર્વથા નિઃશંક છે.

મન, વાણી અને શરીરથી જે સત્કાર્યો કે કુકૃત્યો થાય છે તેથી અનુક્રમે પુણ્ય અને પાપની નિષ્પત્તિ થાય છે. પુણ્યનાં પરિણામ ઇષ્ટ અને સુખદાયી હોય છે; પાપની પરિણતિ દુઃખદ અને અનિષ્ટ હોય છે. પ્રેમ એ એક પુણ્યકાર્ય હોવાથી, તેથી જીવનને સુખ મળે છે. જીવનનાં બળમાં વૃદ્ધિ થાય છે. અપ્રેમ કે

---

તીર્થંકરો, પૂર્વધરો, ગણધરો ને,
આચાર્યોએ આદર્યા મહાપ્રયાસો,
કવિજનોએ અલંકારયુક્ત ભાવે આલેખ્યો,
આધ્યાત્મિકોએ અજબ ભાવે ગાયો,
એવો ધર્મવિકાસ અર્પો દિવ્યાનંદ,
પ્રત્યેક ભવ્યોના હૃદયકમળમાં.
વિભુનું મુખડું વર્ણવ્યું કમળ સરખું.
જ્ઞાનપિપાસુ વિદ્વજ્જનો,
ભ્રમર સમ બની આવે એ મુખદર્શને,
ગુણગ્રાહી ભ્રમરો આવે પણ,
પોતે રહે અડગ, વિરાગી, નિર્વિકારી,
નિર્મોહી એવું ઠર્યું એ કમળ.
પુષ્પ-પસંદગીના પ્રત્યુત્તરે,
ગમે સુરમ્ય, સુકોમળ, સુમધુર-
સુરંગી, સુમન કમળ.

વસંતતિલકા—

હે જ્ઞાન સૂર્ય! તુજ જ્યોત અખંડ ભાસે,
ને આત્મપદ્મ શુભ ધર્મવિકાસ વાસે;
ખીલે વિકાસ ધરતું અતિ રમ્યભાવે,
નિર્લેપ બોધ જગ-માનવને સુણાવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિરસ્કારરૂપ પાપકાર્યથી આત્માને દુઃખ થાય છે. તિરસ્કારજન્ય અશ્રદ્ધાથી મનુષ્યોમાં અનેક પ્રકારનું સંઘર્ષણ થાય છે—આ સર્વનો વિચાર કરતાં પોતાના પાડોશીનું સ્વાતંત્ર્ય એટલે પોતાનાં સ્વાતંત્ર્યનું પરિમાપ એવો અર્થ ઘટાવી શકાય છે. પડોશી પહેલાં સ્વતંત્ર હોય તો કોઇ મનુષ્ય પોતે ખરો સ્વતંત્ર બની શકે છે. આથી પડોશીને પહેલાં સ્વતંત્ર કરવો એ પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે.

સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ માટે દરેક રાષ્ટ્રોનો જે જીવન-કલહ અવિરત રીતે ચાલ્યા કરે છે તેમાં પ્રેમનું કાર્ય અત્યંત પ્રભાવશાળી બની શકે છે. પ્રેમથી કોઈ પણ જાતના રક્તપાત વિના ભિન્નભિન્ન રાષ્ટ્રો વચ્ચે શાંતિ-સમાધાન થઇ શકે છે. પ્રેમથી જ કરેલાં સમાધાનથી જે તે દેશનું બળ વધે છે. આક્રમણો કે રક્તપાતથી કોઈ દેશ, રાજ્ય કે જનતા-મનુષ્યની રાજકીય મુક્તિ કોઈ કાળે સંભવનીય નથી. સત્ય જ્ઞાનનાં યોગ્ય વિતરણથી જ તેવી મુક્તિ પ્રાપ્ત થઇ શકે છે. સત્ય જ્ઞાનના પ્રચારથી જનતાની દૃષ્ટિ આધ્યાત્મિક બને છે. આધ્યાત્મિક દૃષ્ટિના કારણે, ભૌતિક વસ્તુઓની અસત્યતાનું ભાન થાય છે. દરેક મનુષ્યને પોતાનાં દિવ્ય સ્વરૂપમાં નિરતિશય શ્રદ્ધા જાગે છે. એ શ્રદ્ધાથી સામ્યભાવનો પ્રાદુર્ભાવ થાય છે. સામ્યભાવથી તમામ પ્રકારના ભેદભાવનો નાશ પરિણમે છે.

જે તે રાજ્યની સંગીનતા અને સત્તા ન્યાયથી વધે છે એમ મહારાજ્યોના ઉદય અને અસ્તના ઇતિહાસ ઉપરથી સ્પષ્ટ રીતે માલુમ પડે છે. ન્યાયથી પ્રજામાં શ્રદ્ધા જાગે છે. અન્યાયથી અશ્રદ્ધા પરિણમે છે. શ્રદ્ધાથી પરસ્પર હિતની એકતા થાય છે. એ એકતાથી સત્તાનાં મૂળ અત્યંત સુદૃઢ બને છે.

પક્ષપાત-અન્યાય કુદરતને સર્વ રીતે અસહ્ય હોવાથી, કુદરત અયોગ્ય શક્તિ અને અયોગ્ય સ્પર્ધા સદંતર બંધ કરવા મથે છે. આથી અયોગ્ય મનુષ્યોનું પ્રાન્તે નિઃસારણ થાય છે. સર્વ પ્રકારના પક્ષપાતી અને અનિયંત્રિત શાસનનું કુદરતના આ અવિચળ નિયમને લીધે, વહેલુંમોડું અધઃપતન થાય છે એ નિઃશંક છે. કુદરતનો અવિચળ ન્યાય સર્વદા પોતાનું કાર્ય અવિચ્છિન્નપણે કર્યે જાય છે. કુદરતના અપૂર્વ ન્યાયથી ભય-વૃત્તિનો સર્વત્ર ઉચ્છેદ થાય છે. શ્રદ્ધા, શાન્તિ અને સમભાવવૃત્તિ પરિણમે છે. કુદરતનો અવિચળ ન્યાય સંસારના સૂકાનીરૂપ છે. સંસારનું પ્રત્યેક કાર્ય કુદરતના ન્યાય અનુસાર થયા કરે છે. કુદરતી ન્યાય સચ્ચારિત્રનો જનક છે. શુભ ભાવના આદિ ઉચ્ચ સદ્‌ગુણોનો આવિર્ભાવ પણ પ્રકૃતિના અવિચલ ન્યાયથી જ થાય છે.

જે પ્રજાજનોમાં પરસ્પર વિશ્વાસ ન હોય તેઓ પારતંત્ર્યની જંજીરોમાં જકડાયલા રહે છે એમ અનેક દેશોની પરિસ્થિતિ ઉપરથી સ્પષ્ટ જણાય છે. જે પ્રજાજનોમાં અરસપરસ અત્યંત વિશ્વાસ હોય તે જ પ્રજાજનો સ્વાતંત્ર્ય અનુભવી શકે છે. જે રાજ્યમાં ન્યાયવૃત્તિ વિશેષ હોય તે જ રાજ્ય ચિરસ્થાયી બને છે. જે ઘરમાં અત્યંત કલેશ અને કુસંપ હોય તે ઘરનો વિનાશ જ થાય એમાં કંઇ શક નથી. સંપરૂપી મહાન્ બળ વિના કોઇ કુટુંબ, જાતિ, રાષ્ટ્ર આદિમાં ખરું સત્ત્વ નથી આવી શકતું. સંપથી જ સર્વને સંગીન બળની પ્રાપ્તિ થાય છે. સુસંપને પરિણામે, રાષ્ટ્રો વિગેરેનું કાર્ય અત્યંત વ્યવસ્થિત રીતે ચાલે છે. સંપથી સ્વમાન આદિ અનેક ઉચ્ચ પ્રતિના સદ્‌ગુણોની પરિણતિ થાય છે. એ સદ્‌ગુણો રાષ્ટ્ર વિગેરેનાં ખરાં બળરૂપ થઇ પડે છે. એ સદ્‌ગુણો જ રાષ્ટ્ર વિગેરેની અતુલ સંપત્તિરૂપ બની રહે છે.

સત્યરૂપ મહાન્ સદ્‌ગુણ બીજા કોઇપણ સદ્‌ગુણ કરતાં દરેક પ્રજાને વિશેષ આવશ્યક છે. એ સદ્‌ગુણથી અનેક આનુષંગિક ગુણોની પ્રાપ્તિ થાય છે. કોઇપણ પ્રજાને સત્યની ખરી પરિણતિ થતાં, તે પ્રજા વસ્તુતઃ સત્ત્વશાલી બને છે. સત્યતાને કારણે, એક પ્રજા પ્રત્યે બીજી પ્રજાઓ સંનિષ્ઠ જ રહે છે. સત્યરૂપી બળથી વિવિધ પ્રજાઓનું યથાયોગ્ય સંકલન થાય છે. સત્યની અવગણનાથી પ્રત્યેક પ્રજાનું અધઃપતન અવશ્ય થાય છે. પ્રજા અનેક પ્રકારના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખમાં આવી પડે છે. અસત્યનાં અનિષ્ટ પરિણામો જે તે પ્રજાને જરૂર ભોગવવાં પડે છે. આધ્યાત્મિક તેમ જ ભૌતિક દૃષ્ટિએ, અસત્યનાં અનિષ્ટ પરિણામો ભોગવ્યા વિના કોઇપણ પ્રજાને છૂટકો જ નથી એમ કહી શકાય.

અસત્યથી હૃદયની અશુદ્ધિ પરિણમે છે એમ આધ્યાત્મિક દૃષ્ટિએ વિચાર કરતાં સ્પષ્ટ જણાય છે, બુદ્ધિ વક્ર બને છે, અનેક પ્રકારના સદ્‌ગુણોમાં જડતા આવે છે. ઉચ્ચ પ્રકારના પ્રેમમાં સદંતર પરિવર્ત્તન થઇ તિરસ્કાર–ભાવ જાગૃત થાય છે. આત્માનો વિકાસ અશક્ય બને છે. મતિવિભ્રમ થવાથી, ચિત્ત ચિંતાતુર બની જાય છે. આત્માને કોઇ પણ પ્રકારનો આનંદ કે સુખ નથી રહેતાં. અસત્યવાદીને સુખ તો જોઇએ છે, પણ તેનાથી એવાં જ કાર્યો થાય છે કે જેથી તેને સુખને બદલે દુઃખની પ્રાપ્તિ જરૂર થાય છે. અસત્યથી આધ્યાત્મિક ઉદયનું સંસ્થાપન સર્વથા નિર્મૂલ બને છે. અસત્ય એ મુક્તિના માર્ગમાં સદૈવ મહાન્‌માં મહાન્ આવરણરૂપ થાય છે.

અસત્યને કારણે, કોઇ પણ મનુષ્યનો પ્રાન્તે વિનિપાત જ થાય છે એ સુવિદિત છે. અસત્ય અને અનીતિથી મનુષ્ય કોઇ વાર કંઇ લાભ પ્રાપ્ત કરે છે; પણ એ લાભ લાંબો સમય ટકી શકતો નથી. અસત્ય અને અનીતિને પરિણામે, મનુષ્યને પ્રાયઃ અલાભ જ થાય છે. જો અસત્યથી વાસ્તવિક રીતે લાભ જ થતો હોય તો પ્રપંચીઓ, ચોરો, ડાકુઓ વિગેરે કરોડપતિ બની જાય. આવું કંઇ ભાગ્યે જ બને છે અને એ ઉપરથી અસત્ય અલાભદાયી જ છે એમ સિદ્ધ થઈ શકે છે. દરેક દેશોનો અભ્યુદય પણ સત્યથી જ થાય છે. સત્ય વિના કોઇ પણ રાષ્ટ્રનો અભ્યુદય સંભવી શકતો નથી. સત્યની દૃષ્ટિએ હિન્દ બીજા કોઇ પણ દેશ કરતાં પછાત છે. સત્યની વાસ્તવિક પરિણતી થયા વિના હિન્દનો કોઈ કાળે ઉદ્ધાર થાય એ અશક્ય જ છે.

અસત્ય અને અનીતિથી મનુષ્યને જે ક્ષણિક લાભ થાય છે તે લાભ અનેક પ્રકારનાં ચિરસ્થાયી દુઃખો અને ભયથી નિષ્ફળ જેવો બની જાય છે. કેટલીક વાર મનુષ્યને પોતાના અસત્ય અને અનીતિને માટે એટલાં બધાં પારાવધિ દુઃખો ખમવા પડે છે કે, અસત્ય અને અનીતિના કહેવાતા ક્ષુલ્લક લાભ કરતાં, એ દુઃખો અનેકગણાં વધી જાય છે. અસત્યવાદી મનુષ્યથી નીતિમાન અને સત્યશીલ મનુષ્ય સામે જોઈ પણ શકાતું નથી. અસત્યવાદીના મુખ ઉપર પાપ અને પ્રપંચની કાલીમા જ છવાયેલી રહે છે. અસત્યવાદી ગમે તેવી સારી સ્થિતિમાં હોય છતાંયે તે એકંદર કંગાળ જેવો જ લાગે છે. અસત્યવાદીને સ્વમાન કે સ્વાશ્રય નથી હોતાં. અસત્યવાદી વ્યાપાર આદિમાં ફતેહ ભાગ્યે જ મેળવે છે. માનસિક અશુદ્ધિ અને દૌર્બલ્યને કારણે, તેનું આરોગ્ય લથડેલું જ રહે છે. વળી અસત્યવાદી મનુષ્યોને શત્રુઓ ઘણા હોય છે. આ શત્રુઓ તેને ઘણીયે વાર ભારે થઇ પડે છે. કોઈ વાર એ શત્રુઓથી તેનું નિકંદન થાય છે. અસત્યવાદી જગત્‌ના મહાન કલંકરૂપ છે અસત્યવાદીઓનો પાપી ચેપ જગતને ઘોર શ્રાપ સમાન છે. અસત્ય જગતમાં વિવિધ દુઃખો અને નર્કો ખડાં કરે છે. અસત્ય અને અસત્યવાદીઓ આ રીતે સર્વથા પરિહાર્ય છે.

સત્ય અને ન્યાયથી, પ્રજામાં શાન્તિ અને સન્નિષ્ઠા પ્રવર્તે છે. અન્ય પ્રજા ઉપર શાસન કરતાં રાષ્ટ્રમાં સત્ય અને ન્યાયવૃત્તિ અવશ્ય હોવાં જોઇએ. એથી એ રાષ્ટ્રનું શાસન ચિરસ્થાયી બને છે. પરતંત્ર પ્રજામાં પોતાનાં ઉપર શાસન કરતી રાષ્ટ્ર–શક્તિ પ્રત્યે સદૈવ એકનિષ્ઠા રહે છે. પ્રજાની એકનિષ્ઠતાનો સ્રોત અવિરતપણે વહ્યા કરે છે. પરતંત્ર પ્રજાના અત્યંત પ્રેમથી, શાસક રાષ્ટ્રનાં બળ અને સંપત્તિની અહર્નિશ વૃદ્ધિ થયા કરે છે. ભય આદિથી કૃત્રિમ એકનિષ્ઠા ઉત્પન્ન કરવાનું રહેતું જ નથી.

સંઘર્ષણ કે વ્યાધિનાં ચિહ્નોનું ક્ષણિક નિવારણ કરવું એ કંઈ દક્ષતા નથી. ખરા રાજનીતિજ્ઞો વૈમનસ્ય આદિનું નિવારણ ચિરસ્થાયી રીતે જ કરે છે. દરેક રાજ્યો અને તેની પ્રજા વચ્ચે વિશુદ્ધ પ્રેમ પ્રવર્તતો હોય તો જ પ્રજાની એકનિષ્ઠા સંભવી શકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. એ અચલ નિયમ અનુસાર મહાન્ રાજનીતિજ્ઞો પ્રજાનો વાસ્તવિક પ્રેમ સંપાદન કરવા માટે સર્વ પ્રયત્નો કરે છે. પ્રજાના પ્રેમની સંપ્રાપ્તિ એ મહાન્ ગણાતા રાજપુરુષોનું પરમ કર્તવ્ય થઈ પડે છે.

અયોગ્ય નિયંત્રણોથી મનુષ્યનાં ચિત્તમાં સાહજિક રીતે વિરોધ જાગે છે. આથી એકનિષ્ઠાનો ઉચ્છેદ સંભાવ્ય બને છે. પ્રજા કે કુટુંબમાં પ્રેમપૂર્વક થયેલાં યોગ્ય નિયંત્રણોને જ તે તે વધાવી લે છે. આવાં યોગ્ય નિયંત્રણોના સંબંધમાં, કોઇનો પણ વિરોધ નથી ઊઠતો અને કુટુંબમાં પણ લાગતાંવળગતાંઓ પણ તેનો હર્ષપૂર્વક સ્વીકાર કરે છે. પિતા બાળક ઉપર, શેઠ નોકર ઉપર, પતિ પત્ની ઉપર કોઈ પ્રકારનું પ્રેમયુક્ત નિયંત્રણ યોગ્ય રીતે મૂકે છે તો તે નિયંત્રણોના સંબંધમાં કોઇપણ પ્રકારનો વિરોધ કે વૈમનસ્ય ઉત્પન્ન નથી થતાં. પ્રેમથી એકનાં નિયંત્રણનો બીજો જરૂર સ્વીકાર કરે છે.

કુટુંબ કે પ્રજામાં બળાત્કારથી વફાદારીનું ગમે તેટલું જંગી પ્રદર્શન કરવામાં આવે, પોકળ વફાદારીના સંબંધમાં પુસ્તકોનાં પુસ્તકો લખાય પણ એ બધું સાવ નિરર્થક છે. સાચી એકનિષ્ઠતા હૃદયજન્ય છે. વિવિધ શસ્ત્રાશસ્ત્રો હૃદયને સર્વથા અગમ્ય છે. ગમે તેટલાં અસ્ત્રશસ્ત્રોની પ્રચંડ સામગ્રીથી ખરી એકનિષ્ઠા કોઇ કાળે સાધી શકાતી નથી. ખરી એકનિષ્ઠાનો પ્રાદુર્ભાવ પ્રેમથી જ થાય છે.

વિદ્વેષનો પ્રચાર કરી રાજ્ય કે કુટુંબમાં શાસન કરવું અશક્ય થઈ પડે છે. સુશાસન અને વિદ્વેષનીતિ એ બન્ને પરસ્પર વિરોધી હોવાથી, બન્નેનો મેળ કદાપિ ન જ થાય. સુશાસન એટલે પ્રજાની શાન્તિ અને સુસંપન્ન સ્થિતિ, સુશાસન એટલે પ્રજાજનો વચ્ચે સંપૂર્ણ મૈત્રીભાવની સંસિદ્ધિ. જે તે શાસન કુટુંબ અને પ્રજાની શાન્તિ આદિ જેટલે અંશે સાધી શકે તેટલે અંશે તેનું મહત્ત્વ આંકી શકાય છે.


( ચાલુ )

## સુધારો

કોઇ વખત કોઇ પ્રતિસ્પર્ધી અન્યની લઘુતા બતાવવા, તેવાઓને ભલું લગાડવા અથવા કોઇ અજાણતાં કે અજ્ઞાનપણાથી, કોઇ વખત કદાચ પ્રૂફ જોવાની કે બીજી રીતે બેદરકારીથી પ્રૂફ જોતાં ભૂલ જે રહી જાય છે, તે કોઇ વખત બીજાને અન્યાય કરી નાખે છે, એવા કોઇ કોઇ લખાણ પ્રકાશનોમાં થઇ જાય છે. આવી હકીકત હાલમાં શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ગ્રંથમાળાના પુષ્પ ચોથા તરીકે રા. રા. સાક્ષરવર્ય શ્રી ધૂમકેતુએ વિદ્વત્તા પૂર્વક લખેલ **કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય** નામના ગ્રંથની પાછળના ભાગમાં ગ્રંથસૂચિ આપેલી છે, તેમાં શ્રી ધૂમકેતુભાઇને સૂચિ આપનાર ભાઇએ માનવા પ્રમાણે અજાણપણે ભૂલ કરેલી છે. તે ગ્રંથ સૂચિના લીસ્ટમાં ૧૪ **શ્રી પ્રભાવક ચરિત્ર** અનુવાદ અને ૧૭ **કુમારપાળ પ્રતિબોધ** અનુવાદ એ બંને ગ્રંથ શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરે પ્રકટ કરેલા છતાં, બીજાનું નામ આપેલ છે. અમારી જાણ મુજબ તે સૂચિનું લીસ્ટ છાપવા આપનાર ભાઇને પત્રદ્વારા પૂછાવતાં અજાણપણે તેમ થએલ છે તેમ જણાવવાથી આટલો સુધારો અમારે મુકવો પડયો છે જેથી તે બે ગ્રંથો આ સભાએ છપાવેલ છે તેમ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## પંજાબ સમાચાર.

પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ જેહલમમાં એક સપ્તાહ રહી. હજારો માનવોને ઉપદેશામૃતનો લાભ આપી તા. ૩૧-૧૨-૪૦ પોષ સુદિ ૩ ના બપોરે વિહાર કર્યો. વિહારના સમયે અધિકારીવર્ગ વિગેરે શૈલ સુધી વળાવા આવ્યા હતા. શૈલ, શીંગોઇ, ખુર્દપુર, દારાપુર, જલાલપુર કીકના, પીંડનવાલ થઇ હીરણપુર પધાર્યા. આ ગામોમાં જૈનોના ઘર ન હોવા છતાં બન્ને વખત વ્યાખ્યાન આપવામાં આવતું અને તેનો લાભ સેંકડો નરનારીઓ લેતા. હીરણપુરમાં સ્વર્ગસ્થ ગુરુદેવ ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજના ખાનદાનના રેલગાર્ડ બાબૂ હરવંશલાલ મલ્યા. આચાર્યશ્રીજીના દર્શન કરી ઘણા જ ખુશ થયા અને પોતાના ગામ કળશ (કે જ્યાં આત્મારામજી મ. ના પૂર્વજ રહેતા હતા) પધારવાની વિનંતિ કરી, આચાર્યશ્રીજી પણ એઓની વિનંતિને માન આપી કળશ ગામ પધાર્યા. ત્યાં બાબૂ હરવંશલાલ અને અચરજ આ બંને ભાઇઓમાં કંઇ કારણસર વૈમનસ્ય ચાલતું હતું તે આચાર્યશ્રીજીના ઉપદેશથી દૂર થયું. અન્ય સાધુઓ ફળ-મેવા-મિષ્ટાન્ન આદિ લે છે એમ આ જૈન સાધુઓ પણ લેતા હશે એમ સમજી બાબૂ હરવંશલાલ નજીકના શહેરથી આ બધી ચીજો લાવ્યા અને વિહારના સમયે લેવા માટે આગ્રહ કર્યો. આચાર્યશ્રીજીએ જૈન સાધુઓના આચારવિચાર સંબંધી માહિતી આપીને લેવા નિષેધ કર્યો, આથી એઓએ ગુરુપ્રસાદ માની બધા ભાઇઓને વહેંચી આપ્યો. અહીંથી આચાર્યશ્રી પીંડદાદનખાં પધાર્યા.

પીંડદાદનખાંમાં લાલા મૂળેશાહજી જગન્નાથજીનું એક ઘર હોવા છતાં પ્રવેશની શોભા નિરાળી હતી. સેંકડો મનુષ્યોની સાથે આચાર્યશ્રીજી બાર વાગ્યે શ્રી સનાતન ધર્મ સભામાં પધાર્યા. ત્યાં આચાર્યશ્રીજીના કરકમળોમાં માનપત્ર અર્પણ કર્યું. આચાર્યશ્રીજીએ માનવજન્મની સફળતા વિષયક અસરકારક વ્યાખ્યાન આપ્યું.

આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં ત્રણ વાગે સભા થઇ. સૂફી દીનમહમદનું જીવદયા વિષય પર જોસીલું ભાષણ થયું અને આચાર્યશ્રીજીએ જીવદયા પર સારો પ્રકાશ ફેંક્યો અને રાતના પણ સૂફીસાહેબનું ભાષણ અને મનોહર ભજનો થયા. અહીં કેવળ પાંચ દિવસ રોકાયા હોવાથી દરરોજ બે વખત વ્યાખ્યાન આપી પીંડદાદનખાંની જનતાને સંતુષ્ટ કરી હતી.

પોષ સુદ ૧૩ ના રોજ ભેરા તરફ વિહાર કર્યો. જજસાહેબ સરદાર રામસિંગજી, વકીલ સંતરામજી, સોહનલાલજી વગેરે ઘણા સંભાવિત સદ્ગૃહસ્થો ઘણા દૂર સુધી વળાવા પધાર્યા હતા.

શુદિ ૧૪ ના દિવસે વીતભયપતન (ભેરા) પધાર્યા. અહીં ફક્ત પ્રાચીન દહેરાસર છે. શ્રાવકોના બીલકુલ ઘર નથી. શ્રી આત્માનંદ જૈન સેવક મંડળ ગુજરાંવાલા અને પીંડદાદનખાં, જહેલમ, કસૂર, કાળાબાગ, લતંબર વિગેરેથી આવેલા શ્રાવકોએ સ્વાગત કર્યું હતું. પ્રભુદર્શન કરી ૩॥ વાગ્યે મનુષ્યજન્મની દુર્લભતા પર આચાર્યશ્રીજીનું સુંદર વ્યાખ્યાન થયું.

આચાર્યશ્રી એકમના દિવસે વિહાર કરવાના હતા પરંતુ નગરનિવાસીઓની આગ્રહભરી વિનં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિને માન આપી બે દિવસ વધુ રોકાઈ કિંમતી ઉપદેશ આપ્યો. પરિણામે ઘણાઓએ માંસ, દારુ આદિનો ત્યાગ કર્યો. વિહારના સમયે પંડિતપાર્ટી, વકીલ, અધિકારી વિગેરે બે માઇલ સુધી વળાવા આવ્યા હતા.

મહારાજા ઉદયન અને પ્રભાવતી રાણી અહીં જ થયા હતા. ભગવાન મહાવીરદેવે સ્વયં અહીં પધારી મહારાજા ઉદાયનને દીક્ષા આપી હતી. કયાં તે વખતની જાહોજલાલી અને કયાં આજની પડતી ? દહેરાસર જીર્ણ અવસ્થામાં છે. જીર્ણોદ્ધારની ખાસ આવશ્યકતા છે. પ્રતિમાજી ચમત્કારી છે. અહીંથી હજુરપુર, મીયાંણી, મલકવાડ, હરીયા, સુહાવા, કુહાલા આદિ થઇ કાબરાવાદ પધાર્યા. દરેક ગામોમાં આચાર્યશ્રીજીનું વ્યાખ્યાન થતું. આવા ગામોમાં જૈનોના ઘર નથી આવતાં છતાં અજૈન બંધુઓ ઘણા જ પ્રેમથી ભાવભક્તિ કરે છે અને સેંકડોની સંખ્યામાં આવી વ્યાખ્યાન આદિનો લાભ લે છે.

અહીંથી વિહાર કરી મહા શુદિ બીજના દિવસે ખાનગાડોગરા પધારશે. ત્યાં મહા વદિ છઠ્ઠની પ્રતિષ્ઠા થવાની છે.

પત્રવ્યવહાર મુઃ ખાનગાડોગરા, જીલ્લા શેખુપુરા ( પંજાબ ) લાલા પનાલાલ હીરાલાલ જૈન મારફત કરવો.

---

## વિહાર.

આચાર્ય શ્રી વિજયલલિતસૂરિજી મહારાજ અમદાવાદથી વિહાર કરતાં સાબરમતી આવ્યા. ત્યાં મુનિ રામવિજયજીને મુનિશ્રી મિત્રવિજયજીના નામની વડીદીક્ષા આપી. ત્યાંથી વિહાર કરી વળાદ આવ્યા. ત્યાં મુનિશ્રી વિકાસવિજયજીને ગણિપદવી તથા મુનિશ્રી પ્રેમવિજયજીને મુનિશ્રી પ્રભાવિજયજીના નામની વડીદીક્ષા આપી. ત્યાંથી વિહાર કરી કપડવંજ આવ્યા. કપડવંજમાં બેત્રણ શ્રાવિકાઓની દીક્ષાનો પ્રસંગ નજીકમાં હતો, પણ વડોદરા આવવું બહુ જ જરૂરી હોવાથી વડોદરા પધાર્યા. જ્યાં પોષ શુદિ ૧૦ ના રોજ સામૈયા સાથે નગરપ્રવેશ કર્યો હતો.

---

## અભિનંદન.

આ સભાના લાઇફ મેમ્બર **શાહ જશવંતરાય મૂળચંદ એમ. બી.બી. એસ.**ની ડોકટરી પરીક્ષામાં પસાર થયા છે તે માટે આનંદ વ્યક્ત કરવા સાથે, તેઓ દીર્ઘાયુ થઇ પોતાના ધંધામાં ઉદારતા અને અનુકંપા રાખવા સાથે વિશેષ પ્રગતિશીલ થાય તેમ આ સભા પરમાત્માની પ્રાર્થના કરે છે.

---

## વસ્તીપત્રક માટે સૂચના.

આગામી વસ્તી ગણતરીને અંગે ભાવનગરના જૈન બંધુઓને જણાવવાનું કે તા. ૨૮-૨-૪૧ લગભગ જે જનતાની ગણત્રી થનારી છે તેમાં આપણા જૈન ભાઇઓની સાચેસાચી વસ્તી ગણતરી થાય તેટલા માટે "ધર્મ"ના ખાનામાં "જૈન" તરીકે વસ્તી ગણતરી કરવા આવનાર કારકુન પાસે નોંધ કરાવવો. અગાઉની સને ૧૯૩૧ ની સાલની વસ્તીમાં ભાવનગરની જૈન વસ્તી ૫૬૧૭ ગણાઇ છે; અને હાલના સંજોગોમાં "જૈન" વસ્તીમાં વધારો થયો હશે તેટલા માટે આપણને આપણી વસ્તીનું ખરેખર સંખ્યાબળ જાણવાનું બની શકે તેટલા માટે આટલી સ્પષ્ટતા કરવામાં આવે છે. આ બાબત શ્રી જૈન શ્વેતામ્બર, સ્થાનકવાસી તેમજ દિગંબર સર્વે જૈન ભાઇઓને લાગુ પડે છે.

આપણી વસ્તી ગણતરીને અંગે આંકડાઓનો આપણી પાસે બીજો કાંઇપણ આધાર નહિ હોવાથી વસ્તીપત્રકમાં આવતા આંકડાઓને સાચા તરીકે માની, આપણા ભાવી ઉદય માટે આવતા દશ વર્ષ સુધી તેમને માર્ગદર્શક તરીકે ગણવામાં આવે છે, તેથી આ સૂચના કરવામાં આવે છે.

**નરોત્તમદાસ બી. શાહ**
તા. ૨૭/૧/૪૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## સં. ૧૯૯૬ના કારતક શુદ ૧ થી આસો વદ ૦)) સુધીનો (૪૪ મો)

# વાર્ષિક રિપોર્ટ.

**આ** સભાને સ્થાપન થયાં ૪૫ વર્ષ થયાં છે. આપની સમક્ષ આ ૪૪મા વર્ષનો રિપોર્ટ, આવકજાવક, હિસાબ સાથે રજૂ કરતાં અમોને હર્ષ થાય છે. અત્યાર સુધીમાં ગુરુકૃપાથી અનેક વિઘ્નોમાંથી પસાર થઇ, આજે તે લૌકિકમાં કહેવામાં આવે છે તેમ ૪૫મા વર્ષમાં પ્રવેશ કરે છે તે તેની પ્રૌઢ વય કહી શકાય. આ સભાનો જન્મ થવાનો મૂળ હેતુ પ્રાતઃસ્મરણીય **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી** (આત્મારામજી) મહારાજના સ્મરણ નિમિત્તે હોવા છતાં ગુરુભક્તિ ખાસ છે. આ તો મૂળ સ્થાપનાનો હેતુ જણાવ્યો, પરંતુ સ્થાપન થયા પછી સભાએ જે ઉદ્દેશ નક્કી કરેલ અને ત્યારબાદ જરૂરીયાત પ્રમાણે તેમાં સુધારોવધારો કરતાં આ સભા જે પ્રગતિશીલ થઇ છે તેમાં આપ સર્વનો ફાળો છે; તેમ જ સ્વર્ગવાસી પૂજ્યપાદ ગુરુરાજ શ્રી **આત્મારામજી** મહારાજના પરિવારમંડળની કૃપા, સહાનુભૂતિ અને કિંમતી સલાહ પણ છે, તેથી જ સભાના ચાલતાં કેટલાક ખાસ કાર્યોથી તે આપણા સમાજમાં સારી પ્રતિષ્ઠા પામેલ છે.

સભાના ઉદ્દેશ પ્રમાણે કાર્ય કરવાની પદ્ધતિ, યોગ્ય વ્યવસ્થા, કરકસરવાળો વહીવટ, જનસમાજને બહોળા પ્રમાણમાં વાંચનનો લાભ આપનારી ફ્રી લાઇબ્રેરી, અપૂર્વ પ્રાચીન, અર્વાચીન સાહિત્યનું સુંદર પ્રકાશન અને તેને સ્થિતિ અને સંયોગના પ્રમાણમાં બહોળો પ્રચાર કરવાની વધતી જતી યોજના, 'આત્માનંદ પ્રકાશ'માં આવતા લોકભોગ્ય લેખો, કેળવણીને ઉત્તેજન, શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાનો વહીવટ અને તેને વ્યવસ્થિત કરવામાં આવતો ઉત્તમ પ્રયાસ, વિગેરે કાર્યોથી દિવસાનુદિવસ સભાસદોમાં થતો વધારો આ વિગેરે કાર્યોથી ગુરુભક્તિ, જ્ઞાનોદ્ધાર અને સમાજસેવા વગેરેમાં ઉત્તરોત્તર થતી જતી અભિવૃદ્ધિથી આપણને સૌને અંતઃકરણપૂર્વક આનંદ થાય તે સ્વાભાવિક છે.

આજ સુધીમાં સભા કેટલી પ્રગતિશીલ બની, કેટલી ગુરુભક્તિ, સાહિત્ય અને સમાજસેવા કરી તેનું માપ તો જૈન સમાજ જ કાઢી શકે. તે સર્વ કાર્યો આપણા સમાજની કૃપાથી, નિઃસ્વાર્થી કાર્યવાહકોએ અત્યાર સુધી પ્રમાણિકપણે કરેલી સેવા અને આપેલ એકસરખા સહકારથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને બીજા સભ્યો-બંધુઓએ પ્રેમભરી બતાવેલ લાગણીથી તેનું ઉજ્જવલ ભાવી વર્તમાન સ્થિતિવડે જે જણાય તેથી આ સભાના સર્વ માનવંતા સભાસદોને આનંદ, ગૌરવ અને અભિમાન લેવા જેવું બને તે સ્વાભાવિક છે.

ઉપર જણાવ્યું તેમ સાહિત્યપ્રચાર, ઉદારતાપૂર્વક જ્ઞાનદાન અને ધાર્મિક, વ્યવહારિક બંને પ્રકારની કેળવણીની અભિવૃદ્ધિને ઉત્તેજન એ મુખ્ય કાર્યો અને કર્તવ્ય આવી સંસ્થાઓના ઉદ્દેશમાં મુખ્ય હોવા જોઇએ. આ સભાની સ્થાપનાનો મૂળ ઉદ્દેશ બીજા કાર્યો સાથે અમુક રીતે તેવો પણ છે. દર વર્ષે ઉત્તરોત્તર તેની વધતી જતી ઉન્નત સ્થિતિ માટે શું શું કાર્યો કર્યા છે તે દર વર્ષે રિપોર્ટમાં જણાવવામાં આવે છે.

**ઉદ્દેશ અને હેતુ**—આ સભાનું સ્થાપન સં. ૧૯૫૨ના બીજા જેઠ શુદ ૨ના રોજ સ્વર્ગવાસી ગુરુરાજ **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી** મહારાજના સ્મરણાર્થે-ગુરુભક્તિ નિમિત્તે કરવામાં આવ્યું છે.

**ઉદ્દેશ**—જૈન બંધુઓ ધર્મ સંબંધી ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરે તેવા ઉપાયો યોજવા, ધાર્મિક અને વ્યવહારિક કેળવણીની વૃદ્ધિ માટે યથાશક્તિ પ્રયાસ કરવા, જૈન ધર્મના અત્યુપયોગી ગ્રંથો, આગમો, મૂળ, ટીકા, અવચૂરિ તેમ જ ભાષાંતરના પ્રકટ કરી ભેટ, ઓછા મૂલ્યે કે મુદ્દલ કિંમતે આપી જ્ઞાનનો બહોળો ફેલાવો ( સાહિત્યનો પ્રચાર ) કરી જૈન સાહિત્યની અભિવૃદ્ધિ તથા સેવા કરવા, જૈન વિવિધ સાહિત્યનું એક જ્ઞાનમંદિર* કરવા અને તેનાથી દરેકને સર્વ રીતે લાભ આપવા, ફ્રી ( મફત ) વાંચનાલય-લાઇબ્રેરીથી જનસમાજને વાંચન પૂરું પાડવા અને અન્ય જૈન લાઇબ્રેરીને યથાશક્તિ સહાય કરવા વિગેરે અને એવા બીજા જૈન શાસનની સેવાના દરેક કાર્યોમાં યથાશક્તિ ફાળો આપી સ્વપર જ્ઞાનવૃદ્ધિ કરવા વિગેરેથી આત્મોન્નતિ કરવાનો છે.

**જૈન પ્રાચીન સાહિત્ય**—(શ્રી વસુદેવ હિંડિ, બૃહત્કલ્પસૂત્ર, કર્મગ્રંથ, સુકૃતસંકીર્તન, ષડ્દર્શનસમુચ્ચય) તત્ત્વજ્ઞાન, આગમ, ઇતિહાસ, નાટકો વગેરે ગ્રંથોનું પ્રકાશન કે જે માટે પૂર્વ પાશ્ચિમાત્ય દેશોના અનેક વિદ્વાનોથી પ્રશંસા પામેલ છે તે તેમજ હસ્તલિખિત પ્રતો વિગેરેનો જ્ઞાનભંડાર અને વિવિધ જૈન જૈનેતર ગ્રંથોના સંગ્રહની ફ્રી લાઇબ્રેરી અને મફત વાંચનાલય એ ઉત્તમ કાર્યો તો શરૂ જ છે-પ્રગતિમાન છે. હજી ભવિષ્યમાં વિશેષ પ્રગતિશીલ બનાવવા સભાના મનોરથો છે.

આ સર્વ કાર્યો સાથે અતિ મહત્ત્વ અને અગત્યનું કાર્ય ચોખવટવાળો હિસાબ-વહીવટ રાખવો, નાણાં મળેલા હોય તેનું જામીનગીરીમાં રોકાણ કરવું, ચાલતા અને નવીન કાર્યો માટે પ્રયાસ કરવો, એ સર્વ વિશિષ્ટ કાર્ય છે, તે જેટલું ચોખવટવાળું તેટલો સમાજનો વધારે વિશ્વાસ ઉત્પન્ન કરનારું છે. ધાર્મિક સંસ્થાનું નાણું વ્યાપારી વર્ગ કરતાં સારી જવાબદારીવાળી સીકયુરીટી કે સ્થાવર મિલ્કતમાં રોકવામાં આવે તો જ પૂરતી સલામતી તેની ગણાય. આ સભાના નાણાં તે જ રીતે મૂકવામાં આવે છે. હવે આ રિપોર્ટવાળા વર્ષમાં સભાએ શું શું કાર્ય કર્યું તે જણાવવા રજા લઇએ છીએ.

---

* ઘણા વર્ષોથી જ્ઞાનમંદિરની સ્થાપના કરવા માટે આ સભાના ઉદ્દેશમાં જણાવવામાં આવે છે, પરંતુ. સં. ૧૯૯૦ની સાલના ચૈત્ર મહિનામાં સભાના મકાનને લગતું એક મકાન સભાએ તે માટે વેચાણ લીધું છે. હવે તેને જ્ઞાનમંદિરને યોગ્ય બનાવવા રૂા. ૫૦૦૦)ની જરૂરીયાત છે. સભાની એવી ઇચ્છા છે કે તેટલી રકમ આપનાર ઉદાર જૈન બંધુનું નામ તે બીલ્ડીંગ સાથે જોડવું. વળી સભા પાસે હસ્તલિખિત પ્રતો ૧૫૨૨ ) તો સભામાં છે. છાપેલા આગમો, પ્રતો, બુકો વગેરેનો સંગ્રહ પણ સભામાં પૂરતો છે, સ્થાન-અનુષ્ઠાન તેયાર છે; પરંતુ તે મકાનને જ્ઞાનમંદિરને યોગ્ય બનાવવા પુણ્યવાન જૈન બંધુઓ પાસે ઉપર મુજબ આર્થિક સહાય માટે નમ્ર માગણી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બંધારણ—પેટ્રન સાહેબ, પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, બીજા વર્ગના લાઇફ મેમ્બરો અને વાર્ષિક મેમ્બર** એમ ચાર પ્રકારનું છે. અને સભાસદ બંધુઓના હક્કો, ફરજ અને સભાસદ બંધુઓને સભા તરફથી આર્થિક, વ્યવહારિક અને પ્રગટ થતાં અનેક ગ્રંથો ભેટ મળવાથી થતો ધાર્મિક લાભ આ રિપોર્ટમાં સંક્ષિપ્તમાં આપવામાં આવેલ છે અને તેને લગતા ધારાધોરણ તેમ જ લાઇબ્રેરી અને જ્ઞાનભંડારના ધારાધોરણ જેમાં ઘણો જ સુધારોવધારો સભાએ કરેલ છે તે છપાય છે, જે થોડા વખતમાં પ્રસિદ્ધ થશે.

## જનરલ કમિટી.

ગત વર્ષમાં આખરે ૯ પેટ્રન સાહેબો, ૧૦૪ પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, ૨૧૮ બીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૯ ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૩૮ વાર્ષિક મેમ્બરો, ૫ બીજા વર્ગના* વાર્ષિક મેમ્બરો મળી કુલ ૩૮૩ સભાસદો હતા. તેમાં સ્વર્ગવાસ પામેલા ને કમી થયેલા બાદ કરતાં અને નવા થયા તે ઉમેરતાં ૮ પેટ્રન સાહેબો, ૯૮ પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, ૨૨૨ બીજા વર્ગના લાઇફ મેમ્બરો; ૯ ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૪૨ વાર્ષિક મેમ્બરો, મળી કુલ ૩૭૯ મેમ્બરો છે. તેમાં ૨૪૬ બહારગામના અને ૧૩૩ ભાવનગરના છે. અમુક ગામના સંઘો, સંસ્થાઓ અને જૈન બહેનો પણ સભ્યો છે. સં. ૧૯૯૭ ની સાલમાં સભ્યોનો જે વધારો થયેલ છે તે હવે પછીના રિપોર્ટમાં આવશે.

## પેટ્રન સાહેબોના મુબારક નામો.

૧ બાબુસાહેબ બહાદુરસિંહજી સીંધિ.
૨ શેઠ ચંદુલાલ સારાભાઇ મોદી બી. એ.
૩ રાવસાહેબ શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ જે. પી.
૪ શેઠ માણેકચંદ જેચંદભાઇ.
૫ શેઠ નાગરદાસ પુરુષોત્તમદાસ.
૬ શેઠ રતિલાલ વાડીલાલ.
૭ શેઠ માણેકલાલ ચુનીલાલ જે. પી.
૮ શેઠ કાંતિલાલ બકોરદાસ.

## મેનેજીંગ કમિટી.

### પ્રમુખ.

શેઠ ગુલાબચંદ આણંદજી.

### ઉપપ્રમુખ.

શાહ દામોદરદાસ દીયાળજી.

### ટ્રેઝરર.

શેઠ અમૃતલાલ છગનલાલ.

### સેક્રેટરીઓ.

૧. ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.
૨ શેઠ હરજીવનદાસ દીપચંદ
૩. શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ.

*આ વર્ગ કમી કરવામાં આવ્યો છે અને તે વર્ગના સભ્યો જે હતા તેઓ પહેલા વર્ગના વાર્ષિક મેમ્બર થઇ ગયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સભાસદો.

૧. શેઠ દેવચંદ દામજી કુંડલાકર
૨. શાહ ગુલાબચંદ લલ્લુભાઇ
૩. શાહ ચમનલાલ ઝવેરભાઇ
૪. શાહ નગીનદાસ ઉત્તમચંદ
૫. વકીલ કચરાલાલ નાનજીભાઇ બી. એ. એલએલ. બી.
૬. શાહ દીપચંદ જીવણભાઇ બી. એ. બી.એસ.સી.
૭. શાહ દેવચંદ દુર્લભજી
૮. સંઘવી અમરચંદ ધનજીભાઇ
૯. શાહ કાંતિલાલ ભગવાનદાસ (એ. લાઇબ્રેરીયન)

## કાર્યો.

**૧. ફ્રી લાઇબ્રેરી અને રીડિંગ રૂમ:—** જૈન-જૈનેતરોને ફ્રી ( મફત ) લાભ આપવામાં આવે છે. વિવિધ સાહિત્યના પુસ્તકોનો સંગ્રહ નવ વર્ગોમાં કરેલો છે. તેમ જ ન્યુસપેપરો ઉપયોગી અને વાંચવા લાયક દૈનિક, અઠવાડિક, પખવાડિક, માસિક, ત્રિમાસિક, અંગ્રેજી, ગુજરાતી, હિંદી વગેરે ૫૨, આવે છે, જેનો આ શહેરના સંખ્યાબંધ મનુષ્યો દરરોજ લાભ લે છે. અત્રેના, બહારગામના તેમજ પાશ્ચિમાત્ય-વિદ્વાનો આ સભાની વિઝીટ લઇ ગયેલ છે અને લાઇબ્રેરી માટે પ્રશંસા કરેલ છે. આ શહેરમાં તો તે પ્રથમ દરજ્જો ધરાવે છે. હજી વિશેષ વૃદ્ધિ માટે પ્રયત્ન ચાલુ છે. સભા સ્થાપન થઇ ત્યારપછી અત્યારસુધી તેની ફેરીસ્ત થઇ નહોતી, જેથી ગત વર્ષમાં તેની સુધારણા અને ઉપયોગી ફેરફારો કરવા ખાસ એક વધારે કલાર્ક રાખી લાઇબ્રેરીયનની દેખરેખ નીચે તેના ઉપર ધ્યાન આપવામાં આવ્યું અને શુમારે દશ મહિનામાં તે કામ પૂર્ણ થયું. ફાટેલાં, નકામા પુસ્તકો રદ કર્યાં, તેને બદલે મળતાં તે જ પુસ્તકો નવા ખરીદ્યા. ઘણા વખતથી વાંચકો પાસે લેણા રહેલ પુસ્તકોની તોડજોડ કરી લીધી અને પ્રથમ જે સાત વર્ગો હતા તેની વહેંચણી નવ વર્ગોમાં નીચે પ્રમાણે કરી.

સ્વર્ગવાસી મુનિરાજ શ્રી ભકિતવિજયજી મહારાજનો લખેલી પ્રતોનો સંગ્રહ-ભંડાર જુદો છે કે જે તેઓશ્રીની હૈયાતિમાં આ સભાને માલીકી તરીકે સુપ્રત થયેલ છે.

## લાઇબ્રેરીના વર્ગો.

સંવત **૧૯૯૬** ની આખર સુધીમાં કુલ પુસ્તકો **૮૫૪૧** રૂા. ૧૪૭૩૯) ના છે, જેની કિંમત નીચે પ્રમાણે આપવામાં આવેલ છે.

વર્ગ ૧ લો કુલ ૨૮૨૭ **જૈન ધર્મના છાપેલાં પુસ્તકો** કિં. રૂા. ૩૬૭૧)
વર્ગ ૨ જો કુલ ૧૫૨ **જૈન ધર્મના છાપેલાં આગમો** કિં. રૂા. ૧૧૫૭)
વર્ગ ૩ જો *કુલ ૧૫૨૨ (૧૯૭+૧૩૨૫) **જૈન ધર્મની હસ્તલિખિત પ્રતો** શુમારે પચાસ હજાર રૂપીયાથી વધારે કિંમતની.
વર્ગ ૪ થો કુલ ૪૧૬ **સંસ્કૃત છાપેલા ગ્રંથો** કિં. રૂા. ૧૨૫૮)
વર્ગ ૫ મો કુલ ૩૧૨૯ **નીતિ નૉવેલ વગેરેના** વિવિધ સાહિત્યના ગ્રંથો કિં. રૂા. ૪૪૧૯)
વર્ગ ૬ ઠ્ઠો કુલ ૧૯૮ **અંગ્રેજી પુસ્તકો.** કિં. રૂા. ૫૪૮)
વર્ગ ૭ મો કુલ ૧૧૧૭ **માસિકની ફાઇલ અને દિવાળીના** ખાસ અંકો કિ. રૂા. ૨૬૨૮)
વર્ગ ૮ મો કુલ ૨૭૫ **હિંદી સાહિત્યના પુસ્તકો** કિ. રૂા. ૫૧૬)

* આ વર્ષમાં (સં. ૧૯૯૭ ની સાલમાં) છાપેલાં આગમો લખેલી પ્રતો અને છાપેલ જૈન ગ્રંથો ઘણા વધ્યા છે તે હવે પછીના રિપોર્ટમાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ગ ૯ મો કુલ ૨૩૦ **બાળવિભાગના પુસ્તકો** કિ. રૂા. ૯૦)
નવ વર્ગમાં કુલ પુસ્તકો ૮૫૪૧ રૂા. ૧૪૭૩૯। કિંમતના છે.

---

**૨. સભાનું વહીવટી-નાણાં પ્રકરણીય ખાતું:**—સભાનો વહીવટ સહજ રીતે સમજી શકાય તે માટે જુદા જુદા ખાતાઓથી ચલાવવામાં આવે છે, જેથી ઉપજ-ખર્ચ જાણવામાં આવી શકે. તે હિસાબ સરવૈયા સાથે પાછળ આપવામાં આવેલ છે.

**૩. જૈન સાહિત્ય પ્રકાશન ખાતું:—વિવિધ જૈન સાહિત્ય અને જ્ઞાનોદ્ધારના પ્રચાર માટે પ્રાચીન સંસ્કૃત, માગધી, મૂળ ટીકાના ગ્રંથો, જૈન ઐતિહાસિક ગ્રંથો, જૈન આગમો, કર્મ વિષયક ગ્રંથો, ગુજરાતી ભાષાંતરના ગ્રંથો વગેરે પ્રસિદ્ધ કરવાનું બહોળી સંખ્યામાં શરૂ રહેલ કાર્ય** નીચેનાં પાંચ પ્રકારે આ સભાનું સાહિત્ય-પુસ્તક પ્રકાશનખાતું છે.

૧. **શ્રી આત્માનંદ જૈન ગ્રંથ રત્નમાળા**—જેમાં સંસ્કૃત, પ્રાકૃત, માગધી, મૂળ ટીકાના ગ્રંથો પ્રકટ થાય છે.

૨. **પ્રવર્ત્તકજી શ્રી કાંતિવિજયજી** જૈન ઐતિહાસિક ગ્રંથોનું પ્રકાશન થાય છે.

૩. **શ્રી આત્મારામજી જન્મ શતાબ્દિ સિરિઝ**—શ્રી શતાબ્દિ (૧૯૯૨) મહોત્સવના સ્મરણ નિમિત્તે, જેમાં પ્રાચીન સંસ્કૃત, પ્રાકૃત યા ગુજરાતી ભાષાના ગ્રંથો પ્રસિદ્ધ થાય છે. જેમાં સાત ગ્રંથો પ્રસિદ્ધ થયા છે, અને બીજા નવા ગ્રંથોની યોજના શરૂ છે. ૧ ત્રિષષ્ઠિ શ્લાકાપુરુષચરિત્ર પર્વ **૨ થી ૧૦** છપાય છે. ૨ ધાતુપારાયણ, ૩ વૈરાગ્ય કલ્પલતા (શ્રી યશોવિજયજીકૃત પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકાવૃત્તિ) તૈયાર થાય છે.

૪. **સિરિઝ તરીકે મદદથી** છપાતાં ગ્રંથો.

૫. **સભાના પોતાના તરફથી** પ્રગટ થતાં ગ્રંથો મુદ્દલ કિંમતે કે ઓછી કિંમતે આપવામાં આવે છે.

અત્યાર સુધીમાં ઉપરોક્ત જણાવેલ ગ્રંથો ધારા પ્રમાણે સભાસદોને ભેટ આપવામાં આવેલ છે, જેથી એવા ગ્રંથોની તેઓ સાહેબ એક સારી લાઇબ્રેરી કરી શકયા છે.

અત્યાર સુધીમાં મુનિમહારાજો, જ્ઞાનભંડારો, પાશ્ચિમાત્ય વિદ્વાનો અને સંસ્થાઓને કુલે મળી રૂા. ૨૦૯૯૦-૧૧-૬ ની કિંમતના ગ્રંથો સભાએ (તદ્દન ફ્રી) ભેટ આપેલા છે. અડધી, અલ્પ કે ઓછી કિંમતે પણ આપેલા છે. લાઇફ મેમ્બરોને અત્યાર સુધીમાં આપેલા ગ્રંથોની પણ હજારોની સંખ્યાની રકમ થાય છે તે જુદા છે. આ બધું ગુરુકૃપાથી થતું હોવાથી અમોને આનંદ થાય છે. હજુ તેવું જ પ્રકાશન અને ભેટનું કાર્ય સંયોગ પ્રમાણે ચાલુ છે અને ચાલુ રહેશે, જેથી આ સભાની પ્રતિષ્ઠા, ગૌરવ અને જ્ઞાનભક્તિમાં પ્રશંસા સાથે વધારો થતો જાય છે.

**શ્રી આત્માનંદ સંસ્કૃત જૈન ગ્રંથમાળા સિરિઝ**—સં. ૧૯૯૬ ની આખર સાલ સુધીમાં પ્રાકૃત, સંસ્કૃત મૂળ, ટીકા વિગેરે વિવિધ સાહિત્ય અને આગમોના મળી કુલ ૮૮ ગ્રંથો પ્રકટ થયા છે. નવા ગ્રંથોનું કાર્ય નીચે પ્રમાણે શરૂ છે.

**વસુદેવહિંડિનો ત્રીજો ભાગ, બૃહત્કલ્પસૂત્રનો છઠ્ઠો ભાગ અને કથારત્નકોષ શ્રી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દેવભદ્રસૂરિકૃત** અને **શ્રી નિશીથચૂર્ણીસૂત્ર ભાષ્ય સહિત** તથા **શ્રી મલયગિરિ વ્યાકરણ** અને બીજા કાર્યોની યોજના શ્રી આત્માનંદ સંસ્કૃત જૈન ગ્રંથમાળાના કાર્ય માટે શરૂ છે.

૨. પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી ગ્રંથમાળાના ઐતિહાસિક સાત ગ્રંથો પ્રકટ થઇ ગયા છે. હાલ તે કામ સંયોગવશાત્ મુલતવી રહેલ છે.

---

## નીચેના ગુજરાતી ગ્રંથો છપાય છે.

**શ્રી સંઘપતિ ચરિત્ર ભાષાંતર** (ધર્માભ્યુદય) તથા **શ્રી વાસુપૂજ્ય સ્વામી ચરિત્ર** તેમજ **શ્રી આદિનાથ પ્રભુ ચરિત્ર, (પદ્માનંદ મહાકાવ્ય)** છપાય છે. સભા તરફથી ગુજરાતી ગ્રંથો અત્યાર સુધી સત્યોતેર છપાયા છે, બીજા નવા ગ્રંથોની યોજના શરૂ છે.

જ્યારે જ્યારે ગ્રંથો પ્રસિદ્ધ થાય છે ત્યારે ત્યારે તેની જાહેર ખબર 'આત્માનંદ પ્રકાશ' માં અપાય છે અને વધારે સંખ્યા ( ચાર-પાંચ ) તૈયાર થાય ત્યારે જ અમારા માનવંતા લાઇફ મેમ્બરોને "આત્માનંદ પ્રકાશ "દ્વારા પ્રથમ સૂચના કર્યાં પછી ભેટ મોકલવામાં આવે છે.

---

## જૈન બંધુઓ અને બહેનો તરફથી પ્રકટ થતી સિરિઝ-ગ્રંથમાળા.

સંવત ૧૯૯૬ સુધીમાં ૧૮ ગૃહસ્થો તથા બહેનો તરફથી સિરિઝના ધારા પ્રમાણે રકમ આવતા ગ્રંથો પ્રકટ થયા છે. આ મળેલી સિરિઝ માટેની આવેલી રકમોની હકીકત "આત્માનંદ પ્રકાશ"માં પ્રગટ થાય છે. નવી મળેલી તે સિરિઝની રકમોના ગ્રંથોના નામ સાથે હવે પછી માસિકમાં પ્રગટ થશે.

---

૪. **ધાર્મિક અને વ્યવહારિક કેળવણીને ઉત્તેજન**-દર વર્ષે રૂા. ૨૦૦) **જૈન** વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તરીકે, રૂા. ૧૨૫) થી ઉજમબાઇ **જૈન** કન્યાશાળાને મદદના મળી શુમારે સવાત્રણુસો રૂપિયા અપાય છે. અનુકૂળતાએ વિશેષ આપવા સભાની શુભ આકાંક્ષા છે.

---

૫. **શ્રી ઉજમબાઈ જૈન કન્યાશાળા**-નો વહીવટ સભાને તેની કમિટી તરફથી સુપ્રત થયેલ હોવાથી ધાર્મિક શિક્ષણને સહાય તેમજ મદદ આપવા સાથે કરે છે.

---

૬. **શ્રી આત્માનંદ પ્રકાશઃ**—માસિક આડત્રીશ વર્ષથી પ્રકટ કરવામાં આવે છે. તેમાં ઉત્તમ લેખો, પુસ્તકોની સમાલોચના, વર્તમાન સમાચારો વગેરે આપવામાં આવે છે. માસિકની સાઇઝ અને સુંદરતામાં મોટો ખર્ચ કરી વધારો કરવામાં આવ્યો છે અને લેખોની સામગ્રીમાં પણ વૃદ્ધિ થઇ છે, તે માટે **લેખકોનો આભાર** માનવામાં આવે છે અને સારા સારા અનેકવિધ સાહિત્યના ઉત્તમ ગ્રંથો વધારે ખર્ચ કરી માસિકની આવક કે કમાણીની દરકાર નહિ રાખતાં ગ્રાહકોને ભેટ અપાય છે.

---

૭. **સ્મારક ફંડો**-આ સભા હસ્તક શ્રીયુત્ મૂળચંદ નથુભાઇ કેળવણી ઉત્તેજન સ્મારક ફંડ, બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી સ્કોલરશીપ ફંડ, કેળવણી મદદ ફંડ, શ્રીયુત્ ખોડીદાસ ધરમચંદ નિરાશ્રિત મદદ ફંડો ચાલે છે, જેમાં તેના ઉદ્દેશ પ્રમાણે તે તે ખાતા તરફથી સ્કોલરશીપ વગેરે સહાયો દરવર્ષે અપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮. **જયંતિઓ**:-(૧) પ્રાતઃસ્મરણીય ગુરુરાજ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની જેઠ શુદ ૮ ના રાજ શ્રી સિદ્ધાચળજી ઉપર દરવર્ષે પૂજા ભણાવી દાદાજીની આંગી રચાવવામાં આવે છે તથા મેમ્બરોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવે છે. તેના કાયમી ખર્ચ માટે એક રકમ રાધનપુરવાળા શેઠ સકરચંદભાઇ મોતીલાલભાઇએ તેમના પિતાશ્રી **શેઠ મોતીલાલ મૂળજી**ના સ્મરણાર્થે આપેલ છે તેના વ્યાજમાંથી જયંતિ ઉજવવામાં આવે છે. (૨) પૂજ્યપાદ ગુરુવર્ય મૂળચંદજી મહારાજની જયંતિ માગશર વદિ ૬, (૩) શાંતમૂર્તિ શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની જયંતિ આસો શુદ ૧૦ના રોજ આ શહેરમાં દેવગુરુભક્તિ-પૂજા-સ્વામીવાત્સલ્ય વગેરેથી દરવર્ષે તે તે ખાતે આવેલી રકમના વ્યાજમાંથી સભા તરફથી ઉજવાય છે.

---

૯. **સભાની વર્ષગાંઠ**—દર વર્ષે જેઠ શુદ ૭ ના રોજ સભાના મકાનમાં પ્રભુ પધરાવી પૂજા ભણાવવા વિગેરેથી દેવગુરુભક્તિ કરવા સાથે **વોરા હઠીસંગભાઇ ઝવેરચંદે** આપેલી એક રકમના વ્યાજ, તેમજ તેમના તરફથી વધારાની કબૂલ કરાયેલ રકમના દરવર્ષે તેમના તરફથી આપવામાં આવતી વ્યાજની રકમવડે સ્વામીવાત્સલ્ય સહિત ઉજવવામાં આવે છે.

---

૧૦. **જ્ઞાનભક્તિ**—દરવર્ષે સભાના મકાનમાં જ્ઞાનપંચમીને દિવસે જ્ઞાન પધરાવી જ્ઞાનભક્તિ કરવામાં આવે છે.

---

૧૧. **આનંદમેલાપ**—દર બેસતે વર્ષે જ્ઞાનપૂજન કર્યા પછી આ સભાના પ્રમુખ **શેઠ ગુલાબચંદભાઇ આણંદજી** તરફથી આવેલ રકમના વ્યાજમાંથી સભાસદોને દૂધપાર્ટી આપવામાં આવે છે.

---

૧૨. **જૈન બંધુઓને મદદ**--મદદ આપવા યોગ્ય જૈન બંધુઓને, સભાને અમુક બંધુઓ તરફથી આવેલ રકમમાંથી સગવડ પ્રમાણે આર્થિક સહાય સભા આપે છે.

# મીટિંગોનો અહેવાલ.

## જનરલ મીટિંગ (૧)

### સં. ૧૯૯૬ના કારતક વદિ ૮ સોમવાર તા. ૪-૧૨--૩૯

(૧)પૂજ્ય મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ કારતક વદિ ૬ શનિવારના રોજ પાટણ શહેરમાં કાળધર્મ પામ્યા તેને માટે ખેદ જાહેર કરવામાં આવ્યો અને તેઓશ્રીના ગુણાનુવાદ કરતાં તથા તેમનો શિષ્ય ઉપરનો વાત્સલ્ય પ્રેમ, જ્ઞાનોદ્ધાર અને સાહિત્યસેવા વિ. બાબતની હકીકત જણાવતા દિલગીરી દર્શાવવાનો ઠરાવ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે મૂકયો જેને શાહ ચમનલાલ ઝવેરભાઇના ટેકાથી પસાર કરવામાં આવ્યો અને સભા તરફથી તે ઠરાવ પૂજ્યપાદ પ્રવર્તકજી મહારાજશ્રીને મોકલવા ઠરાવ કરવામાં આવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) તેઓશ્રીના પુણ્યકાર્ય નિમિત્તે શ્રી આત્માનંદ પ્રકાશમાં ફોટા સાથે નોંધ લેવી અને મોટા જિનાલયમાં પૂજા ભણાવવી તેમ ઠરાવવામાં આવ્યું.

## જનરલ મીટિંગ (૨)

સં. ૧૯૯૬ ના માગશર શુદ ૧૦ ગુરુવાર તા. ૨૧-૧૨-૩૯

(૧) આ સભાના માનનીય ઉપપ્રમુખ શેઠ નાનચંદ કુંવરજીનો સ્વર્ગવાસ થવાથી દિલગીરી વ્યક્ત કરવામાં આવી, અને તેમના ફોટા સાથે માસિકમાં નોંધ લેવાનું ઠરાવવામાં આવ્યું.

## મેનેજીંગ કમિટી (૧)

સં. ૧૯૯૬ ના મહા વદિ ૮ શુક્રવાર તા. ૧-૩-૪૦

(૧) સભાની પૂર્વ તરફની ડેલી રીપેર કરવા માટે રૂ. ૩૦૦) ની મંજૂરી આપવામાં આવી અને તે કામ માટે શેઠ અમૃતલાલ છગનલાલ અને ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસની કમિટી નીમવામાં આવી.

(૨) લાઇબ્રેરીના ધારાધોરણ છપાવવા માટે રૂ. ૧૫) ની મંજૂરી આપવામાં આવી.

(૩) સં. ૧૯૯૫ ની સાલનો રિપોર્ટ તથા સરવૈયું વાંચી પસાર કરવામાં આવ્યું, અને તે જનરલ મીટિંગમાં મૂકવાનું ઠરાવવામાં આવ્યું.

## મેનેજીંગ કમિટી (૨)

સં. ૧૯૯૬ ના મહા વદિ ૧૦ તા. રવિવાર ૩-૩-૪૦

(૧) મહા વદિ ૦)) ની અંદર પુસ્તકોનો તમામ સ્ટોક મેળવવાનું નક્કી કરવામાં આવ્યું.

## જનરલ મીટિંગ (૩)

સં ૧૯૯૬ ના મહા વદિ ૧૩ બુધવાર તા. ૬-૩-૪૦

(૧) રાવસાહેબ શેઠશ્રી કાંતિલાલભાઇ ઇશ્વરલાલ જે. પી.ની સિરિઝ તરીકે શ્રી આદિનાથ ચરિત્ર છપાય છે તે જાહેર કરવામાં આવ્યું.

(૨) લાઇબ્રેરીની વ્યવસ્થા ભાઇશ્રી કાંતિલાલ ભગવાનદાસ સારી રીતે રાખે છે તે જણાવવામાં આવ્યું.

(૩) અમેરિકન દર્શનશાસ્ત્રના અભ્યાસી ડૉ. પોલટન આ સભાની વિઝિટે આવ્યા હતા. સાથે શાહ દીપચંદ જીવણભાઇ હતા. તેઓએ લાઇબ્રેરી તથા જ્ઞાનભંડાર અને સાહિત્યપ્રકાશન જોઇ પોતાનો આનંદ વ્યકત કરવા સાથે સભાની પ્રશંસા કરી હતી.

(૪) રૂ. ૪૮૦૦) સભાના મકાન માટે મદદ ફંડમાં આવ્યા છે તેનો હવાલો સભા નિભાવ ફંડ ખાતે નાખી દેવાનું ઠરાવવામાં આવ્યું.

(૫) સં. ૧૯૯૫ ની સાલનો રિપોર્ટ તથા સરવૈયું વાંચી પસાર કરવામાં આવ્યું અને રિપોર્ટ સરવૈયું આત્માનંદ પ્રકાશમાં લેવાનું ઠરાવવામાં આવ્યું. અને આવતા વર્ષનું બજેટ મંજૂર કરવામાં આવ્યું.

(૬) નોકરો રાખવા સંબંધી મેનેજીંગ કમિટીને સત્તા આપવામાં આવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૭) અત્રેના શ્રીસંઘના શેઠ શ્રી ગિરધરલાલ આણંદજીનો સ્વર્ગવાસ થવાથી દિલગીરી દર્શાવવામાં આવી અને માસિકમાં નોંધ લેવા ઠરાવવામાં આવ્યું.

---

## મેનેજીંગ કમિટી (૩)

સં. ૧૯૯૬ ના ચૈત્ર શુદિ ૧૩ શનિવાર તા. ૨૦–૪–૪૦

(૧) સભાની વિશેષ ઉન્નતિ માટે વિચારણા કરવામાં આવી.

---

## જનરલ મીટિંગ (૪)

સં. ૧૯૯૬ ના ચૈત્ર શુદિ ૧૪ રવિવાર તા. ૨૧–૪–૪૦

(૧) સભાની કેટલીક વ્યવસ્થા માટે તથા બીજી વિચારણા કરવામાં આવી.

---

## જનરલ મીટિંગ (૫)

સં. ૧૯૯૬ ના વૈશાખ વદિ ૧૨ રવિવાર તા. ૨–૬–૪૦

આજે ઘણો વરસાદ હોવાથી તેને લીધે કોરમ ન થવાથી મીટીંગ મુલતવી રહી હતી.

---

## જનરલ મિટીંગ (૬)

સં. ૧૯૯૬ ના જેઠ શુદિ ૨ શુક્રવાર તા. ૭–૬–૪૦

કંઇપણ જાતનું કાર્ય કર્યા સિવાય કેટલાક વિચારોની આપ લે કરી મીટિંગ બરખાસ્ત થઇ હતી.

---

## જનરલ મીટિંગ (૭)

સં. ૧૯૯૬ ના જેઠ વદિ ૧૩ બુધવાર તા. ૩–૭–૪૦

(૧) સ્વ. મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજશ્રીનો આ સભા ઉપર અપ્રતિમ ઉપકાર છે, તેમના સ્મારક માટે પાટણમાં ફંડ થવાનું છે તેમાં સભાએ યોગ્ય ફાળો આપવાનો છે, તે માટે (૧) ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ (૨) શેઠ હરજીવનદાસ દીપચંદ (૩) શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. (૪) શેઠ અમૃતલાલ છગનલાલની એક કમિટી નીમવામાં આવી.

(૨) સભાના મકાનની ડેલી ઉપરના ભાગનું ચણતરકામ કરાવ્યું, તેના ડેલી ઉપરના ભાગમાં ઠેઠ છાપરા સુધી કરતાં તેમજ વધારે દેખાવ કરતાં થયેલ ખર્ચના, વધારાના રૂા. ૧૨૦૦) બારસેંહ મંજૂર કરવામાં આવ્યા.

(૩) શ્રી કાંતિલાલ ભગવાનદાસે લાઇબ્રેરીનું કાર્ય ઘણા જ ઉત્સાહ તથા પરિશ્રમપૂર્વક કર્યું છે, તે માટે સંતોષ જાહેર કરવામાં આવ્યો અને બીજી નીમણુંક થતાં સુધી લાઇબ્રેરીયન તરીકે ચાલુ રાખવાનું ઠરાવવામાં આવ્યું.

(૪) લાઇબ્રેરીના પુસ્તકો સં. ૧૯૯૦ના આસો વદિ ૦)) સુધીમાં જે મેમ્બરો પાસે લેણા રહ્યા હોય તે દિવાળી સુધીમાં ન મળે તો માંડી વાળવાનું ઠરાવવામાં આવ્યું.

(૫) મેનેજીંગ કમિટીની મંજૂરી સિવાય હાલના ત્રણ નોકરો જે છે તે સંખ્યામાં વધારો કરવો નહિ તેમ ઠરાવવામાં આવ્યું.

(૬) ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ, શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી.એ. અને શાહ કાંતિલાલ ભગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાનદાસ એ ત્રણે ભાઇઓની રીડિંગ–રૂમ અને લાઇબ્રેરીની સબ કમિટી નીમવામાં આવી ને તે બાબતમાં બજેટ મુજબ કાર્ય કરવા તેમને સત્તા આપવામાં આવી.

(૭) ઉગમણી બાજુના બે મકાનના માલેક સાથે જે મકાન સંબંધી વાંધો પડ્યો છે તે પતાવવાનું કામ શેઠ અમૃતલાલ છગનલાલ અને વકીલ ભાઇચંદભાઇ અમરચંદને સોંપવામાં આવ્યું.

(**નોટ:**—કારકુન નાનાચંદ તારાચંદે સભાના હિસાબમાં તથા પુસ્તકોમાં કેટલીક ભૂલો કરેલી તેથી તે બાબતનો નિકાલ કરવા સભાની તા. ૨૧–૪–૪૦ ની જનરલ મીટિંગે શેઠ ગુલાબચંદ આણંદજી તથા શેઠ ફતેહચંદ ઝવેરભાઇને સત્તા આપી હતી અને તેથી તેઓએ કારકુન નાનચંદની બાબતનો નિકાલ કર્યો છે અને તે જ તારીખની મીટિંગમાં નાનચંદને ફરીથી સભાની નોકરીમાં નહિ લેવા ઠરાવ કરેલ છે. સમાધાન બાબત વિગતવાર નોંધ સભાની પ્રોસીડિંગ બુકમાં રાખવામાં આવેલ છે.)

## મેનેજીંગ કમિટી (૪)

સં ૧૯૯૬ના આસો વદિ ૧૧ ને રવિવારના તા. ૨૭–૧૦–૪૦

(૧) વાર્ષિક મેમ્બરો પાસે જે લેણું બાકી રહે છે, તેમને એક માસની નોટ આપી લેણું વસુલ કરવું અને હવે પછી દરવર્ષે અગાઉ થી વસુલ કરવા ઠરાવવામાં આવ્યું.

(૨) હવે પછી મેનેજીંગ કમિટીની મંજૂરીથી નવા વાર્ષિક મેમ્બર દાખલ કરવા તેમ ઠરાવવામાં આવ્યું.

(૩) બીજા વર્ગના વાર્ષિક મેમ્બરોનો ક્લાસ ઘણા વખતથી બંધ કરવામાં આવ્યો છે, તે માટેની સૂચના તે વર્ગના જૂના મેમ્બરોને મોકલી તેમને પહેલા વર્ગના વાર્ષિક મેમ્બર થવા સૂચવવું.

(૪) રૂપીયા પાંચ ઉપરની કિંમતની બુક બહાર વાંચવા (ઘરે વાંચવા) ન આપવી તેમ ધારો છે, છતાં જો કોઇને ખાસ વાંચવા આપવાની જરૂરીયાત હોય તો તે બુક શાહ કાંતિલાલ ભગવાનદાસની લેખિત રજાથી આપવી તેમ ઠરાવવામાં આવ્યું.

(૫) રૂપીયા પાંચ ઉપરની સાતમા વર્ગની (માસિકોની ફાઇલો) બુક એક જ વાંચવા આપવી.

(૬) નવા નોકરો રાખવાની જામીનગીરી માટેનો નિર્ણય આવતી મીટિંગ ઉપર રાખવામાં આવ્યો.

**શ્રી વસુદેવ** હિંડિ પ્રથમ ખંડના પ્રથમ ભાગમાં આભારદર્શનના પેજમાં રૂા. ૧૨૦૦) શ્રી કપડવંજના શ્રી સંઘ તરફથી મળ્યા છે તેમ ભૂલથી છપાયેલ છે, તેને બદલે ત્યાંના શ્રી સંઘ તરફથી રૂા. ૬૦૦) મળ્યા છે તેમ જણાવવામાં આવ્યું.

## મનોરથો અને સુવર્ણ મહોત્સવની જરૂરીયાત અને વિનંતિ.

આ સંસ્થાનો સુવર્ણ મહોત્સવ (ગોલ્ડન જ્યુબીલી) પણ ઉજવવાનો સમય પણ હવે થયો છે. તે માંગલિક કાર્ય કરવા સભાસદ બંધુઓની ઉત્કટ ઇચ્છા થયેલી છે, તો પરમાત્મા અને ગુરુદેવની કૃપાથી તે મહોત્સવ પ્રસંગ ઉજવવાથી- જૈન સમાજ એનું મહત્વ સમજે, સભાનું ગૌરવ વધે, સમાજમાં સભા સમૃદ્ધ થઇ એવો ખ્યાલ દૂર કર્યા સિવાય, ચાલતા કાર્યોમાં વધારો અને બીજા સેવાના અનેક નવા કાર્યોનો વધારો કરવાની જરૂરીયાત સભા વિચારે, તે માટે સર્વની સહાય અને અધિષ્ઠાયક દેવોની કૃપાવડે તે કાર્ય સફળ નિવડો તેમ ઇચ્છીએ.

સભાનું વિશાળ પુસ્તકાલય મોટા પાયા ઉપર સમૃદ્ધ કરવા માટે, વિશાળ જૈન પ્રાચીન સાહિત્યનું પ્રકાશન તથા તેના બ્હોળા પ્રચાર માટે, અપૂર્વ જ્ઞાનમંદિર બનાવવા માટે, ઘણા જૈન વિદ્યાર્થીઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મ્હોટા પ્રમાણુમાં વિવિધ ભાષા, ઉદ્યોગ, હુન્નર વગેરેની કેળવણી લેતા થાય તે માટે સ્કોલરશીપ વગેરેથી સહાયક થવા વગેરે સભાનું ઘણું વિશાળ ક્ષેત્ર હજી ખેડવાનું બાકી છે, તે સન્મુખ રાખી સભાના સભ્ય તથા સહાયક થવા, પ્રાચીન સાહિત્ય પ્રકાશન અને જ્ઞાનમંદિરની પ્રગતિ માટે યોગ્ય મદદ આપવા, કેળવણી કે જેના વગર સમાજને ચાલી શકે તેવું નથી, સામાજિક ઉન્નતિને તે વગર વિકાસ નથી અને તે વગર સમાજની પ્રગતિ નથી વિગેરે માટે યોગ્ય લાગે તે માર્ગે ધનથી, વાણીથી, પ્રેરણાથી, સલાહથી સભાને સહકાર આપવા અને તેથી ભવિષ્યમાં તેને વિશેષ સમૃદ્ધ અને પ્રતિભાશાળી બનાવવા સમાજના દરેક બંધુઓને વિનંતિ કરીએ છીએ.

---

## આભાર-દર્શન.

વયોવૃદ્ધ શાંતમૂર્તિ પ્રાતઃસ્મરણીય પ્રવર્તકજી મહારાજ **શ્રી કાન્તિવિજયજી મહારાજ**ની અપૂર્વ કૃપા તો આ સભા સ્થાપન થઇ ત્યારથી છે. સભાના પ્રાચીન સાહિત્ય પ્રકાશનની શરૂઆત તેઓશ્રીની કૃપાવડે જ તેઓશ્રીના વિદ્વાન સુશિષ્યો મુનિરાજ **શ્રી ચતુરવિજયજી મહારાજ** તથા પ્રશિષ્ય મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી મહારાજ**દ્વારા ઘણા વર્ષોથી શરૂ થયેલ છે અને હજુ સુધી નિયમિત અનેક ગ્રંથાનું પ્રકાશન થયા કરે છે. અનેક સુંદર, શુદ્ધ, પ્રાચીન મૂળ વિવિધ સાહિત્યના ગ્રંથો સભા તરફથી પ્રગટ થયા કરે છે કે જેથી સભાની પ્રતિષ્ઠામાં ઘણી વૃદ્ધિ થઇ છે. તે માટે સભા એ ત્રણે મહાત્માઓની આભારી છે. શ્રી પ્રવર્તકજી મહારાજ જૈન સાહિત્ય ઉપર અપૂર્વ પ્રેમ ધરાવે છે. તેઓશ્રીના અપૂર્વ પ્રયત્નવડે વડોદરા અને છાણીના જૈન જ્ઞાનમંદિરા સુપ્રસિદ્ધ થયા છે. તેઓશ્રીનો સંગ્રહિત પ્રાચીન હસ્તલિખિત ગ્રંથસંગ્રહ, પૂર્વાચાર્યોના પત્રો અને ઐતિહાસિક લેખો, જૈન ચિત્રકળા વગેરેનો સંગ્રહ પણ આહ્લાદ ઉત્પન્ન કરે તેવો છે. પોતાના જીવનમાં પોતાના શિષ્ય–પ્રશિષ્યોના સહકારવડે લીંબડી, પાટણ વગેરેના જ્ઞાનભંડારો તપાસી તેને નવું જીવન આપ્યું છે. વગેરે બાબતોથી તો જૈન સમાજ ઉપરનો તે ઉપકાર નહિં ભૂલી શકાય તેવો છે. જૈનસમાજને પણ તે ગૌરવ લેવા જેવો વિષય છે. આ સભાના તો તેઓ શિરછત્રરૂપ છે. સભાની ઉન્નતિમાં આ ગુરુરાજનો મોટો ફાળો છે.

વળી આચાર્ય **શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજ કે જેઓશ્રીએ શ્રાવક, શ્રાવિકા ક્ષેત્રને ઉન્નત બનાવવા સ્થળે સ્થળે મુંબઇ, સાદડી, વરકાણા, ઉમેદપુર, લાહોર વગેરે પંજાબના શહેરોમાં ધાર્મિક કેળવણીની જૈન સંસ્થાઓ, જૈન હાઇસ્કુલો, કોલેજોનો અનેક પ્રયત્નો અને ઉપદેશદ્વારા જન્મ આપ્યો છે, જેથી અનેક જૈન વિદ્યાર્થીઓ ઉચ્ચ કેળવણી પામ્યા છે-હજી પણ લે છે, તે માટે જૈન સમાજ ઉપર તેઓશ્રીનો મહદ્ ઉપકાર છે. આ સભા ઉપર પણ પ્રથમથી નહિં ભૂલી શકાય તેવો ઉપકાર છે. તેઓશ્રીની આજ્ઞા, સૂચના, સલાહ, કિંમતી થઇ પડ્યા છે, તેટલું જ નહિં પરંતુ સભાએ ગુરુસેવા માટે કરેલ વિનંતિનો સ્વીકાર તો તરતજ કરવાથી સભાની પ્રગતિમાં તેઓશ્રીનો અપરિમિત ફાળો છે અને સાહિત્ય પ્રકાશન ખાતામાં પણ તેઓશ્રીનો પ્રયત્ન અને ઉપદેશ અપરિમિત છે જેથી આ સભા તે મહાત્માનો પણ આભાર ભૂલી શકે તેમ નથી.

સિવાય આ વર્ષમાં સભાના ચાલતા કોઇ કાર્યમાં આર્થિક કે બીજી કોઇપણ પ્રકારની સહાય આપનાર જૈન બંધુઓનો તેમજ "શ્રી આત્માનંદ પ્રકાશ"ને માટે પણ લેખો વગેરેથી સહકાર આપનાર મુનિમહારાજાઓ તથા જૈન બંધુઓનો આભાર માનવામાં આવે છે અને પરમાત્માની પ્રાર્થના કરી આ રિપોર્ટ સમાપ્ત કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સભાનું વહીવટી ખાતું.

( સં. ૧૯૯૬ ના કારતક શુદિ ૧ થી આસો વદિ ૦)) સુધી. )

## ૧. શ્રી સભા નિભાવ ફંડ (સાધારણ ખાતું. )

| જ | ઉ |
|---|---|
| ૭૦૧) બાકી દેવા હતા તે. | ૫૨૦) આ વરસના ખર્ચના રૂા. ૧૧૪૧ાાના માંથી હવાલો. |
| ૫૧) શાહ નાનાલાલ હરિચંદ ભેટ. | ૬૪૭૦) બાકી દેવા રહ્યા. |
| ૧૪૦૬) લાઇફ મેમ્બર તથા પેટ્રન સ્વર્ગવાસ પામતાં હવાલો. | ૬૯૯૦) |
| ૩૨) વ્યાજ. | |
| ૪૮૦૦) શ્રી આત્માનંદ ભુવન ખાતે મદદના ઘણા વરસો પહેલાં સાધારણ ખાતે મળેલા તે હવાલો. | |
| ૬૯૯૦) | |

## ૨. સભાસદોની ફી ખાતું (સાધારણ ખાતું).

| જ | ઉ |
|---|---|
| ૧૦૬ા~ બાકી દેવા હતા. | ૪૬૩ાા આત્માનંદ પ્રકાશ મેમ્બરોને ભેટ ખર્ચ. |
| ૧૩૦ાા વાર્ષિક મેમ્બર ફી. | ૫૯ાા મેમ્બરોની ફી માંડી વાળી. |
| ૧૦૮૯) લાઇફ મેમ્બર તથા પેટ્રન ફીના વ્યાજના. | ૬૨૦ાા~ ખર્ચ રૂા. ૧૧૪૧ાાના માંથી હવાલો. |
| ૧૩૨૫ાા~ | ૧૧૪૩ાા~ |
| | ૧૮૨) બાકી દેવા રહ્યા. |
| | ૧૩૨૫ાા~ |

## ૩. શ્રી પેટ્રન ફી ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૪૫૦૧) બાકી દેવા હતા. | ૫૦૧) શાહ નાનાલાલ હરિચંદનો સ્વર્ગવાસ થતાં હવાલો. |
| ૪૫૦૧) | ૪૦૦૦) બાકી દેવા રહ્યા. |
| | ૪૫૦૧) |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૪. પહેલા વર્ગના લાઇફ મેમ્બર ફી ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૦૪૦૧) બાકી દેવા હતા. | ૬૦૦) મેમ્બર ૬ સ્વર્ગવાસ પામતા હવાલો સભા નિભાવ ફંડમાં. |
| | ૯૮૦૧) દેવા રહ્યા. |
| ૧૦૪૦૧) | ૧૦૪૦૧) |

## ૫. બીજા વર્ગના લાઈફ મેમ્બર ફી ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૦૯૦૧) બાકી દેવા હતા. | ૩૦૪) મેમ્બર સ્વર્ગવાસી થતાં હવાલો સભા નિભાવ ફંડ ખાતે. |
| ૪૫૪) નવા મેમ્બર ૯ થયા. | ૧૧૦૫૧) દેવા રહ્યા. |
| ૧૧૩૫૫) | ૧૧૩૫૫) |

## ૬. ત્રીજા વર્ગના લાઇફ મેમ્બર ફી ખાતું (ફક્ત માસિકના ગ્રાહક).

| જ | ઉ |
|---|---|
| ૨૨૫) બાકી દેવા હતા તે બાકી દેવા છે. (આ વર્ગ હાલ બંધ કરેલ છે.) | |

## ૭. શ્રી આત્માનંદ ભુવન મકાન ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૬૦૦) ભાડુ આવ્યું. | ૨૨૭૨૯॥।= બાકી લેણા હતા. |
| ૨૪૬૫૦। બાકી લેણા રહ્યા. | ૨૫૨૦।= ડેલી રીપેર કરાવી તેના ખર્ચના તથા વ્યાજના તથા વીમા ખર્ચ વિગેરે. |
| ૨૫૨૫૦। | ૨૫૨૫૦। |

## ૮. શ્રી આત્માનંદ ભુવનની ઉત્તર બાજુના નવા મકાનનું ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૫૬) ભાડુ આવ્યું. | ૩૯૩૦।= બાકી લેણા હતા. |
| ૩૯૭૬)= બાકી લેણા રહ્યા. | ૨૪।= વીમો. |
| | ૧૭૭।= વ્યાજ. |
| ૪૧૩૨)= | ૪૧૩૨)= |

For Private And Personal Use Only

## ૯. શ્રી સાધારણ ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૭૨ાાા≈ાાા | બાકી દેવા હતા. | ૧૬) | પહોંચ બુક છપાઇ વિગેરે. |
| ૨૪૧)≡ | પુસ્તકો વેચાણના હાંસલમાંથી ¼ | ૦ાાા-ાાા | ખર્ચખાતામાંથી હવાલો. |
| ૩૧૪)-ાાા | | ૧૬ાાા-ાાા | |
| | | ૨૯૭ા | બાકી દેવા રહ્યા. |
| | | ૩૧૪)-ાાા | |

## ૧૦. શ્રી મૂળચંદભાઇ સ્મારક ફંડ ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૪૮૭) | બાકી દેવા હતા રૂ. ૧૦૦૦ ના બોંડ છે તે ઉપરાંત. | ૬૧) | સ્કોલરશીપ આપી. |
| ૭૨ાા | વ્યાજ. | ૪૯૮ાા | બાકી દેવા. |
| ૫૫૯ાા | | ૫૫૯ાા | |

## ૧૧. શ્રી બોડીદાસભાઇ સ્મારક ફંડ ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૩૦૧) | બાકી દેવા હતા રૂ. ૧૦૦૦)ના બોંડ છે તે ઉપરાંત. | ૩૫) | ગરીબને મદદ. |
| ૬૫) | વ્યાજ. | ૩૩૧) | બાકી દેવા રહ્યા. |
| ૩૬૬) | | ૩૬૬) | |

## ૧૨. શ્રી જ્ઞાન ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૭ા≡ | કારતક શુદ ૧ જ્ઞાનપૂજનના. | ૮૨૩૬ા≈ | લેણા હતા તે. |
| ૮) | કારતક શુદ ૫ જ્ઞાનપંચમી પૂજનના. | ૫ા- | કારતક શુદિ ૫ ખર્ચ. |
| ૨૫ા= | ખોખા પસ્તી વિ. ના. | ૫૧) | સભાના જુના મકાનનું ભાડુ. શેઠ ડો+અ ને. |
| ૨-) | વખારભાડાના ઉપજ્યા. | ૪૨ા | લાકડાના ઘોડા ખર્ચ. |
| ૬૯૩)≡ાા | પુસ્તકવેચાણના હાંસલનું ¾ | ૨૦)-ાા | પરચુરણ મજુરી વિગેરે. |
| ૨૪) | શ્રી વલ્લભદાસ હથુ ભેટ. | ૧૩૫) | વીમો. |
| ૫૪૦ાાા≡ાાા | વ્યાજનો વધારો. | ૭૪)= | સં. ૧૯૯૫ રિપોર્ટ છપામણી. |
| ૫૩૭ા- | કેટલાક ખાતા માંડી વાળતા. | ૧૭૪ાાા≡ાા | માસિક વર્તમાન પેપર ખર્ચ. |
| ૧૮૫૬ાા-ા | | | |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૮॥≋॥ સરવૈયા ફેરની ભૂલ નીકળે તે આ ખાતે ઉધરશે.

૧૮૮૫॥૦॥

૮૮૨૮॥≈। બાકી લેણા રહ્યા.

**૧૦૭૧૪)≋**

૧૦૮।– લાઇબ્રેરીને માટે પુસ્તક ખરીદ કર્યા.
૧૨૫) ઉજમબાઇ જૈન કન્યાશાળાને મદદ.
૫૦૫)–॥ આત્માનંદ પ્રકાશ પુ. ૩૭ ખાતે ખોટના.
૩૦૧॥।≈ ફી ઓફ નોલેજનું ભાષાન્તર કરાવવાનો ખર્ચ.
૮૭॥≈। પુસ્તક ભેટ.
૮૪૭)≈ પુસ્તકોની ઘટ.
૨૩૯)≈ સિરિઝ.
૬૦૮) પુસ્તક વેચાણ ખાતામાં ઘટી.
૦) બીજા પુસ્તકોની ઘટ સંસ્કૃત સિરિઝમાં ઉધારી છે.

**૧૦૭૧૪)≋**

## ૧૩. શ્રી આત્માનંદ પ્રકાશ પુ. ૩૭ નું ખાતું.

જ

૧૦) જાહેર ખબરના સં. ૧૯૯૫
૬૧૭)≈ લવાજમના.
૫+૬૧૨)≈
૪૬૩॥ મેમ્બરને ભેટનો હવાલો.
૫૦૫)–॥ પુ. ૩૭ ની ખોટ.

**૧૫૯૫॥≋॥**

ઉ

૬૪૬॥ છપાઇ. ૧૮૦॥+૪૬૬)
૫૦૩।– કાગળ. ૧૧૦॥≈॥+૩૯૨॥≈॥
૧૬૭)૦। પોસ્ટ ખર્ચ. ૪૬।≋+૧૨૦॥–।
૧૪॥≈ ફોટો–બ્લોક. ૫॥+૯॥≈
૧૩॥–॥ પરચુરણ ખર્ચ રેપર વિ.
૨૬) પ્રૂફ ૮)+૧૮)
૧૦) કવિ રેવાશંકરભાઇને.
૯॥≈॥ પત્ર ખર્ચ ૯)≋॥+૦।≈॥
૧૪૦)≋ ભેટની બુક બે પ્રતિક્રમણના.
૬૪॥– વી. પી. પાછાનો ખર્ચ.

**૧૫૯૫॥≋॥**

## ૧૪. શ્રી આત્માનંદ પ્રકાશ પુ. ૩૮ નું ખાતું.

જ

૧૯૧॥≈। બાકી દેવા. તેનો બીજો ખર્ચ સં. ૧૯૯૭ માં ઉધરશે.
૫૮૨) લવાજમના આવ્યા.
૭
૩૯૦।–॥

**૧૯૧॥≈।**

ઉ

૧૬૪॥≈ છપામણી અંક ૧-૨-૩ ના.
૧૪૪) કાગળ.
૧૪॥૦॥ ટપાલ ખર્ચ.
૪૦॥।– ટિકિટ.
૨૨)≋ બ્લોક.
૪)≋ પરચુરણ ખર્ચ.

**૩૯૦।–॥**

For Private And Personal Use Only

## સં. ૧૯૯૬ ના આસો વદિ ૦)) સુધીનું સરવૈયું.

**જ**

| | |
|---|---|
| ૧૦૬૨૮ાા | જ્ઞાન ખાતું-પુસ્તક છપાવવા ખાતું. |
| ૧૯૧ાા≈ા | શ્રી આત્માનંદ પ્રકાશ પુ. ૩૮ ખર્ચ સં. ૧૯૯૭ માં ઉધરશે. |
| ૨૧૬૮૩) | સિરિઝના ખાતાઓ. |
| ૧૩૯૦ાા≋ાા | બુકસેલર તથા છાપખાનાના દેવા. |
| ૬૪૭૦) | સભા નિભાવ ફંડ ખાતું. ૧૯૭૦)-૪૫૦૦) |
| ૨૫૦૭૮) | લાઇફ મેમ્બર, પેટ્રન વિગેરે. ૪૦૦૧)-૯૮૦૧)-૧૧૦૫૧)-૨૨૫) |
| ૧૮૨) | મેમ્બર ફી ખાતું. |
| ૨૯૭ા | સાધારણ ખાતું. |
| ૧૧૬૩૬)~ | જયંતિ વિગેરે ખાતા. |
| ૪૯૮ાા | શ્રી મૂળચંદભાઇ સ્મારક ફંડ. |
| ૩૩૧) | શ્રી ખોડીદાસ સ્મારક ફંડ. |
| ૧૫૧૭) | ઉજમબાઇ જૈન કન્યાશાળા. |
| ૬૧૦૧)~ાા | શરાફી વિગેરે દેવું- ૮૨૨)≈-૪૫૨૫ાા≈-૨૦૨ાાા~ા ૫૫૦ાા૦ા |
| ૮૬૦૦૪ાાા૦ાા | |

**ઉ**

| | |
|---|---|
| ૮૮૨૮ાાા≈ા | જ્ઞાન ખાતે લેણા. |
| | ૪૦૫૧) કબાટ વિ. ડેડ સ્ટોક. |
| | ૪૭૭૭ાાા≈ા લાઇબ્રેરીના પુસ્તકોનો ખર્ચ તથા આત્માનંદ પ્રકાશની ખોટ વિગેરે. |
| | ૮૮૨૮ાાા≈ા |
| ૧૦૨૫૨ા~ | પુસ્તકો ખાતે લેણા. |
| ૯૫૧૬ાાા≈ાા | સિરિઝના પુસ્તકો પરાંત. |
| ૩૭૨૮)≈ાા | છાપખાના તથા બુકસેલર ખાતે. |
| ૨૮૮૨૮ા≈ | મકાન ખાતું (બે મકાન) |
| ૨૩૮૯૯ાા | શરાફી ખાતું- |
| | ૧૩૦૦૦) ભાવનગર સ્ટેટ બોન્ડ. |
| | ૩૦૦૦) બેન્કમાં ફીકસ્ડ ડીપોઝીટ |
| | ૫૨૬૨ાાા≈ સેવીંગ્સ ખાતે બેન્કોમાં. ૮૫૦ાાા≈-૨૬૯૩ા~ |
| | ૧૭૧૮ાા≋ |
| | ૨૬૩૬ાા≈ શરાફ વિ. પાસે લેણા. |
| | ૨૩૮૯૯ાા |
| ૮૮૭)≋ | મેમ્બરો પાસે તથા પરચુરણ ખાતામાં. ૭૦૪ા-૧૮૨ાાા≋ |
| ૬૩ા≋ા | શ્રી પુરાંત આસો વદિ ૦)) |
| ૮૬૦૦૪ાાા૦ાા | |

શ્રી જ્ઞાનખાતાનો ડેડ સ્ટોક રૂા. ૪૦૫૧) તથા શ્રી સાધારણ ખાતાનો ડેડ સ્ટોક રૂા. ૯૫૦) નો મળી કુલ રૂા. ૫૦૦૧) નો છે, જે તમામ વિગત સાથે સં. ૧૯૯૬ ની ખાતાવહીના ચોપડાના પૂંઠે લખાયેલ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧. શાહ જયંતિલાલ માનચંદ | ભાવનગર | લાઇફ મેમ્બર |
| ૨. શાહ બાલુભાઈ પ્રેમચંદ | ,, | ,, |
| ૩. શાહ જશવંતરાય મૂળચંદ | ,, | ,, |
| ૪. શાહ પ્રેમચંદ ત્રિભોવનદાસ | ,, | ,, |
| ૫. શાહ નાગરદાસ પ્રાગજીભાઈ (પાલીતાણાવાળા)–અમદાવાદ | | ,, |

# નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવ સ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર તથા રત્નાકર પચ્ચીશી અને બે યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આપેલ છે. ઊંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ, સુશોભિત બાઈંડીંગ અને શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને બે પૂજ્યપાદ ગુરુ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિ નિમિત્તે સાથે આપવામાં આવેલ છે. કિંમત માત્ર રૂા. ૦–૪–૦ ચાર આના તથા પોસ્ટેજ રૂા. ૦–૧–૩ મળી મંગાવનારે રૂા. ૦–૫–૩ ની ટિકિટો એક બુક માટે મોકલવી.

# કર્મગ્રંથ ભાગ ૧–૨ સંપૂર્ણ.

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત-પ્રથમ ભાગ રૂા. ૨–૦–૦**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪–૦–૦**

આ છ કર્મગ્રંથો બીજી સંસ્થાએ પ્રથમપ્રકટ કરેલા હતા, જે પોતાની તે આવૃત્તિના સંપાદનમાં શુદ્ધિપત્રક આપ્યાં છતાં તેમાં ઘણી વિશિષ્ટ અશુદ્ધિઓ રહી ગયેલ, જેનું શુદ્ધિપત્રક એ ગ્રંથો છપાયા પછી કેટલીક મુદત પછી તેમણે આપેલું તેમ છતાં પણ કેટલીક અશુદ્ધિ રહી ગયેલી, તેનું સંશોધન અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષે આ બંને ગ્રંથોમાં કર્યું છે જે હકીકત પ્રસ્તાવનામાં જણાવેલ છે.

સિવાય વિષયો ઉપરાંત, ટીકાકાર મહારાજે ટીકામાં ઉદ્ધરેલા શાસ્ત્રીય પ્રમાણોના સ્થાનદર્શક સંકેતો, સંશોધન કરતી વખતે સંગ્રહ કરેલી પ્રતોના નામો, પ્રમાણ તરીકે ઉદ્ધરેલ પ્રમાણગ્રંથોની સ્થાનદર્શક સૂચિ, કયા કર્મગ્રંથમાં શું શું વિષયો આવેલા છે તેની ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોષ, શ્વેતાંબરીય કર્મતત્ત્વ વિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે. તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટ્રીક કાગળો ઉપર સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂા. ૬–૦–૦. પોસ્ટેજ જુદું.

લખો—**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## નીચેના પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથોની ઘણી અલ્પ નકલો જ સિલિકે છે, જેથી જલદી મંગાવવા સૂચના છે.

| | | | |
|---|---|---|---|
| (૧) વસુદેવ હિંડિ પ્રથમ ભાગ | રૂ. ૩-૮-૦ | (૬) બૃહત્કલ્પસૂત્ર ભા. ૪ થો | રૂ. ૬-૪-૦ |
| (૨) ,, દ્વિતીય ભાગ | રૂ. ૩-૮-૦ | (૭) ,, ભા ૫ મો | રૂ ૫-૦-૦ |
| (૩) બૃહત્કલ્પસૂત્ર ભા. ૧ લો | રૂ. ૪-૦-૦ | (૮) શ્રી દેવેન્દ્રસૂરિકૃત ચાર કર્મગ્રંથ | રૂ. [illegible]-૦-૦ |
| (૪) ,, ભા. ૨ જો | રૂ. ૬-૦-૦ | (૯) બીજો ભાગ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ | રૂ. ૪-૦-૦ |
| (૫) ,, ભા. ૩ જો | રૂ. ૫-૮-૦ | | |

(૧૦) ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૧ લું પ્રતાકારે તથા બુકાકારે રૂ. ૧-૮-૦

---

## ગુજરાતી ગ્રંથો.

નીચેના ગુજરાતી ભાષાના કથાના સુંદર પુસ્તકો પણ સિલિકે ઓછા છે. વાંચવાથી આહ્લાદ ઉત્પન્ન કરે તેવા છે. મનુષ્ય સંસ્કારી, ચારિત્રવાન બનતાં આત્મકલ્યાણ સાધી શકે છે. મંગાવી ખાત્રી કરો. બધા પુસ્તકો સુંદર અક્ષરોમાં સુશોભિત કપડાંના પાકા બાઇન્ડીંગથી અલંકૃત અને કેટલાક તો સુંદર ચિત્રો સહિત છે.

| | | | |
|---|---|---|---|
| (૧) શ્રી ચંપકમાળા ચરિત્ર | રૂ. ૦-૮-૦ | (૧૨) શ્રી વિમલનાથ ચરિત્ર | રૂ ૧-૧૨-૦ |
| (૨) શ્રી સમ્યક્ત્વ કૌમુદી | રૂ. ૧-૦-૦ | (૧૩) શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | રૂ ૧-૧૨-૦ |
| (૩) શ્રી ઉપદેશ સપ્તતિકા | રૂ. ૧-૦-૦ | (૧૪) સુકૃતસાગર (પૃથ્વીકુમાર ચરિત્ર) | રૂ ૧-૦-૦ |
| (૪) સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | રૂ. ૧-૦-૦ | (૧૫) શ્રી પ્રભાવક ચરિત્ર | રૂ ૨-૮-૦ |
| (૫) શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર | રૂ. ૨-૦-૦ | (૧૬) શ્રીપાળરાજાનો રાસ સચિત્ર અર્થ સહિત સાદું પૂંઠું | રૂ ૨-૦-૦ |
| (૬) શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો | રૂ. ૨-૦-૦ | ,, રેશમી પૂંઠું | રૂ ૨-૮-૦ |
| (૭) ,, ભા. ૨ જો | રૂ ૨-૮-૦ | (૧૭) સતી સુરસુંદરી ચરિત્ર | રૂ ૧-૮-૦ |
| (૮) આદર્શ જૈન સ્ત્રી રત્નો | રૂ. ૨-૦-૦ | (૧૮) શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | રૂ ૦-૨-૦ |
| (૯) શ્રી દાનપ્રદીપ | રૂ. ૩-૦-૦ | (૧૯) ,, સોળમો ઉદ્ધાર | રૂ ૦-૪-૦ |
| (૧૦) કુમારપાળ પ્રતિબોધ | રૂ ૩-૧૨-૦ | (૨૦) શ્રી તીર્થંકર ચરિત્ર | રૂ ૦-૧૦-૦ |
| (૧૧) જૈન નરરત્ન ભામાશાહ | રૂ ૨-૦-૦ | (૨૧) શ્રી મહાવીર ચરિત્ર | રૂ ૩-૦-૦ |

## તૈયાર થતાં-છપાતાં ગ્રંથો.

(૧) બૃહત્કલ્પસૂત્ર ભા. ૬ ઠ્ઠો. (૨) કથારત્ન કોષ શ્રી દેવભદ્રસૂરિકૃત (૩) શ્રી નિશીથચૂર્ણિ સૂત્ર ભાષ્ય સહિત (૪) વસુદેવ હિંડિ ભા. ૩ જો (૫) શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૨-૩-૪-૫-૬ સાથે (૬) શ્રી મલયગિરિ વ્યાકરણ.

## તૈયાર થતાં ગુજરાતી ગ્રંથો.

(૧) શ્રી આદિનાથ ચરિત્ર (શ્રી પદ્માનંદ મહાકાવ્ય) (૨) શ્રી સંઘપતિ ચરિત્ર.

( આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર. )

For Private And Personal Use Only